દૈનિક મુંબઈ સમાચાર

૨૦૫ વર્ષ

મધ્ય ગુજરાત આવૃત્તિ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 231 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ વદ-૫ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 1 October 2026, Thursday ■ REGD.No. MCS/058/2018-20

ગુરુવાર, ૧ ઑક્ટોબર ૨૦૨૬, (૧૧ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦



લાડકી પૂર્તિ ૫ ૬ ૭



LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# ૯/૧૧ના રી-રનનો કારસો ભારતીય પાઈલટે નિષ્ફળ બનાવ્યો

## દુબઈથી નીકળેલી તેલ અવીવ જતી ફ્લાઈટને ઇઝરાયલી યુદ્ધવિમાનોના એસ્કોર્ટ સાથે સઉદીમાં તાકીદનું ઉતરાણ: ઓમાનના કો-પાઈલટનું કાવતરું હોવાનો દાવો: ષડ્યંત્રને અટકાવવા ભારતીય પાઈલટની કોપાઈલટ સાથે મારામારી: બંને પાઈલટ હૉસ્પિટલમાં

દુબઇ: અહીંથી નીકળેલી ઇઝરાયલના તેલ અવીવ જતી ફ્લાઇદુબઇ ફ્લાઇટ એફઝેડ૧૦૭૩ને કોઇ સ્થળે અથડાવીને ૯/૧૧નું પુનરાવર્તન કરવાનો પ્રયાસ ભારતીય પાઇલટે નિષ્ફળ બનાવ્યો હોવાનું કહેવાય છે.

ફ્લાઇટના બન્ને પાઇલટ (એક ભારતીય અને બીજો ઓમાનનો નાગરિક) વચ્ચે મારામારી થતાં બન્ને ઘાયલ થયા હતા અને આ વિમાનને કોઇ મુસાફરની સહાયથી સઉદી અરેબિયામાં ઉતારાયું હતું એમ કહેવાય છે.

ભારતીય પાઇલટે આ ફ્લાઇટને કોઇ સ્થળે અથડાવવાનો ઓમાનના સાથી પાઇલટનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હોવાનું કહેવાય છે.

ભારતીય પાઇલટે વિમાનમાંના ઇઝરાયલી પ્રવાસીઓની મદદથી ઓમાનના 'ત્રાસવાદી પાઇલટ'ને પકડવામાં સફળતા મેળવી હતી.

ઇઝરાયલે દાવો કર્યો હતો કે દુબઈથી તેલ અવીવ જતી ફ્લાઇટ દ્વારા 'ત્રાસવાદી હુમલા'નો પ્રયાસ કરાયો હતો અને તેમાં બન્ને પાઇલટ વચ્ચે મારામારી થતાં ફ્લાઇટને અન્ય માર્ગે વાળીને સઉદી અરેબિયામાં તાકીદે ઉતારવામાં આવી હતી.

બન્ને પાઇલટ ઘાયલ થયા હોવાથી તેઓને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા.

ઇઝરાયલના સંરક્ષણ પ્રધાન ઇટમાર બેન-ગવીરે દાવો કર્યો હતો કે 'ત્રાસવાદી' ફ્લાઇદુબઇની એફઝેડ૧૦૭૩ ફ્લાઇટને કોઇ સ્થળે અથડાવીને ઇઝરાયલના નાગરિકોને મારવા માગતો હતો.

ફ્લાઇટ હાઇજેક થવાની આશંકા પેદા થઈ હતી. જેના કારણે ઇઝરાયલે




ફાઇટર જેટ મોકલ્યા હતા. ફ્લાઇટમાં ૧૫૦થી વધુ ઇઝરાયલી મુસાફરો હતા. કોમર્શિયલ ફ્લાઇટને બુધવારે સઉદી અરેબિયામાં ઇમર્જન્સી લેન્ડિંગ કરવાની ફરજ પડી હતી જેના કારણે હાઇજેક થવાની આશંકા વધી ગઈ હતી અને ઇઝરાયલે તેના ફાઇટર જેટ મોકલ્યા હતા.

ઇઝરાયલી મીડિયાએ સુરક્ષા અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે આ ઘટના વિમાનના બે પાઇલટ્સ વચ્ચેના વિવાદને કારણે બની હતી. બધા જ મુસાફરો સુરક્ષિત હતા. વિમાન સાઉદી અરેબિયાના તાબુકમાં ઉતર્યું હતું, જ્યાં નાગરિક અને લશ્કરી બંને એરપોર્ટ છે.

'ફ્લાયદુબઇ'ના વિમાને ઉડાણ ભરી તેની થોડી મિનિટોમાં ઇમર્જન્સી સિગ્નલ મોકલવામાં આવ્યું હતું. આ જાણકારી સાર્વજનિક રીતે ઉપલબ્ધ ફ્લાઇટ મોનિટરિંગ ડેટા સંબંધિત આંકડાઓ પરથી જાણવા મળી આવી છે.

આમ છતાં, ઇઝરાયલના વડા પ્રધાનની ઑફિસના પ્રવક્તા ડોરોન સ્પિલમેને શરૂઆતમાં આ ઘટના અપહરણની નહિ હોવાનો દાવો કર્યો હતો અને તેને 'અલગ પ્રકારની ઘટના' ગણાવી હતી.

અગાઉ, ઇઝરાયલના બે અધિકારીએ પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે જણાવ્યું હતું કે અમે માનીએ છીએ કે આ ઘટનામાં 'ત્રાસવાદી હુમલો' કરવાની કોશિશ કરાઇ હતી. આ ફ્લાઇટના બન્ને પાઇલટની માનસિક સ્થિતિ ખરાબ હોવાનો સવાલ જ ઊભો નથી થતો.

સંયુક્ત આરબ અમીરાતના દુબઇથી ફ્લાઇદુબઈ ફ્લાઇટમાં (જુઓ પાનું ૨) ▸▸

# ભારતને બુધવાર ફળ્યો, એશિયન ગેમ્સમાં ચાર ગોલ્ડ મેડલ મળ્યા










નાગોયા: જાપાનની એશિયન ગેમ્સમાં ગઈ કાલે સવારે તેલંગણાની ૨૧ વર્ષીય તીરંદાજ ચિકિતા રાવ તનિપર્થીએ ઉપરાઉપરી બે ગોલ્ડ મેડલ પર કબજો કર્યો ત્યાર પછી મંગળવારની ગોલ્ડન ગર્લ નીરુ ઢાંડાએ શૂટિંગમાં બીજો ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. તેના ઉપરાંત મહારાષ્ટ્રના તીરંદાજ સાહિલ જાધવે પણ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ટૂંકમાં, ગઈ કાલે બપોર સુધીમાં ભારતે એક જ દિવસમાં ચાર ગોલ્ડ મેડલ જીતી લીધા હતા.

નીરુની જેમ સાહિલનું નામ પણ બે સુવર્ણચંદ્રક પર અંકિત થયું છે. ૧૨મા દિવસે ભારત ૧૦ ગોલ્ડ, ૨૧ સિલ્વર અને ૨૯ બ્રૉન્ઝ સહિત કુલ ૬૦ ચંદ્રક સાથે આઠમા સ્થાને હતું.

ચિતિકાએ જ્યોતિ તથા પ્રીતિકા સાથે ટીમ-ગોલ્ડ તેમ જ સાહિલ સાથે મિક્સ્ડ ઇવેન્ટનો ગોલ્ડ મેળવ્યો હતો. નીરુએ કીનાન ચેનાઇ સાથેની જોડીમાં નિશાનબાજીનો ગોલ્ડ મેળવ્યો, જ્યારે સાહિલે કુશાલ દલાલ અને મણિરત્ન સાથે મળીને આર્ચરીનો ગોલ્ડ મેળવ્યો હતો. ભારતે ગઈ કાલે ત્રણ બ્રૉન્ઝ મેડલ પણ જીતી લીધા હતા.

# ફટાકડા પર સંપૂર્ણ પ્રતિબંધ ન મૂકો: સુપ્રીમ કોર્ટ

## જો કે ફટાકડા આખો દિવસ ફોડવા નહિ દો એવો આદેશ પણ આપ્યો

નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ નહિ મૂકવા અને તેની સાથે આખો દિવસ ફટાકડા ફોડવા નહિ દેવા બુધવારે આદેશ આપ્યો હતો.

સર્વોચ્ચ અદાલતે જણાવ્યું હતું કે ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાથી લોકોની લાગણી દુભાશે. અમે ફટાકડા ફોડવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવાની વિરુદ્ધ છીએ. આ સાથે આખો દિવસ પણ ફટાકડા ફોડવા નહિ દેવા જોઇએ.

ન્યાયાધીશ એમ. એમ. સુંદરેશ અને ન્યાયાધીશ પી. બી. વારલેની બૅન્ચે જણાવ્યું હતું કે ફટાકડા દિવસમાં ચોક્કસ સમયે જ ફોડવા દેવા જોઇએ. આખો દિવસ ફટાકડા ફોડવાથી વૃદ્ધો, બીમાર લોકો અને બાળકો (જુઓ પાનું ૨) ▸▸

# ઘઉં, કઠોળ, તેલીબિયાંના લઘુતમ ટેકાના ભાવ વધારાયા

## ૧૩૫ ગિગાવૉટ અક્ષયઊર્જા માટે ૧.૮૬ લાખ કરોડ રૂપિયાની યોજના પણ કેન્દ્રીય કેબિનેટે મંજૂર કરી

નવી દિલ્હી: કેન્દ્રે ૨૦૨૭-૨૮ની રવી (શિયાળુ) પાકની મોસમ માટે ઘઉં, કઠોળ અને તેલીબિયાના ટેકાના ભાવ વધારવાની તેમ જ ૧૩૫ ગિગાવૉટ અક્ષયઊર્જાના વહન માટે પચાસ ગિગાવૉટ-અવર બેટરી સ્ટૉરેજ સાથેની આંતરરાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ માટે પીએમ-ધારા સ્કીમ હેઠળ રૂપિયા ૧.૮૬ લાખ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી. કેન્દ્રે ૨૦૨૭-૨૮ના રવી માર્કેટિંગ યર (એપ્રિલથી માર્ચ) માટે ઘઉંના લઘુતમ ટેકાના ભાવ ક્વિન્ટલ દીઠ રૂપિયા પચીસ વધારીને રૂપિયા ૨,૬૧૦ કર્યા છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી પ્રધાનમંડળની આર્થિક (જુઓ પાનું ૨) ▸▸

# ભારતના કાંઠેથી 3,000 કરોડ રૂપિયાનું ડ્રગ્સ જપ્ત

## ગુજરાત એટીએસ અને કૉસ્ટગાર્ડની સંયુક્ત ઑપરેશનમાં ઈરાનની નૌકામાંથી ૫૨૬ કિલો કેફી દ્રવ્ય ઝડપાયું: પાંચ પાકિસ્તાની પકડાયા

અમદાવાદ: અરબી સમુદ્રમાં ગુજરાત એન્ટિ-ટેરરિસ્ટ સ્કવોડ (એટીએસ) અને ઇન્ડિયન કોસ્ટ ગાર્ડે સાથે મળીને કરેલા સંયુક્ત ઓપરેશનમાં ઇરાનની એક બોટમાંથી ૫૨૬ કિલોગ્રામ મેથામ્ફેટામાઈન અને હેરોઈન જપ્ત કર્યું હતું. જેની કિંમત ૩,૦૦૦ કરોડથી વધુ છે. કોસ્ટ ગાર્ડે બુધવારે (૩૦ સપ્ટેમ્બર)ના રોજ જણાવ્યું હતું કે પચીસ સપ્ટેમ્બરના રોજ લક્ષદ્વીપ નજીક હાથ ધરવામાં આવેલા ઓપરેશન દરમિયાન પાંચ પાકિસ્તાની નાગરિકોની પણ અટકાયત કરવામાં આવી હતી.

ભારતીય કોસ્ટ ગાર્ડ અને ગુજરાત એટીએસએ પચીસ સપ્ટેમ્બરના રોજ અરબ સાગરમાં લક્ષદ્વીપના પશ્ચિમમાં એક ઇરાની પરંપરાગત દરિયાઈ બોટને અટકાવી હતી. તપાસ દરમિયાન ૫૨૬ કિલો હેરોઈન અને મેથામ્ફેટામાઈન ડ્રગ્સ જપ્ત કરવામાં આવ્યું હતું. આ ઓપરેશનમાં પાંચ પાકિસ્તાની નાગરિકોની ધરપકડ કરવામાં આવી હતી. તે સિવાય બોટ, (જુઓ પાનું ૨) ▸▸

# વૉટચોરી સામે વિરોધ પક્ષો એક થયા

## ૭ ઑક્ટોબરે સાંસદોની કૂચ, પાંચ મોટી રૅલી કાઢશે: ચૂંટણીમાં મતદાન મતપત્રોથી જ કરાવવાની માગ

નવી દિલ્હી: 'વૉટચોરી'ના મુદ્દે વિરોધ પક્ષે એકતા દાખવીને વિરોધ પક્ષના ઈન્ડિયા બ્લૉકે બુધવારે બધા જિલ્લામાં 'લોકશાહી બચાવો' કૂચ કાઢવાની અને પાંચ મોટી રૅલીની જાહેરાત કરી હતી. આ બ્લૉકે માગણી કરી હતી કે આગામી ચૂંટણીઓ બેલોટ પેપરથી યોજાય. બ્લૉકે સુપ્રીમ કોર્ટને અપીલ કરી હતી કે 'સર' અને ચૂંટણી ગેરરીતિ અંગેના કેસનો ઝડપથી નિકાલ લાવે.

આ બેઠકમાં ૧૯ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. બેઠક સાડાત્રણ કલાક ચાલી હતી. બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે વિરોધ પક્ષના સંસદસભ્યો ૭ ઑક્ટોબરે ચૂંટણી પંચના કાર્યાલયમાં કૂચ કરશે અને મતદારયાદીની સમીક્ષામાં ગેરરીતિની ફરિયાદ કરવા રાષ્ટ્રપ્રમુખને મળશે. વિરોધ પક્ષોએ ચૂંટણી પંચના વડા જ્ઞાનેશ (જુઓ પાનું ૨) ▸▸

# અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર બસ-ટ્રક વચ્ચે અકસ્માતમાં સાતનાં મોત, ચાર ગંભીર રીતે ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાત માર્ગ અકસ્માતો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. જેમાં નિર્દોષ લોકો મોતને ભેટી રહ્યા છે. બુધવારે વહેલી સવારે અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવે પર આણંદ અને નડિયાદ વચ્ચે અત્યંત કરુણ અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે જોરદાર ટક્કર થતાં સાત લોકોનાં સ્થળ પર જ મોત નિપજ્યાં હતાં, જ્યારે અન્ય ચાર લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. ઓવરટેકિંગ લેનમાં ચાલતી સુરતની 'સાઈ દર્શન ટ્રાવેલ્સ'ની ખાનગી લક્ઝરી બસ અને ટ્રક વચ્ચે ભીષણ અકસ્માતની જાણ થતાં જ આસપાસના લોકો અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે હૉસ્પિટલ ખસેડવાની કામગીરી હાથ ધરી હતી.

અકસ્માત અંગે મળતી માહિતી મુજબ, સુરતથી રાજસ્થાન તરફ જઈ રહેલી સાઈ દર્શન ટ્રાવેલ્સની લક્ઝરી બસ આણંદથી નડિયાદ તરફ આગળ વધી રહી હતી. વહેલી સવારે આશરે ૪:૦૦ વાગ્યાની આસપાસ એક્સપ્રેસ હાઈવેની ઓવરટેકિંગ લેનમાં આ અકસ્માત સર્જાયો હતો. બસ અને ટ્રક વચ્ચે ટક્કર એટલી જોરદાર હતી કે તેનો ધડાકો સાંભળીને મુસાફરો ગભરાઈ ગયા હતા. યાત્રીકોની ચીસાચીસ અને કરુણ આક્રંદ છવાઈ ગયો હતો.

ઘટનાની જાણ થતાં જ આણંદ ગ્રામ્ય પોલીસનો કાફલો અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટુકડી તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવી હતી. સ્થાનિક લોકો અને પોલીસની મદદથી રાહત તથા બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

બસમાં ફસાયેલા મુસાફરોને બહાર કાઢીને તમામ ચાર ગંભીર ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે નજીકની હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. જ્યારે મૃતકોના શબને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી વાહનવ્યવહાર પૂર્વવત્ કરાવ્યો હતો અને આ અકસ્માત કયા કારણોસર સર્જાયો તે અંગે ગુનો નોંધીને વધુ તપાસ શરૂ કરી છે. પ્રાથમિક દ્રષ્ટિએ ઓવરટેકિંગ દરમિયાન ચાલકે નિયંત્રણ ગુમાવતા કે અચાનક જોકું આવી જતાં આ ઘટના બની હોવાની આશંકા સેવાઈ રહી છે. આ કરુણ અકસ્માતને પગલે મૃતકોના પરિવારજનોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું હતું. ■

# બદલાતી ઋતુ સાથે રોગચાળો વકર્યો, અમદાવાદમાં એક જ સપ્તાહમાં ૧૫,૯૮૬ દર્દીઓ નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: અમદાવાદ શહેરમાં હવામાનમાં ફેરફાર થતાં જ મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળાએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું છે. ડેન્ગ્યુ, મલેરિયા અને ચિકનગુનિયાના કેસોમાં નોંધપાત્ર ઉછાળો આવતા હૉસ્પિટલો દર્દીઓથી ઊભરાઈ રહી છે. સોલા સિવિલ હૉસ્પિટલમાં માત્ર એક જ સપ્તાહમાં અંદાજે ૧૫,૯૮૬ દર્દીઓની ઓપીડી નોંધાઈ હતી, જેમાંથી ડેન્ગ્યૂના ૧૬૯ કેસ, મલેરિયાના ૧૩ કેસ, ટાઈફોડના ૪ કેસ, સ્વાઈન ફ્લૂના ૨ કેસ અને ચિકનગુનિયાનો ૧ કેસ નોંધાયો હતો. આ સિવાય ઋતુગત તાવ, શરદી અને ઉધરસના કેસોમાં પણ સતત વધારો થઈ રહ્યો છે.

આ રોગચાળાની ઝપેટમાં બાળકો પણ મોટી સંખ્યામાં આવી રહ્યા છે, જ્યાં હૉસ્પિટલના બાળરોગ વિભાગમાં દરરોજ ૧૦૦ થી ૧૫૦ બાળકો સારવાર અર્થે આવી રહ્યા છે. સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને તબીબોએ નાગરિકોને સ્વાસ્થ્ય પ્રત્યે વિશેષ કાળજી રાખવા અપીલ કરી છે. રોગચાળાનો ફેલાવો અટકાવવા માટે મચ્છરોના ઉપદ્રવ પર નિયંત્રણ મેળવવું અને આસપાસના વિસ્તારમાં ચોખ્ખું પાણી ભરાઈ ન રહે તે માટે તાકીદના પગલાં લેવા ખૂબ જ જરૂરી બન્યા છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# બાપુ પાછા કૉંગ્રેસમાં? ભઈને કોઈ દેતું નથી ને બુનને કોઈ લેતું નથી...

**ગુજરાતમાં** વિધાનસભાની ચૂંટણી આડે હજુ વરસની વાર છે પણ અત્યારથી રાજકીય સોગઠાં ગોઠવાવા માંડ્યાં છે. ભાજપે જામી પડેલા ને ખાઈ બદેલા નેતાઓને સ્થાને નવા મુરતિયાઓની ખોજ આદરી છે તો કૉંગ્રેસે આમ આદમી પાર્ટી પોતાનાથી આગળ ના નિકળી જાય એ માટે આવડે એવી બાજી ગોઠવવા માંડી છે ને તેમાં કૉંગ્રેસના નેતાઓની નજર જૂના જોગી શંકરસિંહ વાઘેલા બાપુ પર ઠરી છે. શંકરસિંહે પોતે નવરાત્રિના સપરમા દિવસોમાં કૉંગ્રેસમાં જોડાવાનો સંકેત આપ્યો છે તો કૉંગ્રેસના પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પણ બાપુ સાથે વાતચીત ચાલુ હોવાની વાત કરી છે એ જોતાં ચોકઠું ગોઠવાઈ જવાનાં એંધાણ છે.

આ ચોકઠું બંનેના ફાયદામાં છે કેમ કે શંકરસિંહ અને કૉંગ્રેસના કિસ્સામાં 'ભઈને કોઈ દેતું નથી ને બુનને કોઈ લેતું નથી' જેવો ઘાટ છે. શંકરસિંહે ૨૦૧૭માં અહમદ પટેલને હરાવવા માટે બગાવત કરીને કૉંગ્રેસ છોડી પછી જાત જાતના ઉધામા કરી જોયા ને પોતાના તંબુ પણ તાણી જોયા પણ મેળ પડ્યો નથી. કૉંગ્રેસમાં હતા ત્યારે તો ચાર લોકો ભાવ પણ પૂછતા પણ કૉંગ્રેસ છોડ્યા પછી શંકરસિંહની હાજરી સોશ્યલ મીડિયા સિવાય કશે રહી નથી. જૂના ભાયાતોને સહારે એક ઠેકાણેથી બીજા ઠેકાણે ફરતા રહીને ને નાના નાના કાર્યક્રમો કરીને બાપુ ગાડુ ગબડાવ્યા કરે છે પણ તેમનો કોઈ પ્રભાવ રહ્યો નથી.

શંકરસિંહ વાઘેલાએ ૨૦૧૭માં કૉંગ્રેસથી નોખા થયા પછી જન વિકલ્પ મોરચાની સ્થાપના કરી હતી. એ વખતે બાપુએ ગુજરાતના રાજકારણમાં અલગ રાજકીય વિકલ્પ ઊભો કરવાની મોટી મોટી વાતો કરેલી પણ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણીમાં જન વિકલ્પ પાર્ટીએ સાવ ધોળકું ધોળેલું ને એક પણ બેઠક જીતી શકી નહોતી. બાપુની પાર્ટીના મોટા ભાગના ઉમેદવારોની ડિપોઝિટ પણ જપ્ત થતાં બાપુના દાંડિયા સાવ ડૂલ થઈ ગયેલા.

બાપુએ એ પછી શરદ પવારનો હાથ ઝાલ્યો અને ૨૦૧૯માં એનસીપીમાં જોડાયા. શરદ પવારે બાપુને રાષ્ટ્રીય મહામંત્રી બનાવેલા પણ ગમે તે કારણોસર બાપુને શરદ પવાર સાથે સોર્યું નહીં તેમાં ૨૦૨૦માં એનસીપીમાંથી રાજીનામું આપીને આઝાદ થઈ ગયા. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણી પહેલાં બાપુ બહુ ગાજેલા પણ છેવટે પાણીમાં બેસી ગયેલા ને ચૂંટણી નહોતા લડ્યા. ૨૦૨૪માં ફરી સળવળાટ થયો હશે એટલે પ્રજા શક્તિ ડેમોક્રેટિક પાર્ટી બનાવી નાંખી.

છેલ્લાં બે વર્ષથી આ પાર્ટીના બેનર હેઠળ બાપુ નિવેદનબાજી કર્યા કરે છે પણ કોઈ નોંધ લેતું નથી. એક જમાનામાં બાપુ પાસે વફાદાર સમર્થકોનો વર્ગ હતો પણ બાપુનાં નાટકોના કારણે વફાદારો પણ રહ્યા નથી ને સમર્થકો પણ રહ્યા નથી. બાપુ પોતાના બે-ત્રણ ટૂણટૂણિયાઓને લઈને હું, બાવો ને મંગળદાસ કરીને પાર્ટી ચલાવ્યા કરે છે પણ નથી બાપુનો પ્રભાવ કે નથી તેમની પાર્ટીનો કોઈ પ્રભાવ. મોટા ભાગનાં ગુજરાતીઓને તો આવો કોઈ રાજકીય પક્ષ અસ્તિત્વ ધરાવે છે ને બાપુ હવે સક્રિય છે એ જ ખબર નથી.

કૉંગ્રેસની હાલત બાપુ કરતાં જરાય સારી નથી. બાપુની જેમ કૉંગ્રેસ પાસે પણ વફાદાર કાર્યકરો પણ નથી ને નેતાઓ પણ નથી. એક જમાનામાં કૉંગ્રેસ ભરતસિંહ સોલંકી, અર્જુન મોઢવડિયા, શક્તિસિંહ ગોહિલ ને સિધ્ધાર્થ પટેલ એ ચાર નેતાઓની આસપાસ ઘૂમરીએ ફર્યા કરતી. મોઢવાડિયા થાકીને ભાજપમાં જતા રહ્યા પછી તેમના સ્થાને અમિત ચાવડા ગોઠવાઈ ગયા એટલો ફરક પડ્યો છે, બાકી કશું બદલાયું નથી.

અમિત ચાવડા પોતે ભાજપની આંધી ખાળીને ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં જીત્યા ખરા પણ મદડાલ કૉંગ્રેસને ફરી બેઠા કરવાની તેમનામાં તાકાત નથી. વાંક અમિત ચાવડાનો નથી પણ તેમના રાજકીય પૂર્વજોનો છે. અહમદ પટેલનું ગુજરાતનું રજવાડું સાચવવા એ લોકોએ કૉંગ્રેસને સાવ ખોખલી કરી નાંખી તેમાં કાર્યકરો જ રહ્યા નથી. અમિત ચાવડા લડી રહ્યા છે પણ લાકડાની બુઠ્ઠી તલવારથી. ભાજપની તોપો સામે આ બુઠ્ઠી તલવાર કઈ રીતે ચાલે ?

કૉંગ્રેસની બીજી તકલીફ સતત થઈ રહેલી હિજરત છે. ૨૦૨૨ની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસે સાવ શરમજનક દેખાવ કરીને ૧૮૨માંથી માત્ર ૧૭ બેઠકો જીતી પછી શરૂ થયેલી હિજરતને કૉંગ્રેસ રોકી શકી નથી. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગેનીબેન ઠાકોરે બનાસકાંઠા લોકસભા બેઠક જીતી ત્યારે કૉંગ્રેસ પાસે ફરી બેઠા થવાની તક હતી પણ કૉંગ્રેસે કોઈ આયોજન ના કર્યું તેમાં તક રોળાઈ ગઈ. અત્યારે હાલત એ છે કે, કૉંગ્રેસનો કોઈ પણ નેતા જે કંઈ મહેનત કરે એ ભવિષ્યમાં ભાજપની પોતાના પર નજર પડે ને પોતાનો ઉદ્ધાર થઈ જાય એ ગણતરીએ જ કરે છે. કૉંગ્રેસ માટે કોઈ કશું કરતું જ નથી.

કૉંગ્રેસ માટે નવી આફત આમ આદમી પાર્ટી પણ છે. આપના કારણે ૨૦૨૨ની ચૂંટણીમાં કૉંગ્રેસનું ભારે ધોવાણ થયેલું ને ભાજપને ભારે ફાયદો થયેલો. આપને ગણીને પાંચ બેઠકો જ મળેલી પણ લગભગ ૧૨ ટકા મતો મેળવીને ભાજપ વિરોધી મતોમાં મોટું ગાબડું પાડેલું. કૉંગ્રેસ ભાજપનો તોડ શોધી શકી નથી ત્યાં હવે આપનો તોડ શોધવાની નવી આફત આવીને પડી છે. આપ પાસે ગુજરાતમાં મોટું સંગઠન નથી કે આખા ગુજરાતને પ્રભાવિત કરી શકે એવો કોઈ નેતા પણ નથી પણ સૌરાષ્ટ્રમાં ગોપાલ ઈટાલિયા અને આદિવાસી પટ્ટામાં ચૈતર વસાવા જેવા થોડાક નેતાઓએ ભાજપ સામે જબરદસ્ત લડાયકતા બતાવી રહ્યા છે તેના કારણે કૉંગ્રેસનો રહ્યોસહ્યો ગરાસ પણ લૂંટાઈ જવાનો ખતરો છે.

આ માહોલમાં શંકરસિંહ વાઘેલા કૉંગ્રેસમાં જોડાય તો કૉંગ્રેસને શું ફાયદો થાય એ સવાલ છે. શંકરસિંહે ગુજરાતમાં ભાજપના પૂર્વાવતાર જનસંઘ અને પછી ભાજપને પણ મજબૂત કરવામાં મોટું યોગદાન આપ્યું છે તેનો ઈનકાર ના થઈ શકે. ક્ષત્રિય અને ઠાકોર મતદારોને ભાજપ તરફ વાળવામાં બાપુની મોટી ભૂમિકા છે એ ભાજપે પણ સ્વીકારવું પડે પણ એ ભૂતકાળ છે. અત્યારે બાપુ પાસે પોતાની કહેવાય એવી કોઈ મતબેંક નથી ને પોતાનો પ્રભાવ હોય એવો કોઈ મતવિસ્તાર નથી એ જોતાં બાપુ કૉંગ્રેસને માથે પડે એવી શક્યતા વધારે છે. બાપુ ખટપટિયા માણસ પણ છે ને પહેલાં ભાજપ ને પછી કૉંગ્રેસને ઝાઝા જુહાર રાજકીય ખટપટોના કારણે જ કરવા પડેલા. કૉંગ્રેસમાં પાછા આવશે એટલે બાપુ ખટપટો તો કરશે જ તેથી જૂથબંધી પણ વધશે.

અલબત્ત 'ના મામા કરતાં કાણો મામો સારો' એ હિસાબે કૉંગ્રેસ બાપુને લાલ જાજમ પાથરીને આવકારી શકે. કૉંગ્રેસમાં કોઈ નથી આવતું તેના કરતાં બાપુ તો બાપુ, આવ્યા તો ખરા એમ માનીને કૉંગ્રેસ રાજી થઈ શકે. બાપુને લઈને કૉંગ્રેસે કશું ખોવાનું નથી કેમ કે કૉંગ્રેસ પાસે ખોવા જેવું કશું નથી. એ રીતે બાપુના કારણે જે પણ ફાયદો થાય એમાં કૉંગ્રેસ માટે વકરો એટલો નફો જ છે તેથી કૉંગ્રેસ બાપુને લઈ શકે. રાજકારણમાં ચમત્કારો બનતા હોય છે એ હિસાબે બાપુ અત્યારે ભલે પતી ગયેલી પાર્ટી લાગતા હોય પણ છેલ્લે છેલ્લે ચમકારો બતાવીને કૉંગ્રેસને ફાયદો કરાવી જાય એવું બને.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર શરદઋતુ, ગુરુવાર, તા. ૧-૧૦-૨૦૨૬, ષષ્ઠી શ્રાદ્ધ.

- ભારતીય દિનાંક ૯, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૫
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૫
- પારસી શહેનશાહી રોજ ૧૮મો રશ્ને, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૧૮મો રશ્ને, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૧૯મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૦મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્રઃ રોહિણી મધ્યરાત્રિ પછી ક. ૨૮-૨૬ સુધી (તા. ૨), પછી મૃગશીર્ષ
- ચંદ્ર વૃષભમાં • ચંદ્ર રાશિ નામાક્ષર વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૨, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૬, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૫, સ્ટા. ટા.
- -ઃ મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ બપોરે ક. ૧૪-૧૯, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૨૫ (તા. ૨)
- ઓટઃ સવારે ક. ૦૮-૨૫, રાત્રે ક. ૨૦-૩૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – પંચમી. ષષ્ઠી શ્રાદ્ધ. સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ બ્રહ્માજીનું પૂજન, ધ્રુવ દેવતાનું પૂજન, ચંદ્ર-ગુરુ ગ્રહ જાપ, જાંબુના ઔષધીય પ્રયોગો, મુંડન કરાવવું નહિ. નિત્ય થતાં બગીચા, દુકાન-વેપાર-નોકરી, ખેતીવાડી સંબંધિત કામકાજ, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન.
- ઓક્ટોબર-૨૦૨૬નાં સંક્ષિપ્તઃ ગ્રહ-રાશિ-નક્ષત્ર, ઉદય-અસ્તઃ તા. ૧ ઓક્ટોબરના ૨૦૨૬નાં સૂર્યાદિ ગ્રહનાં ઉદય અસ્તઃ મુંબઈ સૂર્યોદયઃ ક. ૦૬ મિ. ૩૦, સૂર્યાસ્તઃ ક. ૧૮ મિ. ૨૬.
- ચંદ્ર ઉદયઃ ક. ૨૨-૦૨, ચંદ્ર અસ્તઃ ક. ૧૦-૫૫, બુધ ઉદય ક. ૦૭-૫૬, બુધ અસ્તઃ ક. ૦૭-૩૨. બુધ પશ્ચિમાકાશે સૂર્યાસ્ત પછી દેખાશે. શુક્ર ઉદય ક. ૦૮-૫૪, અસ્તઃ ક. ૦૮-૦૧, સૂર્યાસ્ત પછી દક્ષિણ પશ્ચિમ ક્ષિતિજ પર દેખાશે. મંગળ ઉદયઃ ક. ૦૧-૪૮, અસ્તઃ ક. ૦૨-૫૫, પૂર્વ ક્ષિતિજ પર દેખાશે. ગુરુ ઉદયઃ ૦૩-૧૭, અસ્તઃ ક. ૦૪-૦૭, સવારે પૂર્વ ક્ષિતિજ પર નીચે આવેલ દેખાશે. શનિ ઉદયઃ ક. ૧૯-૦૧, અસ્તઃ ક. ૦૭-૧૨ (તા. ૨) સમગ્ર રાત્રિ દરમિયાન શનિ મહારાજ દેખાશે. તા. ૧ ઓક્ટોબર સૂર્યોદયના સમયે કન્યા રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્યાસ્તના સમયે મીન રાશિ લગ્ન ઉદિત થાય છે. સૂર્ય પ્રારંભે હસ્ત નક્ષત્રમાં રહે છે. તા. ૧૧મીએ ચિત્રામાં, તા. ૨૪મીએ સ્વાતિમાં, મંગળ પ્રારંભે પુષ્ય નક્ષત્રમાં રહે છે. તા. ૧૭મીએ આશ્લેષામાં પ્રવેશે છે. બુધ પ્રારંભે સ્વાતિ નક્ષત્રમાં તા. ૧૨મીએ વિશાખામાં પ્રવેશે છે. ગુરુ આશ્લેષા નક્ષત્રમાં રહે છે. તા. ૩૧મીએ માસાંતે ગુરુ મઘા નક્ષત્રમાં પ્રવેશે છે. શુક્ર સ્વાતિ નક્ષત્રમાંથી તા. ૨૪મીએ વક્રી ગતિએ ચિત્રામાં પ્રવેશે છે. વક્રી શનિ સમગ્ર માસમાં ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રમાં ભ્રમણ કરે છે. રાહુ ધનિષ્ઠા નક્ષત્રમાં, કેતુ મઘા નક્ષત્રમાં ભ્રમણ કરે છે.
- શ્રાદ્ધ મહિમાઃ છઠ્ઠ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજ રોજ કરવું. બાળકનો જન્મ થવો એજ એક ભગવાનની હયાતીનો પ્રત્યક્ષ પુરાવો છે. એમાં જ ઈશ્વરનું અવતરણ આલેખાયેલું છે. જીવ શરીર ધારણ કરીને પૃથ્વી ઉપર જ્યારે આગમન કરે છે ત્યારે તેનું માતા-પિતા સાથેનું ઋણ નિર્માણ થઈ જાય છે. માતા-પિતાને પ્રથમ ગુરુ, પ્રથમ દેવ તેથી જ આલેખેલા છે. દિવંગત માતા-પિતા અને કુટુંબી જનોનું શ્રાદ્ધ કરવું એ સંતાનોની ફરજ છે. માતા-પિતા ઉપરાંત પરિવારના સભ્યો ભાઈ-બહેન, માસા-માસા, ફોઈ-ફુઆ તથા સર્વ કુટુંબીજનોનું ઋણ પણ શ્રાદ્ધ દ્વારા ચૂક્તે કરી શકાય છે. અમાસ કે પિતૃતિથિમાં તીર્થમાં શ્રાદ્ધમાં કુટુંબીજનોનું પિંડદાન કરવામાં આવે છે.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ યુતિ અસ્થિર મનના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ યુતિ. બુધ સ્વાતિ નક્ષત્ર પ્રવેશ.
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-તુલા, માર્ગી ગુરુ-કર્ક, શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# અકલમંદી કા યે સલીકા, ઉનકી ઝિંદગી કા ખઝાના હૈ...

**ઈન્સાનને** આ દુનિયામાં જગતકર્તા અલ્લાહે પોતાના પ્રતિનિધિ તરીકે મોકલ્યો છે. જેમ એકબીજા દેશના પ્રતિનિધિઓ પોતપોતાના દેશના નિયમોને ધ્યાનમાં રાખી કાર્ય કરે છે તેવું જ કાર્ય ઈન્સાને ધર્મની આચારસંહિતા, કાયદા, કાનૂન, ઈન્સાને મદ્દેનજર, ધ્યાનમાં રાખી કરવાના હોય છે જેને ઈસ્લામની પરિભાષામાં 'શરિયત' કહે છે. એજ પ્રમાણે પયંગબર હઝરત મુહંમ્મદ સાહેબ, ઈમામો, ખલિફા- રાજ્યકર્તાઓ પ્રજા સાથે જે નેક ભલાઈભર્યો વ્યવહાર કર્યો તેને હદીસ કહેવામાં આવે છે.

શરિયતના હદમાં રહીને કરવામાં આવતું દરેક કાર્ય ઈબાદત, અલ્લાહની સ્તૂતિઃ પૂજાપાત્ર સમાન છે.

* અલ્લાહનાં કાર્યોને મજાક- મસ્તી ન સમજો.

* અલ્લાહે જે તમારા પર અહેસાન, ઉપકાર, કૃપા, મહેરબાની કરેલ છે તેને કોઈપણ સંજોગમાં ભૂલશો નહીં.

* ઈસ્લામ તેની ઉમ્મત- પ્રજાને ફક્ત બંદગી (ભક્તિ)માં જ લીન રહેવાનું કહેતો નથી બલ્કે ઈસ્લામ સખત પરિશ્રમ દ્વારા રોજીરોટી મેળવવાનું બંદા પર ફરજ ઠેરવેલ છે અને મહેનતકશોની તારીફ (પ્રસંશા) કરે છે.

આખરી પયંગબર હઝરત મુહંમદ સલ્લલ્લાહો અલયહે વસલ્લમ (સ. અ. વ.) ફરમાવે છે કે, 'તે ખાણું સૌથી ઉત્તમ પ્રકારનું છે જે પોતાની મહેનત અને ઈમાનદારીથી મેળવીને આરોગવામાં આવ્યું હોય.'

હિદાયતમાં તો દુન્યવી મહેનતને પણ ઈબાદત (પ્રાર્થના, ભક્તિ)ના દરજ્જા સુધી લઈ જઈ શકાય તેવી નસિહત (બોધ) મળી રહેવા પામે છે. પોતાની ફરજો પૂરી કરતાં રહીને વફાદારીથી નોકરી કરવામાં આવે તો તે ઈબાદત છે. ઈમાનદારીથી વેપાર-તીજારત કરવામાં આવે તો તે પણ ઈબાદત છે. શરિયતની મર્યાદામાં રહીને કરવામાં આવેલું તે તમામ કાર્ય, કે જે મહેનત- પરિશ્રમ કરીને- આજીવિકા મેળવેલ હોય તે ઈબાદતનો જ એક ભાગ દરજ્જો રાખે છે. મતલબ કે મોમીન (એક સાચા મુસલમાન)ની પ્રત્યેક મહેનતમાં ઈબાદત અને પ્રત્યેક ઈબાદતમાં મહેનત હોવી જોઈએ.

ફરમાવવામાં આવ્યું છે કે, 'અય મુસલમાનો! તમે અમારી યાદીમાં લાગ્યા રહો જેથી અમારે ત્યાં પણ તમારા માટે મુક્તિની ઘોષણા થતી રહે. અને જગતકર્તા જેના માટે મુક્તિનો નિર્ણય કરી લે છે, પછી તેને શું કમી રહે?

માનવી માત્ર સાચા ખોટાની સમજ ધરાવે છે, પરંતુ માણસજાત એટલી બધી અહેસાન ફરામોશ (નગુણી) થઈ ગઈ છે, કે અલ્લાહતઆલાના આ અતિ અમૂલ્ય તોહફા (ભેટ)નો ગેરલાભ ઉઠાવે છે યાદ રાખવું ઘટે કે પશુ- પક્ષીઓ પણ અન્ન માટે જમીન પર પોતાનું મસ્તક (માથુ) નમાવતા હોય છે અને જો હક અને અનહક, જાઈઝ અને નાજાઈઝને સમજવાની આટલી સમજ પ્રાણી માત્રને આપવામાં આવી હોય તો અલ્લાહે ઈન્સાનને પોતાનો પ્રતિનિધિ બનાવીને આ દુનિયામાં મોકલ્યો છે તેને કેટલી ઊંડી સમજશક્તિ પ્રદાન કરી હશે? પણ અફસોસ! આદમની ઔલાદ આ દેણગીને ભૂલી બેઠો છે અને રોશનીને બદલે અંધકાર તરફ ઘસડાતો જઈ રહ્યો છે.

વ્હાલા વાચક બિરાદરો! પવિત્ર કુરાનમાં ખુદાવંદે કરીમ અસનાદ, સદા સત્ય ઉચ્ચારનાર સત્યવાદી પયંબર હુઝુરે અનવર સલ. કહે છે કે-

'...એ મોમિન, આસ્થા- શ્રદ્ધા લાવનાર ભાગ્યશાળી છે જે અલ્લાહની યાદમાં સતત પરોવાયેલો રહે છે. અલ્લાહની યાદમાં, તેના સ્મરણમાં ગૂંથાયેલા રહેવું એ કંઈ સામાન્ય વાત નથી. આ બાબતના લાભ અગણિત છે. રૂહ એટલે કે આત્માની ઉન્નતિ માટે તેની સુધારણા માટે, આચાર વિચારની પ્રગતિ, પ્રેરણાદાયક બનવા માટે અલ્લાહતઅલાની સ્તૂતિ જેવો બીજો કોઈ ઉત્તમોત્મ ઉપાય આના સિવાય બીજો કયો હોઈ શકે? શરીરની ગંદકી તો ન્હાવા ધોવાથી સ્વચ્છ થઈ જશે પણ હૃદયમાં રહેલી ખરાબીને સાફ કરવા માટે અલ્લાહ- તઆલાનું જ સ્મરણ જરૂરી છે, અગત્યનું છે. માત્ર સ્નાન કરી પાક થઈ ગયા એ વાત સાચી પણ દિલોદિમાગની સ્વચ્છતાનું મૂલ્ય તો અમૂલ્ય- અનેકગણું અધિક છે.

મન સાફ ન હોય તો કશું જ સાફ નથી એમ સમજી લેવું.

* નિખાલસતા ધર્મનું આભૂષણ છે એવું આભૂષણ જેનું મૂલ્ય અમૂલ્ય છે.

હુઝૂરે અનવર સલ્લલ્લાહો અલયહે વસલ્લમની આજ્ઞાઓનું ઉલ્લંઘન ગુનાઓ તરફ દોરી જવા પ્રેરતો હોય છે અને જાણતા સમજતા હોવા છતાં તેની સાવધાની ન રાખીએ કે તે પ્રત્યે આંખ આડા કાન ધરી દઈએ તે તેના જેવો અજ્ઞાની બીજો કોણ હોઈ શકે? અને એટલે જ સૌથી જરૂરી પ્રેરકબળ જો કોઈ હોય તો તે એક જ છે કે અલ્લાહતઆલાની યાદ-સ્મરણમાં પરોવાયેલી રહેવું, મસ્ત રહેવું, પ્રસન્ન રહેવું.

વ્હાલા વાચક મિત્રો! ખરેખર અલ્લાહની યાદમાં એટલી મીઠાશ છે જેટલી મીઠાશ આપણે મધ, ગોળ કે ખાંડમાં પણ માણી નહીં હશે. સાચા દિલ, શાંત મનથી મગ્ન થઈને કોઈપણ સ્મરણ કે જે અલ્લાહતઆલાની યાદમાં દોરી જતું હોય તેને ધ્યાનમાં રાખવું સૌથી શ્રેષ્ઠ...! એકવાર આ ઉત્તમ ટેવ દિલોદિમાગમાં સ્થાન ગ્રહણ કરી લેશે પછી એ સનાતન સત્ય સમજી લો બેડો પાર જ છે. કારણ દીવા જેવું સ્પષ્ટ છેઃ જ્યારે તમે અલ્લાહને યાદ કરો છો તો અલ્લાહતઆલાએ વચન આપ્યું જ છે કે 'ફઝકુરૂની અઝ કુરકુમ...!' અર્થાત્ 'તુમ મુઝે યાદ કરો, મેં તુમ્હે યાદ કરુંગા...!' માશા અલ્લાહઃ અલ્લાહ મહાન છે.

અલ્લાહના દરબારમાં પળેપળની નોંધ લેવાય છે. તમામ કામો એવા ચપટીમાં પૂર્ણ થશે કે કોઈ ગમે તેટલું ઈચ્છે તો પણ તે કામને અવરોધી નહીં શકે- બગાડી નહીં શકે તેવો આ લખનારનો જાત અનુભવ છે. અલ્લા પ્રત્યેની સાચા મનથી આસ્થા કોઈ પણ કામને સરળ બનાવવામાં ઉપયોગી બની રહેવા પામે છે.

પવિત્ર કુરાનમાં ફરમાવવામાં આવ્યું છે કે, 'અલ્લાહને વિશેષ પ્રમાણમાં યાદ કરતા રહો કે જેથી તમે સફળ થાઓ...!'

* સફળ થવા માટે વિફળ થવાની કે નાસીપાસ થવાની સહેજે જરૂર નથી.

* અલ્લાહનું સતત ઝિક્ર (યાદ) જ આપણને એવા માર્ગે દોરી જશે જેની કલ્પના સુધ્ધાં કરી નહીં હોય.

* 'જેઓ ઊભા રહીને તેમજ બેસીને અથવા પડખા પર સૂતા સૂતા અલ્લાહને યાદ કરે છે તેઓ પણ સન્માર્ગે દોરાઈને કામિયાબી- સફળતા હાંસલ કરી લેવા સમર્થ બની શકશે.

* કોઈપણ સ્થિતિમાં પાક- સાફ થઈને અલ્લાહતઆલાનું સ્મરણ તમારા શ્વાસોશ્વાસમાં રમતું થઈ જાય ત્યાં સમગ્ર વિશ્વની પ્રસન્નતા તમારા હૃદયમાં છવાઈ જશે.

* અલ્લાહની ખુશી માટે જે કાંઈ સન્માર્ગે કરશો, નિખાલસ દિલથી કરશો, મનના ખજાના ખોલી નાખશો એળે નહીં જાય.

* આપણી જાન, માલ-મિલક્ત, ઈજ્જત-આબરૂ આલ-ઔલાદનો તે માલિક છે. કણકણમાં, રોમેરોમમાં, બુંદબુંદમાં તે વસેલો છે. 'હમાઉસ્ત' અર્થાત્ અલ્લાહનું જ છે.

* આ દુનિયા ક્ષણભંગુર છે, ફના (આશવંત) છે માત્રને માત્ર અલ્લાહની યાદ જ હંમેશાં જીવંત રહેશે અને કણેકણ સ્મરણ કરનારની સાક્ષી આપશે.

આ સંદર્ભમાં હદીસ શરીફમાં- ફરમાવવામાં આવ્યું છે કે કેટલાંક સહાબીઓ દ્વારા હુઝૂરે અનવર, રસૂલે ખુદા (સલ)ને અરજ વ્યક્ત કરવામાં આવી કે, 'સઘળાં કામોમાં ક્યું કામ શ્રેષ્ઠ છે?'

આપ હુઝૂર (સલ)એ ફરમાવ્યું, 'મૃત્યુ સમયે અલ્લાહની યાદમાં જીભ પરોવાયેલી હોય!' આપ (સલ)એ એ પણ ફરમાવ્યું કે,

* અલ્લાહને યાદ કરનારો યાદ ન કરનારા ગાફિલો (અજ્ઞાનિઓ) વચ્ચે એવો છે જાણે મડદાઓ વચ્ચે જીવતો માણસ હોય છે.

* સૂકા ઘાસ વચ્ચે લીલું વૃક્ષ હોય છે.

* ભાગતા સૈનિકો વચ્ચે અડીખમ ઊભો રહેનાર સૈનિક સમાન હોય છે.

* આજ ક્ષણથી અલ્લાહના સ્મરણમાં જીભ પરોવાયેલ રાખો જીભને પ્રવૃત્ત રાખવી જ ઉત્તમ અને ફાયદેમંદ છે.

* એ મોમિન નસીબદાર હશે જેને આ પ્રેરણા પ્રાપ્ત થઈ જાય. ઝિકરૂલ્લાહ સે ગાફિલ મોમિન નહીં રહતે અનવર અકલમંદી કા યે સલીકા ઉનકી ઝિંદગીકા ખઝાના હૈ...!

સાપ્તાહિક સંદેશઃ

* અલ્લાહ પર એતબાર, ભરોસો અને તેનું સતત સ્મરણ બંદાનો બેડો પાર કરે છેઃ

ગુજર જાએગા યહ વક્ત ભી ગાલિબ,
જરા ઈત્મીનાન રખ
જબ ખુશી ના ઠહરી,
તો ગમ્ કી કયા ઔકાત

## પહેલા પાનાનું ચાલુ

### ૯/૧૧ના રી-રનનો

ઇઝરાયલ જઇ રહેલા એક પ્રવાસીએ ઘટનાનું વર્ણન કરતા જણાવ્યું હતું કે કોઇએ પાઇલટને ખિસ્સામાં રાખી શકાય એવા ચાકુથી માર્યો હતો.

મહિલા મુસાફરે પોતાનું નામ જાહેર નહિ કરવાની શરતે ટેક્સ્ટ સંદેશા દ્વારા સંબંધિત માહિતી આપતા જણાવ્યું હતું કે વિમાનમાં અમને ચીસાચીસ સંભળાતી હતી અને તેથી અમે બધાએ સાથે મળીને કૉકપીટ ખોલ્યું હતું. અમે કૉકપીટમાં લોહીલુહાણ થઇને પડેલો પાઇલટ જોયો હતો. તેને કોઇએ નાનું ચાકુ માર્યું હતું.

તેણે જણાવ્યું હતું કે વિમાનના કર્મચારીઓ અને મુસાફરોએ હુમલાખોરને પકડવામાં સહાય કરી હતી. (એજન્સી) ■

### ઘઉં, કઠોળ

બાબતોની સમિતિની બેઠકમાં સંબંધિત નિર્ણય લેવાયા હતા.

મુખ્ય રવી (શિયાળુ) પાક ઘઉંની સાથે ચણા, મસૂર અને રાઇ - સરસવ પણ છે. છએ છ રવી પાકની વાવણી આવતા મહિને શરૂ થશે અને તેની લણણી એપ્રિલમાં થાય છે.

માહિતી અને પ્રસારણ વિભાગના પ્રધાન અશ્વિની વૈષ્ણવે પત્રકારોને જણાવ્યું હતું કે ઘઉંના ઉત્પાદનનો ખર્ચ ક્વિન્ટલ દીઠ રૂપિયા ૧,૨૬૪ થાય છે, પરંતુ અમે તેનો લઘુતમ ટેકાનો ભાવ બમણાથી વધુ રૂપિયા ૨,૬૧૦ રાખ્યો છે.

જવનો લઘુતમ ટેકાનો ભાવ ક્વિન્ટલ દીઠ રૂપિયા ૨,૧૫૦થી વધારીને રૂપિયા ૨,૨૮૬ કરાયો છે.

ચણાનો લઘુતમ ટેકાનો ભાવ રૂપિયા ૮૩ વધારીને રૂપિયા ૫,૯૫૮, મસૂરનો રૂપિયા ૩૯૦ વધારીને રૂપિયા ૭,૩૯૦, રાઇનો રૂપિયા ૪૧૩ વધારીને રૂપિયા ૬,૬૧૨ અને કરડીનો રૂપિયા ૬૭૫ વધારીને રૂપિયા ૭,૨૧૫ કરાયો છે.

દરમિયાન, સરકારે ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગિગાવૉટ અક્ષયઊર્જાના ઉત્પાદનના લક્ષ્યને પ્રાપ્ત કરવા અને આંતરરાષ્ટ્રીય વીજ-વહનના માળખાને વધુ સારું બનાવવા માટે ૧૩૫ ગિગાવૉટ અક્ષયઊર્જાના વહન માટે પચાસ ગિગાવૉટ-અવર બેટરી સ્ટૉરેજ સાથેની આંતરરાજ્ય ટ્રાન્સમિશન સિસ્ટમ માટે પીએમ-ધારા સ્કીમ હેઠળ રૂપિયા ૧.૮૬ લાખ કરોડ ફાળવવાની જાહેરાત કરી હતી.

સતત આખો એક કલાક એક ગિગાવૉટ વીજળીનું વહન થાય, તેને ગિગાવૉટ-અવર કહેવાય છે. (એજન્સી) ■

### ફટાકડા પર

સહિતના દરેક લોકોના જીવન પર માઠી અસર થાય છે. આ સમસ્યાનો કોઇ ઉકેલ શોધવો જોઇએ.

એડિશનલ સૉલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ સુનાવણી દરમિયાન જણાવ્યું હતું કે અવાજ અને હવાનું પ્રદૂષણ નહિ ફેલવતા 'ગ્રીન' ફટાકડા ફોડવા સલામતીને ધ્યાનમાં રાખીને પરવાનગી આપી શકાય.

તેમણે જણાવ્યું હતું કે કાઉન્સિલ ઑફ સાયન્ટિફિક ઍન્ડ ઇન્ડસ્ટ્રિયલ રિસર્ચ - નેશનલ એન્વાયર્નમેન્ટલ એન્જિનિયરિંગ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટે બેરિયમ સૉલ્ટ્સ ઓછું વાપરીને ઓછું પ્રદૂષણ ફેલાવતા ફટાકડા તૈયાર કરવાની કામગીરી હાથ ધરી છે.

બૅન્ચે જણાવ્યું હતું કે અમે ફટાકડામાં બેરિયમ (સૉલ્ટ્સ)ના ઉપયોગ સંબંધિત મુદ્દાને ૧૫ ઑક્ટોબરે હાથ ધરીશું.

એડિશનલ સૉલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ જણાવ્યું હતું કે ઓછા બેરિયમ સૉલ્ટ્સ સાથેના ફટાકડા યોગ્ય લાઇસન્સ ધરાવતા ઉત્પાદકો દ્વારા જ બનાવાય છે અને તે અવાજનું અને હવાનું ઓછું પ્રદૂષણ ફેલાવે છે. તેમાં પ્રતિબંધિત રસાયણો નથી વપરાતાં.

સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટતા કરી હતી કે 'ગ્રીન' ફટાકડા પણ દિવાળી પહેલાં અને તહેવારના દિવસે ચોક્કસ સમય દરમિયાન જ ફોડવા દેવાશે. (એજન્સી) ■

### ભારતના કાંઠેથી

ક્રૂ અને જપ્ત કરાયેલા ડ્રગ્સને વધુ તપાસ માટે મુંબઈ લઈ જવામાં આવ્યા હતા. અહીં યોજાયેલી પત્રકાર પરિષદને સંબોધતા ગુજરાત એટીએસના ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ ઓફ પોલીસ સુનીલ જોશીએ જણાવ્યું હતું કે, આ ઓપરેશન ઇરાનથી દરિયાઈ માર્ગે ભારતમાં માદક પદાર્થોની તસ્કરી થવાની હોવાની ગુપ્ત માહિતીના આધારે હાથ ધરવામાં આવ્યું હતું. પ્રાથમિક તપાસ મુજબ, દરિયાની વચ્ચે ડ્રગ્સની ડિલિવરી લીધા બાદ આ પ્રતિબંધિત પદાર્થો તમિળનાડુના કિનારે ઉતારવાના હતા.

જોશીએ જણાવ્યું હતું કે 'આઝાદ' નામની શંકાસ્પદ ઇરાની બોટને પચીસ સપ્ટેમ્બરની સાંજે લક્ષદ્વીપથી લગભગ ૧૬૦ નોટિકલ માઈલ ઉત્તર-પશ્ચિમમાં અને મુંબઈથી લગભગ ૪૯૦ નોટિકલ માઈલ દક્ષિણ-પશ્ચિમમાં આંતરવામાં આવી હતી. જોશીએ પત્રકારોને કહ્યું કે કોસ્ટ ગાર્ડે દરિયાઇ અને હવાઈ દેખરેખ હાથ ધરી હતી અને ગુજરાત એએટીએસ તથા કેન્દ્રીય ગુપ્તચર એજન્સીઓ દ્વારા આપવામાં આવેલી ચોક્કસ માહિતીના આધારે શંકાસ્પદ જહાજની જાણકારી મળી હતી.તેમણે કહ્યું કે ગુપ્ત માહિતી પરથી જાણવા મળ્યું હતું કે એક નાઈજીરિયન નાગરિક તાજેતરમાં ગુજરાતસ્થિત એક વોન્ટેડ આરોપીને મળ્યો હતો અને તેઓએ ઇરાનથી ભારતમાં ૫૦૦ કિલોથી વધુ મેથામ્ફેટામાઇન અને હેરોઈનની દાણચોરી કરવાની યોજના બનાવી હતી. ■

### વૉટચોરી સામે

કુમારના રાજીનામાની માગણીની ચર્ચા કરી હતી અને નક્કી કર્યું હતું કે તેમની હકાલપટ્ટી ન થાય ત્યાં સુધી ટસના મસ ન થવું. વિપક્ષોના સંગઠન 'ઇન્ડિ બ્લૉક'એ મતદારયાદી સુધારણા પ્રક્રિયા (સ્પેશ્યલ ઇન્ટેન્સિવ રિવિઝન - 'સર')માંની કહેવાતી 'ગેરરીતિ'નો વિરોધ કરવા માટે સંયુક્ત પગલાં યોજના ઘડી કાઢી છે. બધા વિપક્ષો ચૂંટણી મતદાન મશીન (ઇવીએમ)ને બદલે ફરી અગાઉની જેમ મતપત્રોથી જ કરાવવાની માગણી કરી રહ્યા છે. વિપક્ષના સાંસદો 'લોકશાહી બચાઓ'ના નારા સાથે બીજીથી આઠમી ઑક્ટોબર સુધી દેશભરમાં રૅલી કઢાશે. વિપક્ષના સાંસદો છ ઑક્ટોબરે ચૂંટણી પંચ ભણી કૂચ કરશે.

મલ્લિકાર્જુન ખડગેએ જણાવ્યું હતું કે વિપક્ષના નેતાઓએ 'લોકશાહી બચાઓ'ના નારા સાથે આંદોલન કરવાનું નક્કી કર્યું છે. (એજન્સી) ■

# રાજકોટ મારવાડી યુનિ.માં વિદ્યાર્થીના આપઘાત મામલે ફરી વિરોધ, કેમ્પસ બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શહેરમાં મોરબી રોડ પર આવેલી મારવાડી યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓના આપઘાતના મામલે એબીવીપીના કાર્યકરોએ મોટી સંખ્યામાં એકત્ર થઈ વિરોધ નોંધાવ્યો હતો. વિદ્યાર્થીના આપઘાતના બનાવમાં ન્યાયની માગ સાથે એબીવીપી દ્વારા ધરણાં અને વિરોધ પ્રદર્શન કરવામાં આવનાર હોવાથી યુનિવર્સિટી કેમ્પસ બહાર પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.


પ્રવિણ સેદાણી

મારવાડી યુનિવર્સિટીમાં ટૂંકા ગાળામાં બે વિદ્યાર્થીઓના આપઘાતના બનાવ સામે આવ્યા બાદ સમગ્ર મામલો ચર્ચામાં આવ્યો હતો. જોકે આ બંને બનાવોમાં હજુ સુધી કોઈ નક્કર પરિણામ સામે આવ્યું ન હોવાનો એબીવીપી દ્વારા આક્ષેપ કરવામાં આવી રહ્યો છે.

મળતી માહિતી મુજબ, યુનિવર્સિટીમાં બનેલા બે અલગ-અલગ આપઘાતના બનાવોને લઈને વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી સંગઠનો દ્વારા સવાલો ઉઠાવવામાં આવ્યા છે. એક વિદ્યાર્થીએ બીમારીના કારણે આપઘાત કર્યો હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે, જ્યારે અન્ય બનાવને લઈને પણ તપાસની માગ કરવામાં આવી રહી છે.

એબીવીપીનો આક્ષેપ છે કે બંને બનાવોની યોગ્ય તપાસ થવી જોઈએ અને વિદ્યાર્થીઓને ન્યાય મળે તે માટે જવાબદારો સામે જરૂરી કાર્યવાહી કરવામાં આવે. સંગઠન દ્વારા યુનિવર્સિટી તંત્રની કામગીરી અંગે પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે.

એબીવીપી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો છે કે યુનિવર્સિટી સંચાલકો દ્વારા સમગ્ર મામલો દબાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. જોકે આ અંગે યુનિવર્સિટી તંત્રનો સત્તાવાર પક્ષ સામે આવે બાદ જ આક્ષેપોની હકીકત સ્પષ્ટ થઈ શકે તેમ છે. વિદ્યાર્થી સંગઠન દ્વારા સમગ્ર મામલે પારદર્શક તપાસ, જવાબદારો સામે કાર્યવાહી અને વિદ્યાર્થીઓની સુરક્ષા માટે જરૂરી પગલાં ભરવાની માગ કરવામાં આવી રહી છે.

આ અગાઉ ગત શુક્રવારે મારવાડી યુનિવર્સિટી ખાતે હલ્લાબોલ કરવા પહોંચેલા વિદ્યાર્થીઓ અને પોલીસ વચ્ચે ઘર્ષણની સ્થિતિ સર્જાઈ હતી. એબીવીપી દ્વારા આક્ષેપ કરવામાં આવ્યો હતો કે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે બળપ્રયોગ કર્યો હતો.

આ ઘટનાના પગલે પણ વિદ્યાર્થી સંગઠનમાં રોષ જોવા મળી રહ્યો છે. હવે ફરી એકવાર ધરણાં અને વિરોધ પ્રદર્શનની જાહેરાત થતાં પોલીસ દ્વારા યુનિવર્સિટી કેમ્પસ બહાર બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. એબીવીપીના વિરોધને ધ્યાનમાં રાખીને મારવાડી યુનિવર્સિટી કેમ્પસની બહાર પોલીસની તૈનાતી કરવામાં આવી છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો-વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે પોલીસ દ્વારા તકેદારી રાખવામાં આવી રહી છે. વિદ્યાર્થીઓના આપઘાતના બંને બનાવની તપાસ, યુનિવર્સિટી તંત્રની ભૂમિકા અને અગાઉના વિરોધ દરમિયાન થયેલી પોલીસ કાર્યવાહીને લઈને હવે ફરી ચર્ચા શરૂ થઈ છે. એબીવીપી દ્વારા ન્યાયની માગ સાથે કરવામાં આવનાર વિરોધ બાદ સમગ્ર મામલે પોલીસ અને યુનિવર્સિટી તંત્ર શું કાર્યવાહી કરે છે તેના પર સૌની નજર રહેશે. ■

# ચોરવાડમાં ગદરે મરીન કંપનીના કેમિકલયુક્ત પાણીથી મેઘલ નદી પ્રદૂષિત, ખેતીને નુકસાનથી ખેડૂતોમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ ગુજરાતમાં વિકાસના દાવાઓ વચ્ચે પ્રદૂષણનું ઝેર હવે સામાન્ય જનજીવન અને અન્નદાતાઓની જિંદગી નિગળી રહ્યું છે. જૂનાગઢ જિલ્લાના ચોરવાડ પંથકમાંથી એક અત્યંત ચોંકાવનારો અહેવાલ બહાર આવ્યો છે. જુનાગઢ જિલ્લાના માળીયા હાટીના તાલુકાના ચોરવાડ નજીક આવેલી મેઘલ નદીમાં ગદરે મરીન કંપની દ્વારા કેમિકલયુક્ત ઝેરી પાણી છોડવામાં આવ્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે સ્થાનિક ખેડૂતો અને માછીમારોમાં ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે.

ગદરે મરીન કંપનીની બેદરકારી અને નદી-સમુદ્રમાં નાખવામાં આવેલી પાઇપલાઇનોના લીકેજે આખી ભૂગોળને પ્રદૂષિત કરી નાખી છે. સ્થાનિક ખેડૂતોના જણાવ્યા અનુસાર, તેમની ૩ થી ૪ વર્ષની નાળિયેરીઓ, બાજરો, જુવાર, મગફળી અને નાગરવેલ જેવા પાકો સંપૂર્ણપણે નિષ્ફળ ગયા છે. કંપનીની પાઇપલાઇન ફાટી જવાના કારણે કેમિકલવાળું ગંધાતું અને કીચડવાળું પાણી સીધું ખેતરોમાં ફરી વળ્યું છે, જેના કારણે ખેડૂતોને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. જમીનનું તળ બગડતા કૂવા અને બોરનું પાણી પણ ઝેરી બની ચૂક્યું છે.

ખેડૂતોના હરિયાળા પાક બરબાદ થઈ ગયા છેઅને સામાન્ય નાગરિકો તથા માછીમારોના સ્વાસ્થ્ય પર જીવલેણ ખતરો તોળાઈ રહ્યો છે. સ્થાનિક પ્રજા અને ખેડૂતોએ આ અન્યાય સામે ચીફ ઓફિસર, નગરપાલિકા પ્રમુખ, સાંસદ રાજેશભાઈ ચૂડાસમાની ઓફિસથી લઈને માંગરોળ તાલુકાના ધારાસભ્ય ભગવાનભાઈ કરગઠીયા સુધીના દરવાજા ખખડાવ્યા છે. અનેક લેખિત રજૂઆતો અને અરજીઓ કરવા છતાં, માત્ર કાગળ પર સેમ્પલ લેવાના નાટક સિવાય જમીની સ્તરે કોઈ જ સંતોષકારક પરિણામ કે કાર્યવાહી કરવામાં આવી નથી.

આ પ્રદૂષણ માત્ર ખેતી સુધી સીમિત નથી, પરંતુ હવે તે માનવ જીવન માટે પણ જોખમી સાબિત થઈ રહ્યું છે. નદી કિનારે અજાણતા પગ પલાળવા કે માછીમારી કરવા ગયેલા નાગરિકો સ્લિપ થઈને આ ઝેરી કેમિકલયુક્ત પાણીના સંપર્કમાં આવતા કિડની અને શરીરના અન્ય અંગો ગંભીર રીતે ડેમેજ થયા છે. કેશોદની રઘુવંશી હોસ્પિટલમાં થયેલી ડૉક્ટરોની તપાસે સાબિત કરી દીધું છે કે શરીરમાં ગયેલું આ પાણી મોતનું ઝેર સમાન છે. આ પ્રદૂષિત પાણીના સંપર્કમાં આવતા સામાન્ય લોકોને ત્વચા પર ખંજવાળ, ફોડલા અને ગંભીર ઇન્ફેક્શન્સનો સામનો કરવો પડી રહ્યો છે. બીજી બાજુ, સવાલોના ઘેરામાં આવેલી ગદરે મરીન કંપનીના એચ.આર. મેનેજર ચંદ્રેશભાઈ રાઠોડે દાવો કર્યો હતો કે તેમની કંપની કોઈપણ પ્રકારનું કેમિકલયુક્ત પાણી સીધું નથી છોડતી અને તેમની પાસે એફલુઅન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ કાર્યરત છે. પાઇપલાઇન લીકેજના આક્ષેપોને નકારતા તેમણે નગરપાલિકાના ઇજનેર સાથે તપાસ કરી હોવાનું જણાવ્યું છે. જોકે, ૨૦૧૪થી કાર્યરત આ કંપનીના વિકાસ અને રોજગારીના દાવાઓ સામે ચોરવાડની પ્રજા આજે અનેક સવાલો ઉઠાવી રહી છે. જો વહેલી તકે આ ઝેરી પ્રદૂષણ અટકાવવામાં નહીં આવે અને દોષિતો સામે કડક પગલાં નહીં લેવાય, તો ચોરવાડના રોષે ભરાયેલા ખેડૂતો અને નાગરિકો ઉગ્ર લડત લડવા મજબૂર બનશે. ■

# ભાવનગરમાં પીલગાર્ડન પાસેથી નશીલી કફ સિરપના જથ્થા સાથે શખસ ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજ્યમાં નશીલા પદાર્થોના ગેરકાયદેસર વેચાણ, સંગ્રહ અને સપ્લાય રોકવા માટે રચાયેલી 'એન્ટી નાર્કોટીક્સ વિંગ' (એએનડબલ્યુ) ભાવનગર દ્વારા રાજ્યમાં પ્રથમ એનડીપીએસ કેસ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ભાવનગર રેન્જ આઇજી આર.વી. અન્સારી અને પોલીસ અધીક્ષક નિતેશ પાંડેયના સુપરવિઝન હેઠળ પોલીસ ઇન્સપેક્ટર ડી.યુ. સુનેસરા અને તેમની ટીમ દ્વારા નશીલા પદાર્થો વિરૂદ્ધ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે.

જે અંતર્ગત પોલીસને મળેલી બાતમીના આધારે નિલમબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા પીલગાર્ડન બગીચા પાસેથી શંકાસ્પદ હાલતમાં મળી આવેલા હિતેશ ઉર્ફે હેમંગ રાજુભાઇ રાઠોડ (રહે. અક્ષરપાર્ક સોસાયટી, શેરી નં.૧૫, પ્લોટ નં.૫૦૫, કુંભારવાડા, ભાવનગર) નામના ઇસમની પોલીસે તપાસ કરતા તેની પાસેથી કોડેઈન ફોસ્ફેટનું ઘટક તત્વ ધરાવતી કફ સિરપની ૧૦ બોટલ મળી આવી હતી. છ્છ્ઊ ટીમે નાર્કોટીક્સ મુદ્દામાલ જપ્ત કરી આરોપીની અટકાયત કરી નિલમબાગ પોલીસ સ્ટેશન ખાતે એનડીપીએસ એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો રજીસ્ટર કરાવ્યો હતો. ■

# જૂનાગઢ ક્રાઈમ બ્રાન્ચની મોટી સફળતાઃ કાર અને ફોનની લૂંટ ચલાવનાર મુખ્ય આરોપી સાયલાથી ઝડપાયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

જૂનાગઢઃ તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનેલા બળજબરીથી કઢાવી લેવાના (લૂંટના) અનડિટેક્ટ ગુનાને જૂનાગઢ ક્રાઇમ બ્રાન્ચે સફળતાપૂર્વક ડિટેક્ટ કરી, આ ગુનામાં સંડોવાયેલા એક મુખ્ય આરોપીને ઝડપી પાડવામાં મોટી સફળતા મેળવી છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ફરિયાદી સોયબભાઈ મહમદભાઈ ચૌહાણ મોટરકાર લે-વેચનો વ્યવસાય કરે છે. ગત તા. ૩૦/૦૬/૨૦૨૬ ના રોજ, વાહન લે-વેચના સ્થળે અજાણ્યા ઇસમો આવીને ગાડી ટેસ્ટ ડ્રાઈવ કરવાના બહાને વાહનમાં બેસી ગયા હતા અને રસ્તામાં જાનથી મારી નાખવાની ધમકી આપી આઈફોન તથા રૂપિયા ૩,૦૦,૦૦૦ ની કિંમતની કાર બળજબરીપૂર્વક લૂંટીને ફરાર થઈ ગયા હતા.

આ અંગે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાયો હતો. ગુનાની ગંભીરતાને ધ્યાને લઈ ક્રાઇમ બ્રાન્ચની ટીમે સીસીટીવી ફૂટેજ, ખાનગી બાતમીદારો અને ટેકનિકલ સોર્સના આધારે સઘન તપાસ હાથ ધરી હતી. દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે રાજકોટથી ચોટીલા વચ્ચે સાયલા ગામ નજીક ડોળીયા બાઉન્ડ્રી પાસે આવેલ રામદેવ રાજસ્થાની હોટેલ ખાતે તપાસ કરતાં આ ગુનામાં સંડોવાયેલ મુખ્ય આરોપી અશોક માલારામ હુકમારામ જાખડ (ઉ.વ. ૨૫, રહે. મૂળ બાડમેર, રાજસ્થાન; હાલ રહે. સાયલા, સુરેન્દ્રનગર) મળી આવ્યો હતો.

પોલીસે આરોપીની કડક પૂછપરછ કરતા તેણે ગુનાની કબૂલાત આપી હતી. પોલીસે આરોપીને હસ્તગત કરીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે જૂનાગઢ તાલુકા પોલીસ સ્ટેશનને સોંપી દીધો છે. આ સફળ કાર્યવાહીથી ગુનાનો ભેદ ઉકેલાઈ ગયો છે અને અન્ય સંડોવાયેલા શખ્સોને પકડવા માટે પણ ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે. ■

# સુરેન્દ્રનગરમાં પરિણીતાનું અકસ્માતમાં મોત, પરિવારજનોએ ઘટનાને શંકાસ્પદ ગણાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ શહેરની ૩૩ વર્ષની પરિણીતા પાડોશી પરિણીતા યુવક સાથે કારમાં નિકળેલી ને અકસ્માત થતાં મોતને ભેટી હતી. જે બાદ મૃતક મહિલાના પરિવારજનોએ ઘટનાને શંકાસ્પદ ગણાવી હતી. પરિવારે મહિલા સાથે કારમાં ગયેલા પરીણિત યુવક સામે આક્ષેપો કરીને મૃતદેહનું પેનલ પોસ્ટમોર્ટમ કરાવવાની માંગ કરવામાં આવી હતી. સુરેન્દ્રનગરની ૩૩ વર્ષની પરિણીતા પાડોશી પરિણીતા યુવક સાથે કારમાં નિકળી હતી. ધ્રાંગધ્રા-હળવદ હાઈવે પર ચુલી ગામ નજીક એક કાર રસ્તાની બાજુમાં લાગેલા હોર્ડિંગ બોર્ડ સાથે ધડાકાભેર અથડાઈ હતી. આ અકસ્માતમાં ધ્રાંગધ્રાની ૩૩ વર્ષીય પરિણીતાનું ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું.

પરિણીતા સાંજના સમયે પોતાના પાડોશમાં રહેતા એક યુવક સાથે કારમાં જઈ રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી. ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ બહાર આવ્યા હતા, જેમાં કાર હોર્ડિંગ બોર્ડ સાથે ટકરાતી સ્પષ્ટ જોવા મળે છે. પરિણીતાના મોત બાદ પરિવારે આ અકસ્માતને શંકાસ્પદ ગણાવી સાથે રહેલા યુવક સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. પરિવારજનોએ પોલીસ સમક્ષ સમગ્ર મામલે નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવાની માંગ કરી હતી. ■

# સુરેન્દ્રનગરના થાનગઢમાં ખનિજ માફિયાઓ સામે કાર્યવાહી, ૬૩ કૂવા સાથે ₹ ૭૧.૪૫ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ તરફથી)

સુરેન્દ્રનગરઃ જિલ્લાના થાનગઢ પંથકમાં ખનિજ માફિયાઓ સામે વહીવટી તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. જામવાળી ગામે સરકારી સર્વે નંબર ૧૦૫ અને ૧૦૬ ની જમીન પર ચાલતા ગેરકાયદેસર કોલસા ખનન અંગે બાતમી મળતાં ચોટીલાના નાયબ કલેક્ટર એસ.વી. કલસરીયા અને તેમની ટીમે આકસ્મિક દરોડો પાડ્યો હતો. આ તપાસ દરમિયાન સ્થળ પર મોટા પાયે ધમધમી રહેલા ૬૩ ગેરકાયદેસર કોલસાના કુવાઓ તંત્ર દ્વારા જપ્ત કરી લેવામાં આવ્યા છે.

દરોડાની કામગીરી દરમિયાન તંત્ર દ્વારા સ્થળ પરથી અંદાજે ૨૩૫ મેટ્રિક ટન કોલસો, ૬૩ ચરખી, ૬૩ બકેટ અને ૭ એન્જિન મશીન કબજે કરવામાં આવ્યાં હતા. જપ્ત કરવામાં આવેલા આ તમામ સાધન-સામગ્રી અને કોલસાની કુલ અંદાજિત કિંમત રૂપિયા ૭૧.૪૫ લાખ થાય છે. કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ કરીને આ તમામ મુદ્દામાલને મામલતદાર કચેરી ખાતે ખસેડવામાં આવ્યો હતો.

અગાઉ સ્થાનિક અધિકારીની બદલી બાદ ભૂમાફિયાઓ ફરીથી સક્રિય થયા હોવાની ચર્ચાઓ વચ્ચે તંત્રની આ આકસ્મિક કામગીરીથી ખનિજ ચોરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. હાલમાં આ ગેરકાયદે ખનનમાં સંડોવાયેલા ઈસમોની ઓળખ કરવા માટે સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. આ ઉપરાંત, ભવિષ્યમાં આ ૬૩ કુવાઓમાંથી ફરીથી ગેરકાયદે ખનન ન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા દૈનિક સુપરવિઝન રાખવાની કડક સૂચનાઓ આપવામાં આવી હતી. ■

# રાજકોટ મનપા શિક્ષણ સમિતિના ૧૧ સભ્યોના નામઃ ભાજપે જાહેર ઉચ્ચ શિક્ષણ ધરાવતા ઉમેદવારોને પ્રાધાન્ય આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ મહાનગરપાલિકા સંચાલિત શિક્ષણ સમિતિની રચનાને લઈને રાજકીય ગતિવિધિઓ તેજ બની છે. શિક્ષણ સમિતિના કુલ ૧૨ સદસ્યો પૈકી ભાજપે ૧૧ સદસ્યોના નામ જાહેર કર્યા છે. ભાજપના શહેર પ્રમુખ માધવ દવે દ્વારા પત્રકાર પરિષદ યોજી ઉમેદવારોના નામોની જાહેરાત કરવામાં આવી હતી. ભાજપ દ્વારા જાહેર કરવામાં આવેલા ૧૧ ઉમેદવારો વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભરશે. શિક્ષણ સમિતિમાં પક્ષના કાર્યકર્તાઓ ઉપરાંત ઉચ્ચ શિક્ષણ ધરાવતા ઉમેદવારોને સ્થાન આપવામાં આવ્યું હોવાનું ભાજપ શહેર પ્રમુખે જણાવ્યું હતું.

ભાજપ શહેર પ્રમુખ માધવ દવેના જણાવ્યા મુજબ પક્ષના કાર્યકર્તાઓની અપેક્ષાઓ વધુ હોય છે અને પાર્ટી માટે લાંબા સમયથી કાર્ય કરનારા કાર્યકર્તાઓને પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળે તે બાબતને ધ્યાનમાં રાખવામાં આવી છે. મોવડી મંડળની સૂચના અને ચર્ચા બાદ ૧૧ નામ નક્કી કરવામાં આવ્યા છે.

શિક્ષણ ક્ષેત્રે કામગીરી કરી શકે તેવા અને ઉચ્ચ શિક્ષણ ધરાવતા ઉમેદવારોને પણ પસંદગીમાં સ્થાન આપવામાં આવ્યું હોવાનું ભાજપ તરફથી જણાવાયું હતું. શિક્ષણ સમિતિ માટે સરકાર તરફથી પણ બે પ્રતિનિધિઓના નામ જાહેર કરવામાં આવ્યા છે. જેમાં ડો. નરેન્દ્ર વિસાણી અને કુમારભાઈ શાહનો સમાવેશ થાય છે. હવે ભાજપના ૧૧ અને સરકારના બે પ્રતિનિધિઓ સહિત સમિતિની રચનાની પ્રક્રિયા આગળ વધશે. બીજી તરફ શિક્ષણ સમિતિની ચૂંટણીમાં કોંગ્રેસ દ્વારા હાજીભાઈ ઓડિયાના નામની ઉમેદવાર તરીકે જાહેરાત કરવામાં આવતા રાજકોટ કોંગ્રેસમાં આંતરિક મતભેદ બહાર આવ્યા છે. કોંગ્રેસના આગેવાનો કમલેશ કોઠીવાર અને વિજયસિંહ જાડેજાએ ઉમેદવારની પસંદગી સામે જાહેરમાં અસંતોષ વ્યક્ત કર્યો હતો. બંને આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, પક્ષના સમર્પિત અને વફાદાર કાર્યકર્તાઓને બદલે અન્ય વ્યક્તિને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. તેમણે એવો પણ આક્ષેપ કર્યો હતો કે, પસંદ કરાયેલા ઉમેદવાર વિરોધ પક્ષ તરીકે શિક્ષણ સમિતિમાં યોગ્ય રજૂઆત કરી શકે તેવી સ્થિતિમાં નથી. ઉમેદવારની પસંદગી પ્રક્રિયા અંગે પણ બંને આગેવાનોએ સવાલો ઉઠાવ્યા છે. જોકે આ આક્ષેપ અંગે ભાજપ અથવા કોંગ્રેસના સત્તાવાર મોવડી મંડળ તરફથી અલગથી કોઈ સ્પષ્ટતા સામે આવી છે કે નહીં તે મહત્વનું રહેશે. કોંગ્રેસના આંતરિક વિરોધને લઈને શહેર પ્રમુખ દ્વારા પણ સંગઠનાત્મક રીતે કાર્યવાહી કરવાની ચીમકી આપવામાં આવી હોવાનું જાણવા મળે છે. શિક્ષણ સમિતિની ચૂંટણી પૂર્વે જ કોંગ્રેસમાં સામે આવેલા આ મતભેદને કારણે આગામી દિવસોમાં રાજકીય ગરમાવો વધવાની શક્યતા છે. ■

# ભાવનગર લઠ્ઠાકાંડમાં એસએમસીની મોટી કાર્યવાહી, મધ્ય પ્રદેશથી મુખ્ય આરોપી મનોજ વર્મા ઝડપાયો

## ગેરકાયદે કેમિકલ કે દારૂની સપ્લાય ચેઇન સાથે સીધી રીતે જોડાયેલો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના બહુચર્ચિત લઠ્ઠાકાંડ કેસમાં સ્ટેટ મોનિટરિંગ સેલ (એસએમસી) દ્વારા એક મોટી અને મહત્વપૂર્ણ સફળતા મેળવવામાં આવી છે. એસએમસીની ટીમે આ પ્રકરણમાં મધ્યપ્રદેશ રાજ્યમાંથી કેસના મુખ્ય આરોપીની ધરપકડ કરી લીધી હતી.

મળતી વિગતો અનુસાર ભાવનગર લઠ્ઠાકાંડની તપાસ કરી રહેલી એસએમસીની ટીમે મધ્યપ્રદેશના ધાર જિલ્લાના રાજોદ ગામ ખાતે દરોડો પાડીને આરોપી મનોજ વર્માને ઝડપી પાડ્યો હતો. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છેકે, આરોપી મનોજ વર્મા આ લઠ્ઠાકાંડમાં ગેરકાયદેસર કેમિકલ કે દારૂની સપ્લાય ચેઇન સાથે સીધી રીતે જોડાયેલો હતો. એસએમસી દ્વારા આરોપીની અટકાયત કર્યા બાદ તેને કાયદાકીય પ્રક્રિયા અર્થે સ્થાનિક અદાલતમાં રજૂ કરવામાં આવ્યો હતો. નામદાર કોર્ટે પોલીસની દલીલો ધ્યાને લઈ આરોપી મનોજ વર્માના ૫ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા હતા.

પોલીસ હવે રિમાન્ડ દરમિયાન આરોપીની પૂછપરછ કરીને સપ્લાય ચેઇન ક્યાં સુધી વિસ્તરેલી છે અને આ નેટવર્કમાં અન્ય કોણ કોણ સામેલ છે તે અંગે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરશે. ■

# રાજકોટમાં બે સંતાનોના પિતા એવા કાકાએ સાત વર્ષની ભત્રીજીને હવસનો શિકાર બનાવી દુષ્કર્મ આચર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ જિલ્લાના ઔદ્યોગિક વિસ્તાર શાપર-વેરાવળમાં એક શ્રમિક પરિવારની માસૂમ દીકરી પર તેના જ કૌટુંબિક કાકાએ દુષ્કર્મ આચરતાં ચકચાર મચી જવા પામી હતી. બે સંતાનોના પિતા એવા કાકાએ ૭ વર્ષની ભત્રીજીને હવસનો શિકાર બનાવી હતી. બાળકીની તબિયત બગડતા તેને હૉસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવી હતી. પોલીસે આ મામલે પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી ગણતરીના કલાકોમાં નરાધમ આરોપીને દબોચી લીધો હતો.

ઘટનાની વિગત મુજબ, મૂળ બિહારનો શ્રમિક પરિવાર છેલ્લા પાંચ વર્ષથી શાપરમાં રહીને કારખાનામાં મજૂરીકામ કરી ગુજરાન ચલાવે છે. પરિવારમાં માતા-પિતા ઉપરાંત સંતાનો સાથે રહે છે. બનાવના દિવસે માતા-પિતા રાબેતા મુજબ કારખાનામાં કામે ગયા હતા, જ્યારે અન્ય બાળકો શાળાએ ગયા હતા. ઘરે બાળકી એકલી હાજર હતી.

આ દરમિયાન તેમના જ ગામનો અને કૌટુંબિક કાકા સાંજે આશરે ૪૩૦ વાગ્યે ઘરે આવ્યો હતો. ભત્રીજી ઘરે એકલી હોવાનો ગેરલાભ ઉઠાવી, તેણે બિસ્કિટની લાલચ આપી પિશાચી કૃત્ય આચર્યું હતું. બાળકીએ માતા-પિતાને ફોન કરવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ કારખાનામાં મશીનરીના અવાજના કારણે તેઓ ફોન ઉપાડી શક્યા ન હતા.

સાંજે માતા-પિતા કામ પરથી પરત ફર્યા ત્યારે બાળકી રડતી હાલતમાં મળી આવી હતી અને તેણે સમગ્ર આપવીતી જણાવી હતી. આ સાંભળી પરિવારજનો સ્તબ્ધ થઈ ગયા હતા. પરિવારે તાત્કાલિક આરોપીના ઘરે જઈ પૂછપરછ કરતાં તેણે શરૂઆતમાં વાત નકારી કાઢી હતી. આખરે પરિવારે સીધો શાપર પોલીસ મથકે પહોંચી ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે તાત્કાલિક એક્શન મોડમાં આવી આરોપી કાકાની અટકાયત કરી આકરી પૂછપરછ હાથ ધરી હતી, જેમાં તેણે પોતાનો ગુનો કબૂલી લીધો હતો. ■

# રાજકોટ સિવિલ હૉસ્પિટલનો ગંભીર છબરડો, લાશની બિનવારસી તરીકે અંતિમવિધિ કરાતા પરિવારમાં રોષ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ સિવિલ હોસ્પિટલની ગુનાઈત બેદરકારીનો કિસ્સો બહાર આવ્યો હતો. હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલા વૃદ્ધના મૃતદેહની અદલાબદલી થઈ ગઈ હતી અને અંતિમ સંસ્કાર પણ કરી દેવામાં આવ્યા હતા. જો કે મૃતકના પરિવારની જાણ બહાર જ શબના અગ્નિસંસ્કાર કરવામાં આવ્યા હતા. મૃતકની અંતિમવિધિ માટે પરિવારજનો અમેરિકાથી રાજકોટ આવ્યા હતા પણ સિવિલની બેદરકારીના કારણે અંતિમ દર્શન કરી શકી ન હતી. ગંભીર છબરડો બહાર આવ્યા બાદ સિવિલ તંત્રએ કમિટી બનાવી તપાસ હાથ ધરી છે.



સિવિલ હોસ્પિટલ ખાતે મૃતદેહની અંતિમવિધિને પગલે પરિવાર દ્વારા ગંભીર વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. ઠાકર પરિવારના જણાવ્યા મુજબ, પરિવારના સભ્યના કુદરતી મૃત્યુ બાદ મૃતદેહને સિવિલ હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવ્યો હતો. મૃતકની દીકરી અમેરિકાથી પરત આવવાની હોવાથી તે આવ્યા બાદ પરિવારની હાજરીમાં અગ્નિસંસ્કાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. પરંતુ પરિવારના જણાવ્યા મુજબ મૃતદેહને બિનવારસી માની અગ્નિસંસ્કાર કરી દેવામાં આવ્યો હતો. આ અંગે જાણ થતાં ઠાકર પરિવારે રોષ વ્યક્ત કર્યો હતો અને હોસ્પિટલ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠાવ્યા હતા. પરિવારે આક્ષેપ કર્યો હતો કે, તેમની જાણ અને સંમતિ વિના મૃતદેહને બિનવારસી તરીકે ગણી અંતિમવિધિ કરી દેવામાં આવી હતી. બનાવની જાણ થયા બાદ પરિવારજનોમાં રોષની લાગણી જોવા મળી હતી.

પરિવારે હોસ્પિટલ તંત્રને અપીલ કરી હતી કે, મૃતદેહની ઓળખ, કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવેલા મૃતદેહોની નોંધ અને અંતિમવિધિ કરતા પહેલા પરિવારજનોને જાણ કરવાની પ્રક્રિયામાં વધુ તકેદારી રાખવામાં આવે. આ સમગ્ર મામલે હોસ્પિટલ તંત્ર દ્વારા તપાસ કરવામાં આવે અને કયા કારણોસર મૃતદેહને બિનવારસી તરીકે ગણવામાં આવ્યો તે અંગે સ્પષ્ટતા કરવામાં આવે તેવી પરિવારે માગ કરી હતી. આ સાથે જ ભવિષ્યમાં આવી કોઈ ઘટના ન બને તે માટે સિવિલ હોસ્પિટલમાં મૃતદેહોની ઓળખ અને રેકોર્ડ જાળવણીની વ્યવસ્થા વધુ મજબૂત બનાવવામાં આવે તેવી અપીલ પણ પરિવાર દ્વારા કરવામાં આવી હતી. ■

# ભાવનગરના મહુવામાં પિતૃકાર્ય ટાણે વૃદ્ધા પર ડાકણનો વહેમ નાખનાર યુવકનો ભાંડાફોડ

## મહુવા પોલીસ સ્ટેશનના પી.આઈ. એ પરિસ્થિતિ પારખી તાત્કાલિક પોલીસ સ્ટાફ ફાળવ્યો હતો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ હાલ પિતૃપક્ષ ચાલી રહ્યો છે અને પિતૃઓના મોક્ષાર્થે કેટલાક લોકો દ્વારા તર્પણ, હવન કરવામાં આવતા હોય છે. આ દરમિયાન ભાવનગર જિલ્લાના મહુવામાં અંધશ્રદ્ધા અને વહેમના નામે એક નિર્દોષ વૃદ્ધ મહિલાને ડાકણ ગણાવી પ્રતાડિત કરવાનો પ્રયાસ ભારત જન વિજ્ઞાન જાથા અને સ્થાનિક પોલીસની સતર્કતાથી નિષ્ફળ બન્યો હતો. વિજ્ઞાન જાથાની ટીમે મહુવા પોલીસ સાથે મળીને આ ઢોંગનો પર્દાફાશ કરી પોતાના ૧૨૯૦માં સફળ કેસની નોંધ કરી હતી. ખોટો આરોપ મુકનાર યુવકે જાહેરમાં ભૂલ સ્વીકારી માફીપત્ર અને કબૂલાતનામું લખી આપતાં સમગ્ર વિવાદનો સુખદ અંત આવ્યો હતો.

ઘટનાની વિગત મુજબ, મહુવામાં રહેતા એક વ્યક્તિએ પોતાના પિતાના મોક્ષાર્થે પિતૃકાર્ય રાખ્યું હતું. આ ધાર્મિક વિધિ દરમિયાન યુવક અચાનક ધૂણવા લાગ્યો હતો અને પરિવાર સમક્ષ એવો દાવો કર્યો હતો કે ઘરની અશાંતિ અને મુશ્કેલીઓ પાછળ મિલાપભાઈની વૃદ્ધ માતા કમુબેન જવાબદાર છે. તેણે કમુબેન 'ડાકણ' હોવાનો પાયાવિહોણો આરોપ લગાવ્યો હતો. આ સામાજિક આક્ષેપના કારણે કમુબેન અને તેમના પરિવારની પ્રતિષ્ઠા જોખમાઈ હતી તેમજ પરિવાર ભારે માનસિક યાતના અને મુશ્કેલીમાં મુકાઈ ગયો હતો.

ન્યાય મેળવવા અને આ ખોટા વહેમમાંથી મુક્ત થવા માટે યુવકે રાજકોટ સ્થિત ભારત જન વિજ્ઞાન જાથાના કાર્યાલયે પહોંચી સમગ્ર ઘટના અંગે લેખિત રજૂઆત કરી હતી. ફરિયાદના આધારે જાથાના રાજ્ય ચેરમેન એડવોકેટ જયંત પંડ્યાએ સમગ્ર મામલે પ્રાથમિક તપાસ હાથ ધરી હતી, જેમાં પીડિત પરિવાર નિર્દોષ હોવાનું અને તેમના પર બદઇરાદાથી અંધશ્રદ્ધાનો ખોટો વહેમ નાખવામાં આવ્યો હોવાનું સ્પષ્ટ થયું હતું.

સ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને જયંત પંડ્યાએ ભાવનગર જિલ્લા પોલીસ વડા અને ઉચ્ચ અધિકારીઓને પત્ર લખી મહુવા પોલીસના સહયોગની માંગ કરી હતી. મહુવા પોલીસ સ્ટેશનના પી.આઈ. એ પરિસ્થિતિ પારખી તાત્કાલિક પોલીસ સ્ટાફ ફાળવ્યો હતો. વિજ્ઞાન જાથાની ટીમ પોલીસ કાફલા સાથે સ્થળ પર પહોંચી હતી અને ધૂણવાનો ઢોંગ કરી આરોપ મુકનાર અમન ખોડીફાસ સામે કાયદાકીય તેમજ વૈજ્ઞાનિક દલીલો રજૂ કરી હતી. પોલીસ અને વિજ્ઞાન જાથાના સચોટ વલણ સામે અમનનો પર્દાફાશ થઈ ગયો હતો. તેણે પોતાની ભૂલ સ્વીકારી લીધી હતી અને જાહેરમાં કમુબેન તથા તેમના પરિવારની માફી માંગી હતી. ભવિષ્યમાં આવી અંધશ્રદ્ધા કે ખોટા આરોપો નહીં લગાવવાની લેખિત બાંહેધરી અને કબૂલાતનામું આપતાં મામલો સંપૂર્ણપણે થાળે પડ્યો હતો. નિર્દોષ વૃદ્ધા પરથી કલંક હટતાં પરિવારે રાહતનો શ્વાસ લીધો હતો. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# બે લાખ રૂપિયાની માગી લાંચ: ફાયરબ્રિગેડના બે અધિકારી પકડાયા

મુંબઈ: હોટેલના ફાયર લાઇસન્સ માટે બે લાખ રૂપિયાની લાંચ માગવા બદલ એન્ટિ-કરપ્શન બ્યૂરો (એસીબી)એ ફાયરબ્રિગેડના બે અધિકારીને ઝડપી પાડ્યા હતા.

હોટેલના ફાયર લાઇસન્સ માટે ફાયરબ્રિગેડના ફોર્ટ સેન્ટરના અધિકારી અરૂણ દેવાળેએ ફરિયાદી પાસે બે લાખ રૂપિયાની લાંચ માગી હતી. લાંચ આપવી ન હોવાથી ફરિયાદીએ ૧૮ જૂન, ૨૦૨૬ના રોજ એસીબીનો સંપર્ક સાધ્યો હતો અને ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે તપાસ કરવામાં આવતાં અરૂણ દેવાળેએ ફરિયાદીના કામ માટે લાંચ માગી હોવાનું અન તડજોડને અંતે ૧.૫૦ લાખ રૂપિયા સ્વીકારવાની તૈયારી દર્શાવી હોવાનું જાણવા મળ્યું હતું. જોકે ફરિયાદીએ અરૂણ દેવાળેને ૬૦ હજાર રૂપિયા ચૂકવ્યા અને ફાયર લાઇસન્સ માટે ઓનલાઇન નવ હજાર ટોકન મની તરીકે ભર્યા હતા.

દરમિયાન મંગળવારે એસીબીની ટીમ દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું અને અરૂણ દેવાળે વતી ફરિયાદી પાસેથી ૮૦ હજાર રૂપિયાની લાંચ સ્વીકારતી વખતે ફાયરબ્રિગેડના અધિકારી અમોલ મુળિકને એસીબીએ રંગેહાથ પકડી પાડ્યો હતો. બાદમાં અરૂણને પણ તાબામાં લેવામાં આવ્યો હતો, એમ એસીબીના અધિકારીએ જણાવ્યું હતું.

# કપલે બાળકીને ૧.૨ લાખ રૂપિયામાં વેચી

## ત્રણ વખત વેચવામાં આવેલી બાળકી હૈદરાબાદમાં મળી

છત્રપતિ સંભાજીનગર: છત્રપતિ સંભાજીનગરમાં લિવ-ઈન રિલેશનશિપમાં રહેતા કપલે એક મહિનાની બાળકીને ૧.૨ લાખ રૂપિયામાં વેચી દીધી હતી. પછી આગળ ત્રણ વખત વેચવામાં આવેલી છેક હૈદરાબાદથી મળી આવતાં પોલીસે સાત આરોપીની ધરપકડ કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ મજૂરી કરતા યુગલે બાકીને વેચીને મેળવેલી રકમમાંથી મોબાઈલ ફોન અને સોનું ખરીદ્યું હતું. યુગલ સહિત સાત જણની ધરપકડ કરવામાં આવી હોઈ છોડાવાયેલી બાળકીને ઘોડિયાઘરમાં રાખવામાં આવી છે.

બાળકીને વેચવાનો મામલો ત્યારે પ્રકાશમાં આવ્યો, જ્યારે માતાએ પોલીસનો સંપર્ક સાધ્યો હતો. માતાએ પોલીસને કહ્યું હતું કે પાંચમી જુલાઈએ જન્મેલી બાળકીને સાત ઑગસ્ટે કૌશલ્યા પવાર અને તેની દીકરી સીમા રેશવાલ કથિત રીતે પોતાની સાથે લઈ ગઈ હતી.

માતાએ આક્ષેપ કર્યો હતો કે બે મહિલાએ તેની અને તેના લિવ-ઈન પાર્ટનરની અમુક કાગળ પર સાઈન લીધી હતી અને ૧.૨ લાખની રોકડ આપી હતી. આ પ્રકરણે ૨૩ સપ્ટેમ્બરે મુકુંદવાડી પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધવામાં આવ્યો હતો.

પોલીસ તપાસમાં જણાયું હતું કે ફરિયાદી મહિલા અને તેનો લિવ-ઈન પાર્ટનર મજૂરી કરતાં હતાં. ફરિયાદીનો પાર્ટનર દારૂ પીવાનો આદિ હતો. બાળકીને ૧.૨ લાખ રૂપિયામાં વેચ્યા પછી તરત જ તેમણે પચીસ હજાર રૂપિયામાં બે મોબાઈલ ફોન અને ૬૨ હજાર રૂપિયાનું સોનું ખરીદ્યું હતું. કૌશલ્યા અને ફરિયાદી સાથે કામ કરતા હોવાથી એકબીજાને ઓળખતી હતી.

બાદમાં બાળકીને ત્રણ વખત વેચવામાં આવી હતી. સીમાએ સંગીતા આવ્હાડ નામની મહિલાને ૨.૭ લાખ રૂપિયામાં બાળકી વેચી હતી અને સંગીતાએ ૩.૫ લાખ રૂપિયા લઈને તેલંગણા જિલ્લાના જગતિયાલ ખાતે રહેતા સુરેશ ગુન્ટુકાને આપી હતી, એવું તપાસ અધિકારી હરેશ્વર ઘુગેએ જણાવ્યું હતું. બાળકીને વેચીને થયેલા ૧.૫ લાખ રૂપિયાના 'નફા'માંથી કૌશલ્યાએ પોતે ૧.૧ લાખ રૂપિયા રાખ્યા હતા, જ્યારે સીમાને ૪૦ હજાર રૂપિયા આપ્યા હતા. આ રકમમાંથી બન્નેએ દેવું ચૂકવ્યું હતું. (પીટીઆઈ)

# મહારાષ્ટ્રમાં ૫૮ લાખ ઈસીજીથી હૃદયરોગના ૩૪ હજાર ગંભીર કેસ ઝડપાયા

મુંબઈ: મહારાષ્ટ્રમાં હૃદયરોગના હુમલાની સમયસર ઓળખ અને સારવાર માટે ચાલી રહેલા સરકારી કાર્યક્રમ હેઠળ અત્યાર સુધીમાં લગભગ ૫૮ લાખ ઈસીજી કરવામાં આવ્યા છે. રાજ્યના આરોગ્ય વિભાગના આંકડા મુજબ આ તપાસ દરમિયાન ૩૪,૦૩૨ ગંભીર હૃદયરોગના હુમલાના કેસ એટલે કે સ્ટેમી કેસની ઓળખ થઈ છે. છેલ્લાં સાત વર્ષના આ આંકડા રાજ્યમાં હૃદયરોગનું વધતું જતું જોખમ દર્શાવે છે.

મહારાષ્ટ્ર સરકારે ૨૦૨૦માં સ્ટેમી કાર્યક્રમ શરૂ કર્યો હતો. આ યોજના હેઠળ સરકારી આરોગ્ય કેન્દ્રો અને ગ્રામીણ હોસ્પિટલોમાં કરવામાં આવેલા ઈસીજીનું નિષ્ણાતો દ્વારા દૂરથી વિશ્લેષણ કરવામાં આવે છે. ઈસીજીનો અહેવાલ સામાન્ય રીતે લગભગ ચાર મિનિટમાં નિષ્ણાત સુધી પહોંચે છે, જેના આધારે હૃદયરોગનો હુમલો હોવાની સ્થિતિમાં દર્દીને તાત્કાલિક સારવાર શરૂ કરવામાં આવે છે.

આ કાર્યક્રમમાં સ્થાનિક આરોગ્ય કેન્દ્રોને મોટા હૃદયરોગ સારવાર કેન્દ્રો સાથે જોડવામાં આવ્યા છે. દર્દીને નજીકની આરોગ્ય સુવિધા પર પ્રાથમિક સારવાર આપ્યા બાદ જરૂરિયાત મુજબ વિશેષ હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે, જ્યાં હૃદયની નળીની તપાસ અને એન્જિયોપ્લાસ્ટી જેવી સારવાર કરવામાં આવે છે. આ વ્યવસ્થાનો ખાસ લાભ ગ્રામીણ વિસ્તારોના દર્દીઓને ઝડપી સારવાર મેળવવામાં થઈ રહ્યો છે.

આંકડા મુજબ ૨૦૨૫-૨૬ દરમિયાન ૨૩.૩૯ લાખથી વધુ ઈસીજી કરવામાં આવ્યા હતા અને ૧૩,૦૯૭ ગંભીર સ્ટેમી કેસની ઓળખ થઈ હતી. ચાલુ નાણાકીય વર્ષમાં ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૬ સુધીમાં ૧૫.૩૮ લાખથી વધુ ઈસીજી કરવામાં આવ્યા છે અને ૮,૪૦૧ ગંભીર કેસ ઝડપાયા છે. શરૂઆતનાં વર્ષોની સરખામણીએ ઈસીજી તપાસની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે. રાજ્યમાં આ પહેલથી હૃદયરોગની સારવારનું નેટવર્ક પણ સતત વિસ્તર્યું છે.

# લાગણીશીલ પરિવારના સભ્યોએ પિતાના શબને ચાર વર્ષ સુધી ફ્રીઝરમાં સાચવી રાખ્યું

- મૃતદેહને સાચવવાની પ્રક્રિયા પાછળ ૫૦ લાખનો ખર્ચ કર્યો
- શબ અમેરિકામાં મોકલવાનું પરિવાર વિચારતો હતો

મુંબઈ: મલાડમાં બનેલા અસાધારણ કિસ્સામાં લાગણીશીલ પરિવારના સભ્યોએ વૃદ્ધ પિતાના કુદરતી મૃત્યુ પછી તેમના શબને ચાર વર્ષ સુધી ફ્રીઝરમાં સાચવી રાખ્યું હતું. શબને સાચવવાની પ્રક્રિયા પાછળ આ કુટુંબે ૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હતો. મૃતદેહ અમેરિકા મોકલવાનો વિચાર પરિવાર કરતો હતો, પરંતુ રિડેવલપમેન્ટ માટે ડે-કૅર સેન્ટરનો પરિસર ખાલી કરવામાં આવતાં આ મામલો સામે આવ્યો હતો.

જોકે ૮૦ વર્ષના વૃદ્ધના મૃત્યુ બાબતે કોઈ શંકા નથી. કૅન્સર, કિડનીની સમસ્યાથી પીડાતા વૃદ્ધનું ૨૦૨૨માં મૃત્યુ થયું હતું. પરિવારે ડૉક્ટર પાસેથી ડેથ સર્ટિફિકેટ મેળવ્યું હતું, જેના આધારે વૃદ્ધનું નિધન કુદરતી હોવાની ખાતરી થઈ હતી, એવું કુરાર પોલીસનું કહેવું છે.

પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે જૂન, ૨૦૨૨માં વૃદ્ધનું મૃત્યુ થયું હતું. લાગણીશીલ પરિવારે ઊંડા ભાવનાત્મક જોડાણને કારણે મૃતકના અંતિમક્રિયા ન કરવાનો નિર્ણય લીધો હતો. પરિણામે શરૂઆતમાં મલાડ સ્થિત ઘરમાં ફ્રીઝરમાં શબને રાખવામાં આવ્યું હતું. બાદમાં ડે-કૅર સેન્ટરમાં ફ્રીઝરમાં મૃતદેહ સાચવી રાખવામાં આવ્યો હતો.

મૃતકની પત્ની અને બે સંતાન છે, જેમાંથી એક દીકરી વકીલ હોવાનું કહેવાય છે. દીકરી અંધેરીમાં રહે છે. પિતાના શબને સાચવી રાખવાની પ્રક્રિયા પાછળ પરિવારના સભ્યોએ ૫૦ લાખ રૂપિયાનો ખર્ચ કર્યો હોવાનું પોલીસનું કહેવું છે.

મલાડના જે ડે-કૅર સેન્ટરમાંના ફ્રીઝરમાં મૃતદેહ સાચવી રાખવામાં આવ્યો હતો તે પણ છેલ્લા એક મહિનાથી બંધ છે. સેન્ટરનો પરિસર રિડેવલપમેન્ટમાં ગયો હોવાથી શબને ખસેડવાની ફરજ પડી હતી, જેને પગલે આ મામલો સામે આવ્યો હતો.

મૃતદેહની જાણ થતાં કુરાર પોલીસની ટીમ સોમવારની રાતે ડે-કૅર સેન્ટર પહોંચી હતી. પરિવારના સભ્યોએ પૂરતા દસ્તાવેજો રજૂ કરતાં પોલીસને શંકાસ્પદ જેવું કંઈ જણાયું નહોતું.

હાલમાં આ મામલે કોઈ ગુનો નોંધવામાં આવ્યો નથી. જોકે પોલીસ કાનૂની સલાહ લેવાનું વિચારી રહી છે.

પોલીસના જણાવ્યા મુજબ અમેરિકામાં વર્ષો સુધી મૃતદેહ સાચવી રાખવાની સુવિધા છે. એ બાબતે પરિવારના સભ્યોએ ઈન્ટરનેટ પર સર્ચ સુધ્ધાં કર્યું હતું. મૃતદેહને લાંબો સમય સાચવી રાખવા માટે અમેરિકા લઈ જવાનું વિચારવામાં આવી રહ્યું હતું.

# ટેમ્પોએ બાઈકને ટક્કર મારતાં મામા અને બે ભાણેજનાં મૃત્યુ

બીડ: ટેમ્પોએ બાઈકને ટક્કર મારતાં ૩૩ વર્ષના મામા અને બે ભાણેજનાં મૃત્યુ થયાં હોવાની ઘટના બીડ જિલ્લામાં બની હતી.

પોલીસના જણાવ્યા મુજબ ઘટના શિરુર કાસાર તહેસીલમાં હિવરસિંગા નજીક મંગળવારની રાતે બની હતી. મૃતકોની ઓળખ શિરુર કાસારમાં રહેતા રામ બાજીરાવ શેળકે, બીડમાં રહેતા ભાણેજ ગણેશ રોહિદાસ બજગુડે (૨૧) અને મંગેશ (૧૯) તરીકે થઈ હતી. ગણેશ અને મંગેશ સગા ભાઈ હોવાનું પોલીસનું કહેવું છે.શેળકેનો એક ભાણેજ તેમને અને ભાઈને લેવા માટે બીડથી બાઈક પર આવ્યો હતો. મંગળવારની રાતે ત્રણેય જણ એક બાઈક પર બીડ જવા નીકળ્યા હતા. ઘટનાસ્થળે સામેથી પુરપાટ વેગે આવેલા ટેમ્પો સાથે બાઈક ટકરાઈ હતી. આ ઘટનામાં ત્રણેયનાં ઘટનાસ્થળે જ મોત નીપજ્યાં હતાં. (પીટીઆઈ)

# ઘરમાં લૂંટના પ્રયાસ બાદ ટોળાએ બેરહેમીથી પીટાઇ કરતાં યુવકનું મૃત્યુ: ત્રણ ઝડપાયા

## દરમિયાન બનાવની જાણ થતાં બીટ માર્શલ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સુમેધને તાબામાં લીધો હતો અને તેને બેલતારોડી પોલીસ સ્ટેશનમાં લઇ જવાયો હતો

નાગપુર: નાગપુરમાં ઘરમાં લૂંટના કથિત પ્રયાસ બાદ ટોળાએ ૨૮ વર્ષના યુવકની બેરહેમીથી પીટાઇ કરતાં તેનું મૃત્યુ થયું હતું. આ ઘટના બાદ યુવકના કુટુંબીજનોએ આક્ષેપ કર્યો હતો કે તેમના પુત્રને હોસ્પિટલને બદલે પ્રથમ પોલીસ સ્ટેશનમાં લઇ જવાયો હતો.

બેલતારોડી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પૃથ્વીરાજ નગરમાં મંગળવારે આ ઘટના બની હતી અને પોલીસે આ પ્રકરણે ત્રણ જણને કસ્ટડીમાં લીધા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે સુમેધ રાજેન્દ્ર ગજભિયે અને તેનો સાથીદાર દીપક પાટીલ ડિલિવરી બૉયના સ્વાંગમાં ઉષા ધાર્મિક નામની મહિલાના ઘરમાં પ્રવેશ્યા હતા. સુમેધ ગજભિયેએ ઉષાને ચાકુની ધાક દાખવીને ધમકાવી હતી અને તેની સોનાની ચેન આંચકી હતી. ઘરમાં હાજર ઉષાની પુત્રવધૂએ તાત્કાલિક તેના પતિનો સંપર્ક સાધીને ઘટનાની જાણ કરી હતી, જેને પગલે તે મિત્રો સાથે ઘરે આવી પહોંચ્યો હતો. તેમણે સુમેધને પકડી પાડ્યો હતો, જ્યારે તેનો સાથીદાર પાટીલ ભાગી છૂટવામાં સફળ રહ્યો હતો. ટોળાએ બાદમાં સુમેધની બેરહેમીથી પીટાઇ કરી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

દરમિયાન બનાવની જાણ થતાં બીટ માર્શલ ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને સુમેધને તાબામાં લીધો હતો અને તેને બેલતારોડી પોલીસ સ્ટેશનમાં લઇ જવાયો હતો.

ડેપ્યુટી પોલીસ કમિશનર (ઝોન-૪) રશ્મિતા રાવે જણાવ્યું હતું કે સુમેધને બપોરે ૩.૩૧ વાગ્યે પલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો. બપોરે ૩.૪૩ વાગ્યે તેણે છાતિમાં દુખાવાની ફરિયાદ કરી હતી. આથી તેને હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં ડોક્ટરોએ બપોરે ૪.૨૦ વાગ્યે તેને તપાસીને મૃત જાહેર કર્યો હતો. સુમેધના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો અને તેનો રિપોર્ટ આવ્યા બાદ મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ જાણી શકાશે.

# સીએસએમટી યાર્ડમાં દુરંતો એક્સપ્રેસના ખાલી રેકમાં લાગી આગ: કોચ બળીને ખાખ

## પ્રીમિયમ ટ્રેન સાડા સોળ કલાક મોડી પડી: પ્રવાસીઓને ભારે હાલાકી

મુંબઈ: છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસના યાર્ડમાં આજે વહેલી સવારે હાવડા જતી દુરંતો એક્સપ્રેસના ખાલી રેકના પેન્ટ્રી ડબ્બામાં અચાનક આગ લાગતાં અફડાતફડીના માહોલનું નિર્માણ થયું હતું. આગની જાણ થતાં જ ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણકારી આપવામાં આવી હતી. જોકે ટ્રેન ખાલી હોવાથી જાનહાનિ થઈ નહોતી. દુરંતો એક્સપ્રેસનો ખાલી રેક સીએસએમટી યાર્ડમાં ઊભો હતો. સવારે આશરે ૩.૪૦ વાગ્યે તેના પેન્ટ્રી ડબ્બામાં આગ લાગી હતી. આગની જ્વાળાઓ દેખાતાં જ રેલવે કર્મચારીઓએ તાત્કાલિક અગ્નિશમન દળને જાણ કરી હતી. માહિતી મળ્યા બાદ અગ્નિશમન દળની ટીમ સવારે ૪.૦૧ વાગ્યે ઘટનાસ્થળે પહોંચી હતી ત્યાર બાદ આગ બુઝાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. માત્ર ચાર મિનિટની કામગીરી બાદ સવારે ૪.૦૫ વાગ્યે આગ પર સંપૂર્ણ કાબૂ મેળવી લેવામાં આવ્યો હતો.

જો કે પેન્ટ્રી ડબ્બામાં આગ કયા કારણોસર લાગી તે અંગે હજુ સ્પષ્ટતા થઈ નથી. રેલવે પ્રશાસન દ્વારા હાલ આ સમગ્ર ઘટનાની તપાસ હાથ ધરવામાં આવી છે. આગથી પેન્ટ્રી ડબ્બાને થયેલા નુકસાનનું પણ મૂલ્યાંકન કરવામાં આવી રહ્યું છે. સવારે અંધારામાં લાગેલી આગને કારણે થોડા સમય માટે યાર્ડમાં ચકચાર મચી હતી, પરંતુ અગ્નિશમન દળની ઝડપી કામગીરીને કારણે આગને વધુ ફેલાતી અટકાવવામાં આવી હતી.

આ પ્રકરણે મધ્ય રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી સ્વપ્નિલ નીલાએ મુંબઈ સમાચારને જણાવ્યું હતું કે, વહેલી સવારે પેન્ટ્રી કારમાં અચાનક આગ લાગી હતી અને આ બાબતની જાણકારી તરત જ અગ્નિશમન દળને અપાઈ હતી. અને માત્ર ચાર જ મિનિટમાં આગ નિયંત્રણમાં લેવામાં આવી હતી. ત્યારબાદ આ ટ્રેનનો કોચ બદલી તેને આગળ મોકલી દેવાઈ હતી. મુંબઈ હાવડા દુરંતો એક્સપ્રેસ અગાઉ મંગળવારે સાંજે સવા પાંચ વાગે શેડ્યૂલ કરાઈ હતી, પરંતુ તેને બુધવારે સવારે સાડા આઠ વાગ્યે રિશેડ્યૂલ કરવામાં આવી હતી, પરંતુ વહેલી સવારે આજ ટ્રેનના કોચમાં આગ ફાટી નીકળતા આ ટ્રેનનો આગ લાગેલો કોચ રિપ્લેસ કરાયો હતો અને ટ્રેનને ફરી એક વાર રિશેડ્યૂલ કરવાની ફરજ પડી હતી. અને છેવટે પ્રવાસીઓ સાથે આ ટ્રેન સવારે ૯.૪૭ વાગ્યે મુંબઈ સીએસએમટીથી હાવડા જવા રવાના થઈ હતી.

# હિન્દુ મરણ

### સુરતી દશા શ્રીમાળી વણિક

હાંસોટ નિવાસી, હાલ મુંબઈ સ્વ. હિરેનભાઈ શેઠ તે સ્વ. ઉપેન્દ્રભાઈ તથા ગં. સ્વ. પ્રતિમાબેનના પુત્ર. તે ગં. સ્વ. રીટાબેનના પતિ. અ. સૌ. પૂજા તથા અ. સૌ. નેહાના પિતાશ્રી. તે સંજીતભાઈ વિજયભાઈ મહેતા તથા કંદર્પભાઈ અતુલભાઈ મહેતાના સસરા. તે ચિ. નિયાના નાના. તે દેવાંગ શેઠ તથા પરેશ શેઠના મોટાભાઈ. તા. ૨૯-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા તા. ૧-૧૦-૨૬ ગુરુવારના વનિતા વિશ્રામ હોલ, પ્રાર્થનાસમાજ રોડ મધ્યે સાંજે ૫ થી ૭.

### કચ્છી લોહાણા

કચ્છ ગામ માતાના મઢ નિવાસી હાલે કાંદિવલી સ્વ. હિરાબેન નારાયણદાસ ઠક્કરના સુપુત્ર શીરીષકુમાર (ચંદુભાઈ) નારાયણદાસ ઠક્કર (ઉં. વ. ૮૪) તા. ૨૮-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે રેખાબેનના પતિ. ઈશા હેમલ - શિંગાડાના પિતાશ્રી. તે સ્વ. પ્રવીણાબેન ભગવાનદાસ લાખાણીના જમાઈ. તે સ્વ. દેવેન્દ્રકુમાર નારાયણદાસ ઠક્કરના નાનાભાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશા સોરઠિયા વણિક

માંગરોળ નિવાસી હાલ મુંબઈ અ. સૌ. રશ્મિબેન (ઉં.વ. ૮૩) તે ભોગીલાલ કોઠારીના ધર્મપત્ની તા. ૨૮-૯-૨૬, સોમવારે શ્રીજીચરણ પામ્યા છે. તે ધીરેનભાઈ, આશિષભાઈ, દીપાબેનના માતુશ્રી. નીતા, મેઘના દેવેન્દ્રભાઈ ધોળકીયાના સાસુમા. સ્વ. મોહનલાલ લાધાભાઈ ઝવેરીની પુત્રી. સ્વ. સુમનભાઈ શાહ, સ્વ. મધુસુદનભાઈ ધોળકીયા, પંકજભાઈ શાહના વેવાણ. સ્વ. વિમલાબેન ઉત્તમચંદ શેઠ, સ્વ. ધનલક્ષ્મીબેન કાંતિલાલ ધ્રુવ, સ્વ. દ્વારકાદાસભાઈ કોઠારીના ભાભી. સર્વે તરફથી પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧-૧૦-૨૬ના ૫ થી ૭ યોગી સભાગૃહ, સેન્ટ્રલ દાદર (પૂર્વ).

### કચ્છી લોહાણા

પ્રભાવતીબેન મથુરાદાસ બાટ તા. ૨૮-૯-૨૬, સોમવારના નાશિક મુકામે રામશરણ પામેલ છે. તે સ્વ. મથુરાદાસ પેરાજ બાટના ધર્મપત્ની. સ્વ. બચુબાઈ હરીરામ સોમૈયાના પુત્રી. હર્ષદભાઈ, દિનેશભાઈ, સ્વ. ભરતભાઈ, સંજયભાઈ, કશ્યપભાઈ, કિરણબેન, હર્ષાબેનના માતુશ્રી. નંદાબેન, શૈલાબેન, જીગનાબેન, પલ્લવીબેન, અનિલકુમાર વેલજી શોતા, હરિશકુમાર પરશોત્તમ દૈયાના સાસુજી. બંને પક્ષની પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧-૧૦-૨૬ના ૫ થી ૭ ગોપુરમ હોલ, આર. પી. રોડ, મુલુન્ડ વેસ્ટ. લૌકિક વહેવાર બંધ રાખવામાં આવેલ છે.

### ગોભવા મોઢ વણિક

ગામ રાણપુર હાલ મુંબઈ સ્વ. મહેન્દ્ર દોશી તથા મીનાબેનના પુત્ર દિલેશ (ઉં.વ. ૫૩) તા. ૨૯-૯-૨૬ના મંગળવારે શ્રીજીચરણ પામેલ છે. તે સોનલના પતિ. હિઝાના પિતા. સ્વાતિના ભાઈ. ધર્મેશના સાળા. સાક્ષી, દર્શના મામા. તે હિનાબેન અને સ્વ. ક્રિષ્નકાંતભાઈના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૨-૧૦-૨૬, શુક્રવારે ૪ થી ૬. સ્થળ: રઘુલીલા મોલ, શેઠીયા હોલ, કાંદિવલી વેસ્ટ.

### ચરોતર રૂખી

ગામ જણસેલના વતની અને હાલ વિરાર જયંતીભાઈ કેશવ દેસાઈની ધર્મપત્ની ચંદાબેન તા. ૨૭-૯-૨૬ના નિધન થયું છે. તે હસમુખ, જેકી, કીર્તિ, નવીન, વિનેશ, હેમલતા, સોનુ, નીલમના માતા. રેખા, વર્ષા, યોગીતા, લક્ષ્મીના સાસુ. ખીમજીભાઈ, અંબાલાલભાઈ, પ્રકાશભાઈના ભાભી. મીના, પપ્પીબેન, મીનાબેનના જેઠાણી. રાજુભાઈના બેન. સૂતક સુંવાળા તા. ૧-૧૦-૨૬, ગુરુવારે સાંજે ૫ થી ૭ નિવાસસ્થાને ગુરુકૃપા એપાર્ટમેન્ટ, એ વિંગ, ૨૦૩, પ્રથમેશ નગર, ફૂલપાડા, વિરાર (પૂર્વ).

### સિહોર સંપ્રદાય ઔદિચ્ય અગિયારસે બ્રાહ્મણ

વલ્લભીપુર નિવાસી (હાલ પૂના) વિનયકાંત શાંતિલાલ વ્યાસ (ઉં.વ. ૮૨) તે કલ્પનાબેનના પતિ. અમિતભાઈ, પરાગભાઈ, અ. સૌ. બિજલબેન વિશાલકુમાર રિજિયાના પિતાશ્રી. સ્વ. કુંદનબેન યશવંતરાય ઉમીયાશંકર વ્યાસના જમાઈ (પાર્લા). અ. સૌ. મિનાક્ષી અમિતભાઈ વ્યાસ, અ. સૌ. મનીષા પરાગભાઈ વ્યાસ, વિશાલકુમાર શશીકાંત રિજિયાના સસરા. જુહી, પુરંજય, ખુશાલના દાદા. પ્રનિલના નાના તા. ૨૭-૯-૨૬, રવિવારના કૈલાસવાસી થયેલ છે. સાદડી તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

### કપોળ

સિહોર નિવાસી હાલ મુંબઈ કેમ્સ કોર્નર લલિતભાઈ મહેતા (ઉં.વ. ૮૫) તે આશાબેનના પતિ. વિભૂતિ, મહર્ષિના પિતા. અમાયરાના દાદા. વીર-વિધિના નાના. હેમાંશુ કનાકિયા, નિરાલીના સસરા તા. ૨૮-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે.

### કપોળ

સિહોરવાળા સ્વ. દેવયાનીબેન જયંતિલાલ સંઘવીના પુત્ર દિલીપ (ઉં.વ. ૭૭) તા. ૨૯-૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કુસુમબેનના પતિ. નિરજ, નેમિષના પિતા. અશ્વિન, પરિમલ, પલ્લવી દિનેશ પારેખના મોટા ભાઈ. રાજુલ, એકતાના સસરા. રાશી, તિસ્યાના દાદા. સ્વ. હરજીવનદાસ મોરારજી ગાંધીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### દશા સોરાઠીયા વણિક સમાજ

મોટા દડવા નિવાસી હાલ કાંદિવલી. કિરીટભાઈ ભગવાનજી ઘીયા (ઉં.વ.૬૪) સોમવાર તા. ૨૮.૯.૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ગ.સ્વ. વિજયાબેન ભગવાનજી રાયચંદ ઘીયાના સુપુત્ર. હર્ષાબેનના પતિ. અનિકેત તથા કરણના પિતાશ્રી. જેનીશાના સસરા. તે કુમુદભાઈ, નવીનભાઈ, વિનુભાઈ, શરદભાઈ, રોહિતભાઈ, સરલાબેનના નાનાભાઈ. સાદડી પ્રથા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### પરજીયા સોની

વાસજાળીયા નિવાસી ગોપાલભાઈ ઓધવજી કાકુભાઇ ઘઘડા (ઉં.વ.૫૬) ૨૯/૯/૨૬ના અવસાન પામેલ છે. તે સ્વ. મહેન્દ્રભાઈ, જગદીશભાઈ, વર્ષા વિજયભાઈ સાગરના ભાઈ. મયુરીના પતિ. જીસા તથા નિયતિના પિતા. નિલેશના કાકા. નિશિતના મોટાપપ્પા. લૌકિક વ્યવહાર બંધ છે.

### અનાવિલ

સ્વ. નિર્મળાબેન મગનલાલ દેસાઈના પુત્ર અનિલભાઈ દેસાઈ (ઉં.વ.૮૮) ૨૫/૯/૨૬ના રામશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. શૈલીન તથા અપર્ણાના પિતા. નીતલ તથા અપૂર્વ દેસાઈના સસરા. સ્વ. જવાહરભાઈ, સ્વ. રોશનભાઈ, મહાદેવભાઈના ભાઈ. સદ્દગતનું બેસણું ૧/૧૦/૨૬ના રોજ ૫.૩૦ થી ૭.૩૦. બેન્કવેટ હોલ, અયાના બિલ્ડીંગ, ગુલમોહર ક્રોસ રોડ નં ૧૨, ધ બોમ્બે સ્ટોરની સામે, જુહુ રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### પરજીયા સોની

સ્વ. ચંદુલાલ ગભરુદાસ જગડાના ધર્મપત્ની ગં.સ્વ. સુધાબેન (ઉં.વ.૬૮) ૨૫/૯/૨૬ના રોજ અવસાન પામેલ છે. તે બોરડી સમઢીયાળાવાળા પ્રભુદાસ ગોરધનદાસ થડેશ્વરના દીકરી. જીત મયુર બીના દિનેશકુમાર હજના માતુશ્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

### ઝાલાવાડી સઇ સુતાર જ્ઞાતિ

ચુડા નિવાસી હાલ બોરીવલી, મુકેશભાઈ અરવિંદભાઈ ચૌધરીના ધર્મપત્ની દર્શનાબેન (ઉં.વ.૫૦) ૨૯/૯/૨૬ના રામશરણ પામેલ છે. તે પરમ તથા ભક્તિના માતુશ્રી. ધનેશ તથા પ્રકાશના ભાભી. રેખાબેન તથા રીંકુબેનના જેઠાણી. પિયરપક્ષે અનસૂયાબેન બિપીનભાઈ શિવલાલ પરમારના દીકરી. પ્રાર્થનાસભા ૧/૧૦/૨૬ના રોજ ૪ થી ૬ ક. લુહાર સુથાર વાડી, કાર્ટર રોડ ૩, આંબામાતા મંદરી પાસે, બોરીવલી ઈસ્ટ.

### શ્રીમાળી સોની

ગામ ગોંડલ નિવાસી હાલ કાંદિવલી, સોની હંસાબેન જયંતીલાલ જડીયા (ઉં.વ.૮૧) તે સ્વ. જયંતીલાલ સવજીભાઈ જડીયાના ધર્મપત્ની. જામખંભાળિયા નિવાસી સોની છગનલાલ નાનજીભાઈ ગુસાણીના દીકરી. જ્યોત્સના, સંગીતા, ધર્મેન્દ્રભાઈના માતુશ્રી. રાકેશકુમાર દિનેશકુમાર, રૂપાલીના સાસુ. જહાન્વી તથા અમી રોહનકુમારના દાદી. ૨૮/૯/૨૬ના રામશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### પાટણ દશા દિશાવાળ

શાંતિલાલ ચીમનલાલ પરીખ, કાકોશીવાળા, હાલ મુંબઈ. સ્વ. શકુંતલાબેનના પતિ. રશ્મીબેન, મુકેશભાઈ તથા ભાવનાબેનના પિતા. વ્યોમેશકુમાર, અસિતકુમાર તથા અંજુબેનના સસરા. ખ્યાતિ, ઉર્મિ તથા કુશલના દાદા. નિરવ, પ્રાચી, શ્રેયસ, વત્સલના નાના તા. ૩૦/૯/૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા. ૧/૧૦/૨૬ના બપોરે ૪:૩૦ થી ૬:૦૦. સ્થળ: પ્રથમ માળ, પાવન ધામ, એમસીએ ગ્રાઉન્ડ, મહાવીરનગર, કાંદિવલી વેસ્ટ.

### દશા સોરઠિયા વણિક

માળિયા હાટીના નિવાસી હાલ મલાડ વેસ્ટ, સ્વ. રમણિકલાલ વિઠ્ઠલદાસ ગાંધી (ધાબડીયા)ના ધર્મપત્ની પુષ્પાબેન રમણિકલાલ ગાંધી (ઉં.વ.૯૦) ૨૯-૯-૨૬ને મંગળવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. તે રાજેશ, હરીશ તથા લીના રજનીકાંત મલકાણના માતુશ્રી. સ્વ. રસીકલાલ, સ્વ. હરગોવિંદભાઈ તથા સરલાબેન ચંદુલાલ પારેખના ભાભી. સ્વ. જ્યોતિબેન નરેન્દ્રકુમાર, સ્વ. કુંચનબેન નવીનચંદ્ર તથા દેવીબેન મનસુખલાલ, સ્વ. જગદીશ વલ્લભદાસ શેઠ તથા પંકજ વલ્લભદાસના મોટા બેનશ્રી. રજનીકાંત બાબુલાલ, પ્રીતિ રાજેશ ગાંધી તથા વીણા હરીશના સાસુજી. શ્રદ્ધા, પરાગ, સ્વપના, સ્વ. વીધી તથા ચીંતનના દાદી-નાની. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### વીરપુર દશાનીમાં વૈષ્ણવ વણિક

સ્વ. મુકેશ નવનીતલાલ દેસાઈ (ઉં.વ.૬૯) તે સ્વાતિના પતિ. રાજેશ તથા અતુલના ભાઈ. રોનીક તથા રુઝુલના પિતાશ્રી. ભૂમિ તથા દિશાના સસરા. દેવગઢ બારીઆ નિવાસી ગં.સ્વ. જયવંતીબેન રજનીકાંત કડકિયાના જમાઈ. તા. ૨૮-૦૯-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તેમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨-૧૦-૨૬ના સાંજે ૫ થી ૭. સ્થળ: પાવન ધામ, પહેલો માળ, ડિમાર્ટની પાછળ, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, પિયરપક્ષનું બેસણું સાથે રાખેલ છે

### મેઘવાળ

ગામ ભુમ્ભલી, ભાવનગર હાલ મુંબઇ, સ્વ. હરિલાલ ભીમજીભાઈ રોઝ (ઉં.વ.૭૬) સોમવાર, ૨૧.૯.૨૬ના રોજ અવસાન પામ્યા છે. તે સ્વ. આલુબાઈ, જેઠીબાઈ અને સ્વ. ભીમજીભાઈનાં પુત્ર. વાલીબાઈના પતિ. નરેશ પ્રદિપ ભરત વિનોદના પિતાશ્રી. આશા પ્રતિક્ષા હર્ષાના સસરા. ભાદરકા પરિવારના જમાઈ. તેમનું બારમું શુક્રવાર, તા. ૨-૧૦-૨૬ના સાંજે ૫. નિવાસસ્થાન: ૪૦૨, નવ રિધ્ધિ સિધ્ધિ એપાર્ટમેન્ટ, ક્રિસ્ટરાજ સ્કૂલ, નાલાસોપારા પૂર્વ.

### શ્રીમાળી બ્રાહ્મણ

મૂળ ગામ સાણોદર હાલ ઘાટકોપર, જનક હિમ્મતલાલ ઓઝા તે અ. સૌ ઇલાબેનના પતિ. હેમલના પિતા. અ.સૌ. પ્રિયંકા હેમલના સસરા. રાજીવના કાકા તા. ૩૦-૯-૨૬ના સ્વર્ગવાસ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

### દશગામ પંચાલ

ગામ કોપરલી નિવાસી હાલ વસઈ રોડ, અ.સૌ. મંજુલાબેન અમૃતલાલ પંચાલ (ઉં.વ.૮૪) તા.૨૮/૯/૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે અમૃતલાલભાઈના પત્ની. નિલેશ, નીતા જીતુભાઈ પંચાલ, સોનલ મહેશભાઈ ગાંડાણી, દર્શના અમીતભાઈ પંચાલના માતુશ્રી. માયા નિલેશ પંચાલના સાસુ. આલાપ-દીપશિખા, માનસી-વિવેક, ખુશાલી-વિષ્ણુ, દીપ, મિત, અને દીપના નાની. પિયરપક્ષે સ્વ. પસીબેન નારણદાસ પંચાલના દીકરી. પ્રાર્થનાસભા તા. ૨.૧૦.૨૬ના શુક્રવારે સાંજના ૪ થી ૬. સ્થળ: વિશ્વકર્મા હોલ, આનંદ નગર, વસઈ રોડ વેસ્ટ.

### દશા સોરઠિયા વણિક

જામનગર નિવાસી હાલ વસઈ, ગં.સ્વ. વિજયાબેન ચંદુલાલ શેઠના સુપુત્ર સુરેશ ચંદુલાલ શેઠ (ઉં.વ.૭૮) નીતુબેનના પતિ. ધ્વનિ સાહિલ ગિરીના પિતા. પ્રવિણભાઇ, સતીશભાઈ, નરેશભાઈ, દિપકભાઈ, મીનાબેનના ભાઈ વસઈ મુકામે તા. ૨૧-૦૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

### કપોળ

રાજુલાવાળા સ્વ. વલ્લભદાસ તાપીદાસ દોશી અને સ્વ.નિર્મળાબેન વલ્લભદાસ દોશીના સુપુત્ર નિખીલભાઈ ઉં.વ.-૭૩, તા.૨૯-૯-૨૬ના મંગળવારે પૂના મુકામે શ્રીજી ચરણ પામેલ છે. તેઓ શોભાબેનના પતિ. આનંદ અને બંસરીના પિતા,સુમિતકુમાર કુમઠના સસરા, હરેશભાઇ, ધ્રુવભાઈ, રાજુલભાઈ, વીણાબેન ચંદ્રકાન્ત દેસાઈ અને આશાબેન ભરતભાઈ પારેખના ભાઈ, સસરા પક્ષે સ્વ. જયંતીલાલ મણિલાલ મહેતાના જમાઈ. સર્વ લૌકિક પ્રથા તથા પ્રાર્થનાસભા બંધ છે.

### દશા શ્રીમાળી વૈષ્ણવ વણિક

ભાવનગર નિવાસી હાલ ઘાટકોપર, ગં.સ્વ. મંજુલાબેન કેશવલાલ મહેતા (ઉં.વ.૮૪) તે સ્વ. કેશવલાલ પ્રભુદાસ મહેતાના પત્ની તા. ૨૯-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. હિતેન (રાજુ), હેમંત તથા હિનાના માતુશ્રી. ગં.સ્વ. કાશ્મીરા, નીલા તથા મનીષભાઈ ખિમસિયાના સાસુ. ધ્રુવ-પાયલ, વિજુલ-કિન્નરી, ઉર્મિ-વિવેક, નીરાલી-ધ્રુવલ, વાલીના દાદી. દેવ-હીમાલી, જશ-ઉન્મના નાની. પિયર પક્ષે લીલાવતી ધીરજલાલ પારેખની દિકરી. દિનેશભાઈ-કીરલબેન તથા જ્યોતિ સુનીલભાઈ દેસાઈના બેન. તેમની પ્રાર્થનાસભા તા. ૦૨-૧૦-૨૬, શુક્રવાર સાંજે ૫થી ૭. જોલી જિમખાના, ઘાટકોપર (વેસ્ટ).

### કપોળ

શિહોરવાળા (હાલ ગોરેગામ) સ્વ. જિતેન્દ્રભાઈ ચીમનલાલ ભુતાના પત્ની ભદ્રાબેન (ઉં.વ. ૮૩) બુધવાર, તા. ૩૦-૯-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. હિરેન-વન્યા, દેવેન-મિનલ, કોષા હિનેષ રમેશભાઈ દોશીના માતુશ્રી. નલીનભાઈ, સ્વ. શશીકાંત, સ્વ. ઉર્મિલાબેન, તરલાબેન, ચંદ્રિકાબેનના ભાભી. અમરેલીવાળા મગનલાલ હરજીવનદાસ ગાંધીના પુત્રી. વરુણ-રીમા, મૈથીલી-વિરલ, પ્રણાલી, આયુષ-સંજના ઋત્વીના દાદી-નાની. એમની પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૨-૧૦-૨૬ના ૫થી ૭. સ્થળ: ગોરેગામ-એજ્યુકેશન સોસાયટી, સ્કૂલ હોલ, જવાહરનગર રોડ નં. ૧૪, ગોરેગામ (પશ્ચિમ).

# પારસી મરણ

મીનુ મહેરજીભોઈ ઓલપાડવાલા તે મરહુમ આલુ મીનુ ઓલપાડવાલાના ખાવિંદ તે મરહુમો આલામાય તથા મહેરજીભાઈ ઓલપાડવાલાના દીકરા. તે ફીરોઝ બરજોર મેધોરા તથા નીલુફર ઝકસીઝ ઈટાલ્યાના બાવાજી. તે બરજોર જાલ મેધોરા તથા ઝકસીઝ દીનશાહજી ઈટાલ્યાના સસરાજી. તે ઝુબીન બરજોર મેધોરા, માહુશ્ના ઝુબીન મેધોરા તથા તનાઈશાહ ઝકસીઝ ઈટાલ્યાના મમાવાજી. તે મીનુ, વીલી, સનોબર, ફરીદા, જીમી, ફ્રેડી, ઉરવક્ષ, વરુન કૈનાઝના માસાજી. (ઉં. વ. ૯૭) રે. ઠે.: ૬/ડી, ૨૦૫-૨૦૬ સોલસેઠ પારસી કોલોની કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી, જીજામાતા રોડ, પમ્પ હાઉસ, અંધેરી (ઈ), મુંબઈ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા: તા. ૧-૧૦-૨૬ને દીને બપોરે ૩.૪૦ વાગે બાટલીવાલા અગિયારીમાં છે.

### સિકંદરાબાદ

સોહરાબ નોશીર ચિનોય (ઉં. વ. ૮૯) તા. ૨/૯/૨૦૨૬ના સિકંદરાબાદ ખાતે ગુજરી ગયા છે. મરહુમ વીરાના પતિ. રુખ્સાનાના પિતા. લિલ્યાના ગ્રાન્ડફાધર. એલેક્સના સસરા, ગુલબાનુ અને અરામેઈતિના ભાઈ.

# જૈન મરણ

### મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન

મોરબી નિવાસી, હાલ બોરીવલી સરોજબેન મહેશભાઈ મહેતા (ઉં. વ. ૭૮) તે મહેશભાઈ જેવંતલાલ અમૃતલાલ મહેતાના ધર્મપત્ની. અમિશભાઈ અને બ્ર. પન્નાબેનના માતુશ્રી. અ. સૌ. શીતલબેનના સાસુ. સ્વ. વનિતાબેન મગનલાલ રામજી સંઘવીના દીકરી. સ્વ. સુરેશભાઈ, સ્વ. દિનેશભાઈ, પ્રકાશભાઈ, સ્વ. પ્રવિણાબેન લલિતકુમાર સંઘવી, રમેશભાઈ, રાજેશભાઈ, શૈલેષભાઈના ભાભી. સ્વ. નીલમબેન જયવંતભાઈ મનહરલાલ દોશીના વેવાણ. તા. ૨૪-૯-૨૬ના દિવસે દેહ પરિવર્તન કરેલ છે.

### દશા શ્રીમાળી સ્થા. જૈન

ગોંડલ નિવાસી હાલ ખાર (મુંબઈ) સ્વ. કિશોરભાઈ કોઠારીના પત્ની સુધાબેન કિશોરભાઈ કોઠારી (ઉં. વ. ૮૭) તા. ૨૭-૯-૨૬ના રવિવારે અરિહંતશરણ પામેલ છે. તે અનુરાધા નયન શાહ, અંજલી વિપુલ વોરા, હિમાંશુ કોઠારીના માતુશ્રી. પ્રાર્થનાસભા રાખેલ નથી.

### ઘોઘારી દશા શ્રીમાળી મૂર્તિપૂજક જૈન

પાલીતાણા નિવાસી હાલ ઘાટકોપર નંદકિશોર ધનજીભાઈ કપાસી (ઉં.વ. ૮૨) તે ચંદ્રાબેન ધનજીભાઈ કપાસીના પુત્ર તા. ૨૯-૯-૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. દિવ્યાબેનના પતિ. ધર્મેશ, અવની નિરંજન ગોસલીયાના પિતા. હિતાંશુ, મૌલિકના નાના. સ્વ. ભરતભાઈ, નિરંજનભાઈ, રસીલાબેન, ઈન્દુબેન, સ્વ. દિપીકાબેન, સ્વ. દિવ્યલતાના ભાઈ. સ્વ. મુકતાબેન દીપચંદ મહેતાના જમાઈ. બંને પક્ષની પ્રાર્થનાસભા સાથે રાખેલ છે. સમય ૧૦ થી ૧૨ (સવારે). ટાવર-૨ અને ૩, ગ્રાઉન્ડ ફ્લોર, બેનકવેટ હોલ, આરાધ્યા સ્કેવર, પંતનગર, ઘાટકોપર ઈસ્ટ.

### સોરઠ વિશાશ્રીમાળી જૈન

સિદસર નિવાસી હાલ ઘાટકોપર, જિગ્નેશ અનંતરાય મહેતા (ઉં.વ.૫૨) ૨૯/૯/૨૬, મંગળવાર અરીહંતશરણ પામેલ છે. તે સ્વ. રસીલાબેન અને અનંતરાય મહેતાના સુપુત્ર. અમીબેનના પતિ. તેજના પિતાશ્રી. નૈનેશ અને અલ્પેશના ભાઈ. આશના અને શિલ્પાના જેઠ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ

### બેતાલીશ દ. હુમ્મડ દિગંબર જૈન

મહાદેવપુરા નિવાસી બાબુલાલ સોમચંદ શાહ (ઉં.વ.૮૬) ૩૦/૯/૨૬ના રોજ અરિહંતશરણ પામેલ છે. તે વર્ષાબેનના પતિ. હિતેષભાઇ, મિતેશભાઈ, નીલાબેન, રૂપાબેનના પિતા. પ્રાર્થનાસભા ૨/૧૦/૨૬ શુક્રવારના સવારે ૯ કલાકે પોદ્દાર સ્કૂલ હોલ, અપર ગોવિંદનગર, મલાડ ઈસ્ટ.

### કચ્છી વિશા ઓશવાળ જૈન

નાગલપુરના મંજુલાબેન મણીલાલ મોતા (ઉં.વ.૭૩) ૨૯-૦૯-૨૬ ના અવસાન પામેલ છે. વેલબાઈ કાનજી ભોજરાજના પુત્રવધૂ. મણીલાલ કાનજીના ધર્મપત્ની. મનીષા, નેહા, હેતલ, સોહિલ, અંકિતના માતુશ્રી. નાગલપુરના ચંચલબેન લાલજી રવજી ગંગરના પુત્રી. બિદડાના કસ્તુરબેન મુલચંદ, અમૃતલાલ, માણેકલાલ, શશીકાંતના બેન. પ્રા. શ્રી વ. સ્થા. જૈન શ્રાવક સંઘ, કરસન લધુ નિસર હોલ, દાદર (વેસ્ટ) તા. ૧-૧૦-૨૬, ટા. ૪.૦૦ થી ૫.૩૦.

મોટા લાયજાના વસંતભાઇ માલસી છેડા (ઉં.વ.૭૪) ૨૮-૯-૨૬ના અવસાન પામ્યા છે. સાકરબેન માલસી ડુંગરશીના સુપુત્ર. જયોતીબેનના પતિ. જય, જીનલના પિતાશ્રી. નિરાબેન, હેમલતા, પ્રેમીલા, પન્નાના ભાઇ. કોડાયના સુંદરબેન જયંતીલાલ પોપટ (નાના પટેલ)ના જમાઇ. પ્રા. માટુંગા ક.શ્વે.મૂ.સંઘની નારાણજી શામજી વાડી (ટા. ૪ થી ૫.૩૦).

બિદડાના અ.સૌ. કમળાબેન કાંતિલાલ શાહ/ગાલા (ઉં.વ.૭૬) ૨૭-૯-૨૬ના અવસાન પામેલ છે. નાનબાઈ રતનશી આસારીયાના પુત્રવધૂ. કાંતિલાલ રતનશીના ધર્મપત્ની. નૈનેષ, દિપેશ, રૂપાના માતુશ્રી. ટુંડા મણીબેન મોરારજી જેવત ગોગરીના સુપુત્રી. શીવજી, રામજી, શાંતિલાલ, દેશલપુર ભાનુમતી લખમશી કુંવરજીના બેન. પ્રા. સુમતિનાથ જિનાલય (પાંચમે માળે), ગુજરાતી કલબની પાસે, માટુંગા. (ટા. ૩ થી ૪.૩૦).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# પુરુષ

feedback@bombaysamachar.com
મેલ મેટર્સ
અંકિત દેસાઈ

## પાપા કી પરી ને મમ્મીનો લાડલો...
## બન્નેના ઉછેરમાં સમાનતાનાં મૂલ્યોનું કેટલું મહત્ત્વ?

આજના આધુનિક અને વેગવંત સમાજમાં આપણી ભાષા અને સોશ્યલ મીડિયામાં બે શબ્દ ખૂબ જ પ્રચલિત બન્યા છે 'પાપા કી પરી' અને 'મમ્મીનો લાડલો'. પ્રથમ દૃષ્ટિએ આ બંને શબ્દો અત્યંત નિર્દોષ, વાત્સલ્યસભર અને માતા-પિતાનાં સંતાનો પ્રત્યેના પ્રેમ તેમજ લાગણીને વ્યક્ત કરતાં પ્રતીક લાગે છે, પરંતુ જો આ ખ્યાલોનું થોડું ઊંડાણપૂર્વક અને મનોવૈજ્ઞાનિક વિશ્લેષણ કરવામાં આવે તો સમજાય છે કે આ રૂપકોમાં ક્યાંક ને ક્યાંક આપણી પરંપરાગત લિંગભેદ આધારિત માનસિકતા અને અસમાન ઉછેરની ઝાંખી છુપાયેલી છે. જ્યારે આપણે પુત્રીને માત્ર એક નાજુક 'પરી' ગણીને તેના રક્ષણની જવાબદારી અન્ય પર છોડી દઈએ છીએ અને પુત્રને 'લાડલો' બનાવીને તેની તમામ ભૂલો કે જવાબદારીહીન વર્તનને નજરઅંદાજ કરી દઈએ છીએ ત્યારે આપણે અજાણતાં જ સમાજમાં એક મોટું અસંતુલન ઊભું કરીએ છીએ. આથી જ વર્તમાન સમયમાં બંનેના ઉછેરમાં સમાનતાનાં મૂલ્યો વણી લેવાં તે માત્ર ઇચ્છનીય નથી, પરંતુ એક અત્યંત અનિવાર્ય અને મૂળભૂત જરૂરિયાત બની ગઈ છે.


AI

સમાજની રચનામાં કૌટુંબિક સમાનતા એ પાયાની ઈંટ છે. પેઢીઓથી ચાલ્યા આવતા રૂઢિચુસ્ત વિચારોએ આપણાં ઘરોમાં સ્પષ્ટ શ્રમવિભાજન કરી દીધું હતું. દીકરીને ઘરકામ, સહનશીલતા અને નમ્રતાના પાઠ ભણાવવામાં આવતા, જ્યારે દીકરાઓને બહારનાં કામ, સાહસિકતા અને નિર્ણાયકતાની છૂટ આપવામાં આવતી. આ માનસિકતા દીકરીઓને સ્વાવલંબી બનતાં અને દીકરાઓને સંવેદનશીલ બનતાં અટકાવે છે. જ્યારે માતા-પિતા પોતાના બાળકોને જાતિના ચશ્માં પહેર્યા વગર માત્ર એક 'મનુષ્ય' તરીકે જુએ છે ત્યારે સમાનતાના સાચા ઉછેરનો પ્રારંભ થાય છે. સમાનતાનો અર્થ એવો નથી કે બંને વચ્ચેની કુદરતી કે શારીરિક ભિન્નતાઓને નકારી દેવી, પરંતુ તેનો વાસ્તવિક અર્થ એ છે કે બંનેને વિકાસ માટે સમાન તક, સમાન અધિકાર અને સમાન જવાબદારી સોંપવી.

જે ઘરમાં પુત્ર અને પુત્રી બંનેને એકસરખા સ્નેહ અને શિસ્ત સાથે ઉછેરવામાં આવે છે ત્યાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય છે. જ્યારે એક પિતા પોતાની દીકરીને માત્ર રક્ષણ આપવાની જગ્યાએ તેને આત્મરક્ષણ, આત્મવિશ્વાસ અને આર્થિક નિર્ણયશક્તિ શીખવે છે ત્યારે તે ખરા અર્થમાં એક સક્ષમ નાગરિક બને છે. તેને માત્ર 'પરી' બનાવીને કાચના મહેલમાં રાખવાને બદલે વાસ્તવિક દુનિયાના પડકારો સામે લડતાં શીખવવું જરૂરી છે. તેવી જ રીતે માતા પોતાના પુત્રને માત્ર રાજકુમારની જેમ સેવાઓ આપવાને બદલે તેને પોતાનાં કામ પોતે કરવાનું, રસોડાના કામમાં મદદ કરવાનું અને ઘરની જવાબદારીઓ વહેંચવાનું શીખવે છે ત્યારે તે એક જવાબદાર વ્યક્તિ બને છે. ઘરકામ એ કોઈ સ્ત્રીનું એકચક્રી શાસન નથી, પણ જીવન જીવવાની એક પાયાની કળા છે, જે દીકરા અને દીકરી બંનેને આવડવી જ જોઈએ.

સમાનતાનાં મૂલ્યો આધારિત ઉછેરનો સૌથી મોટો ફાયદો એ થાય છે કે તે ભવિષ્યના સમાજમાંથી હિંસા, અહંકાર અને અસમાનતાનાં દૂષણોને નાબૂદ કરે છે. જે છોકરો પોતાના ઘરમાં પોતાની બહેન સાથે સમાન વ્યવહાર થતો જુએ છે અને પોતાની માતાને નિર્ણય લેવાની પ્રક્રિયામાં સમાન ભાગીદાર તરીકે જુએ છે, તે મોટો થઈને ક્યારેય સ્ત્રીને ઊતરતી કક્ષાની નહીં ગણે. તેનામાં સ્ત્રી પ્રત્યે માન, આદર અને સમાનતાની ભાવના સહજ રીતે કેળવાશે. તેનાથી વિપરીત, જે દીકરીને ઘરમાં સાંભળવામાં આવે છે અને જેના વિચારોને મહત્ત્વ આપવામાં આવે છે તે ભવિષ્યમાં પોતાના જીવનના નિર્ણયો આત્મવિશ્વાસથી લઈ શકશે અને કોઈ પણ પ્રકારના શોષણ સામે અવાજ ઉઠાવી શકશે.

બાળકોના માનસિક અને ભાવનાત્મક સ્વાસ્થ્ય માટે પણ સમાન ઉછેર ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ઘણીવાર પરંપરાગત સમાજમાં પુરુષો પર 'મજબૂત' હોવાનો અને પોતાની લાગણીઓ ન દર્શાવવાનો અદૃશ્ય બોજ હોય છે. 'છોકરાઓ રડે નહીં' એવાં વાક્યો બોલીને આપણે નાનપણથી જ દીકરાઓની સંવેદનશીલતાને કચડી નાખીએ છીએ. આના કારણે મોટા થઈને તેઓ પોતાની ભાવનાઓ વ્યક્ત કરી શકતા નથી અને માનસિક તણાવ કે ક્રોધનો ભોગ બને છે. જો મમ્મીના લાડલાને પણ પોતાની લાગણીઓ વ્યક્ત કરવાની, રડવાની અને નબળાઈ દર્શાવવાની છૂટ આપવામાં આવે તો તે એક વધુ સંવેદનશીલ અને સંતુલિત માણસ બની શકે છે. એ જ રીતે દીકરીને હંમેશાં નમ્ર અને સહનશીલ રહેવાનું શીખવવાને બદલે પોતાના હકની વાત કરવા અને સ્પષ્ટવક્તા બનવા માટે પ્રોત્સાહિત કરવી જોઈએ.

માતા-પિતાનું વર્તન એ બાળકો માટે સૌથી મોટો પાઠ્યપુસ્તક છે. બાળકો જે સાંભળે છે તેના કરતાં જે જુએ છે તેમાંથી વધુ શીખે છે. જો ઘરમાં માતા અને પિતા વચ્ચે સમાનતા, પરસ્પર આદર અને જવાબદારીઓની યોગ્ય વહેંચણી હશે તો તેમનાં બાળકો પણ એ જ મૂલ્યો સાથે મોટાં થશે. ઘરના નિર્ણયોમાં બંને સંતાનોની વાતને સરખું મહત્ત્વ આપવું, રમકડાં કે કપડાંની પસંદગીમાં લિંગ આધારિત ભેદભાવ ન રાખવો જેમ કે દીકરીને માત્ર ઢીંગલીઓ અને દીકરાને માત્ર ગાડીઓ જ આપવી, અને બંનેને તમામ ક્ષેત્રોમાં આગળ વધવાની સમાન તક આપવી એ આજના સમયની માગ છે.

ટૂંકમાં 'પાપા કી પરી' કે 'મમ્મીનો લાડલો' હોવામાં કશું જ ખોટું નથી, જો તે પ્રેમાળ સંબંધોનું એક મધુર સરનામું હોય, પરંતુ આ પ્રેમ જ્યારે અંધપ્રેમ બનીને દીકરાને બેજવાબદાર અને દીકરીને નિર્ભર બનાવી દે ત્યારે તે ચિંતાનો વિષય બને છે. જો આપણે એક સ્વસ્થ, સુસંસ્કૃત અને પ્રગતિશીલ સમાજનું નિર્માણ કરવું હોય તો આપણે આપણી આગામી પેઢીને માત્ર લાડકોડમાં ઉછેરવાને બદલે સમાનતા, જવાબદારી, સંવેદનશીલતા અને પરસ્પર આદરનાં મૂલ્યોથી સિંચિત કરવી પડશે. દીકરો અને દીકરી એ કુટુંબરૂપી રથનાં બે સમાન પૈડાં છે. જો બંનેને સમાન શક્તિ, શિક્ષણ અને આત્મવિશ્વાસ આપવામાં આવે તો જ સમાજનો વિકાસ યોગ્ય દિશામાં અને યોગ્ય ઝડપે થઈ શકશે.



## ડિયર હની... તારો બન્ની
### પત્નીને પત્ર

કૌશિક મહેતા feedback@bombaysamachar.com

## ઉંમરની ઐસી તૈસી... શુભસ્ય શીઘ્રમ!

*ડિયર હની,*

*તારી જેવી ગૃહિણીના કિસ્સાઓમાં અમુક ઉંમર પછી જાણે જિંદગી અટકી જાય છે. સંતાનોના લાલનપાલન પછી એમનાં લગ્ન, એમને ત્યાં સંતાનો થાય... આ બધામાં તમારી જિંદગી એકદમ વ્યસ્ત રહે છે. અને પચાસ પંચાવનની ઉંમર વટાવો એટલે કહેવા લાગો છો : 'બસ, હવે કઈ કરવું નથી!'*

*મોટાભાગની ગૃહિણીઓમાં આ જ માનસિકતા જોવા મળે છે. પણ ઉંમર કઈ રીતે તમારી ઇચ્છાઓને અટકાવી શકે. હા, સ્વાસ્થ્યની સમસ્યા હોય પણ એનાથી તમારો શોખ છે એ કેમ મરી પરવારે?*

*આવું વિચારનારી દરેક ગૃહિણીએ ચીલીની ઇવોન વિલ્ડોસોલા વિશે જાણવું જોઈએ. આ મહિલાએ ૭૦ વર્ષની વયે ટી-૨૦ ઇન્ટરનૅશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કરીને વિશ્વભરમાં ચર્ચા જગાવી એ ક્રિકેટ જગતના સૌથી મોટી ઉંમરે સક્રિય રમનારા ખેલાડીઓમાં સ્થાન પામ્યાં છે.*

*એણે જે મૅચમાં ડેબ્યુ કર્યું એની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેમણે પોતાની પૌત્રી કેમિલા ઓયાર્સની કપ્તાની હેઠળ આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમ્યાં. એટલું જ નહીં, આ જોડીએ મૅચમાં ઓપનિંગ પણ કર્યું! ઇવોન શરૂઆતમાં ક્રિકેટ રમતાં નહોતાં, પરંતુ તેમની પુત્રી અને પૌત્રી ક્રિકેટ રમતી હોવાથી તેમના મિત્રો માટે ઘરમાં જમવાનું બનાવવાનું એ કામ કરતાં. ધીમે-ધીમે પરિવારના પ્રોત્સાહનથી તેમણે ૨૦૧૯માં પહેલીવાર બૅટ પકડ્યું અને પરિવારના સમર્થનથી રાષ્ટ્રીય ટીમ સુધીની સફર ખેડી. પહેલી મૅચ કોસ્ટારિકા સામે રમ્યાં. ઓપનિંગમાં આવ્યાં. ચાર-પાંચ બૉલ રમ્યા બાદ ખાતું ખોલાવ્યા વિના આઉટ થઈ ગયાં હતાં.*

*જસ્ટ વિચારો કે ૭૦ વર્ષની વયે મેદાનમાં ઊતરવાનું સાહસ કોણ કરે? પણ કોઈએ તો કર્યું. આ કોઈક તમે પણ બની શકો છો. વય એ માત્ર એક આંકડો છે અને સફળતા કે નવો ઉત્સાહ મેળવવા માટે ક્યારેય મોડું થતું નથી. આ વાતને સાબિત કરતા દેશ દુનિયામાં એક નહીં, અનેક કિસ્સા છે.*

*હરભજન કૌરે તો ઈવોન કરતાં પણ ચઢી જાય એવું સાહસ કર્યું. ૯૪ વર્ષની વયે તેમણે પોતાની હોમમેઇડ ફૂડ બ્રાન્ડ (બેસનના લાડુ વગેરે) શરૂ કરી. જીવનભર ગૃહસ્થી સંભાળ્યા બાદ તેમણે એ ઉંમરે બિઝનેસ વુમન તરીકે પોતાની નવી ઓળખ બનાવી જે આજે લાખો લોકો માટે પ્રેરણા છે.*

*ચંદીગઢનાં માજી મના કૌરે ૯૩ વર્ષની ઉંમરે રમતગમતમાં પ્રવેશ કર્યો. તેમણે માસ્ટર્સ એથ્લેટિક્સમાં અનેક ગોલ્ડ મેડલ જીત્યા અને વિશ્વભરમાં 'મિરેકલ ફ્રૉમ ચંડીગઢ' તરીકે ખ્યાતિ મેળવી. ૧૦૦ વર્ષની ઉંમરે પણ તેમણે દોડ સ્પર્ધામાં રેકૉર્ડ બનાવ્યા હતાં.*

*જે ઉંમરે લોકો નિવૃત્તિ લે છે તેવા સમયે કર્નલ સેન્ડર્સ પાસે માત્ર તેમની ગાડી અને ફ્રાઇડ ચિકનની રેસિપી હતી. અનેક વાર નાદારી અને અસફળતાઓ બાદ તેમણે ૬૫ વર્ષની વયે 'કેએફસી'ની સ્થાપના કરી અને તેને વૈશ્વિક બ્રાન્ડ બનાવી.*

*અમેરિકાનાં અન્ના મેરી રોબર્ટસન મોસેસ નામની મહિલાએ સંધિવાની બીમારીના કારણે ભરતકામ છોડવું પડ્યું હતું, ત્યાર બાદ ૭૮ વર્ષની ઉંમરે તેમણે પહેલીવાર બ્રશ અને રંગ પકડ્યાં અને ૮૦ વર્ષની ઉંમરે પોતાનું પહેલું આર્ટ એક્ઝિબિશન યોજીને વિશ્વના ૧૦૦ મહાન ચિત્રકારોમાં સ્થાન મેળવ્યું.*

*આ તમામ ઉદાહરણ સાબિત કરે છે કે સપનાં પૂરાં કરવા માટે કે નવું શીખવા માટે યુવાની કે ચોક્કસ ઉંમરની રાહ જોવાની જરૂર નથી, બસ દ્રઢ ઇચ્છાશક્તિ હોવી જોઈએ.*

*દરેકના જીવનમાં સેકન્ડ ઇનિંગની શક્યતા હોય છે.*

*'લગે રહો મુન્નાભાઈ' ફિલ્મમાં વૃદ્ધો જે મકાનમાં રહેતા હતા એનું નામ જ 'સેકન્ડ ઇનિંગ હોમ' રાખવામાં આવ્યું હતું. આખી જિંદગી બીજા માટે આપી દો એ બરાબર, પણ પોતા માટે સમય ના આપો તે કેવું!*

*તારી જ વાત કરું તો તને આર્ટમાં બહુ રસ હતો. ઘણાં ચિત્રો તે દોર્યાં, ભરતકામ કર્યું હતું, એના નમૂના આજે પણ તારી પાસે છે. એ શોખ ગૃહસ્થીમાં દબાઈ ગયો. આજે હવે તું ૫૦ વટાવી ગઈ છે. સમય હવે બચે છે તો તારો શોખ કેમ જીવતો કરતી નથી. ?*

*નોકરીમાંથી નિવૃત્ત થવું પડે છે. કેટલાક નિયમો હોય છે, પણ તમને તમારી રીતે કામ કરતા કોઈ રોકી શકાતું નથી. તારી પાસે તો રસોઈ કળા પણ છે. એ પણ મદદરૂપ થઈ શકે. ભારતમાં અનેક એવા સિનિયર સિટિઝન્સ છે જેમણે નિવૃત્તિ પછી ટ્રાવેલ વ્લોગિંગ કે ફૂડ વ્લોગિંગ શરૂ કર્યું છે. ખાસ કરીને દાદા-દાદીની જોડીઓ આજે યુટ્યૂબ પર પોતાના અનુભવો અને જીવનના પાઠ શેર કરતી જોવા મળે છે. વિદેશોમાં પણ 'Mastodo' કે 'Angry Grandpa' જેવા કિસ્સાઓ છે, જ્યાં લોકોએ ૭૦ કે ૮૦ વર્ષની ઉંમરે ગેમિંગ, ટેક્નૉલોજી કે કુકિંગ ચૅનલ શરૂ કરી. તો તું રાહ શેની જુએ છે? કોઈક શું કહેશે એ વાતને ધ્યાનમાં લેવાની કોઈ જરૂર નથી. તને ગમતી પ્રવૃત્તિ શરૂ કર, પછી જો જિંદગી કેવી બદલાઈ જશે. જિંદગી વધુ ખૂબસૂરત લાગશે.*

**તારો બન્ની**

## સંધ્યા છાયા

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

## અરે, આ તો કમાલ કરે છે...!

*'કમાલ કરે છે*
*એક ડોસી ડોસાને હજી વહાલ કરે છે*
*ડોસો જાગે ત્યારે ચશ્માં આપે*
*અને બ્રશ ઉપર પેસ્ટને લગાડે,*
*લોકોનું કહેવું છે કે ડોસી આમ કરી*
*ડોસાને શાને બગાડે?'*

સુપ્રસિદ્ધ કવિ સુરેશ દલાલ એમના આ યાદગાર કાવ્યમાં આગળ કહે છે:

*'મસાલા ચા અને ગરમ ગરમ નાસ્તો*
*ડોસી ડોસાનો કેવો ખ્યાલ કરે છે...'*

આ કાવ્યમાં આગળ વધીને કવિ ઘણું કહે છે. કવિ કહે છે કે ડોસી ડોસાને નિયત સમયે દવા આપે છે. બંનેનો સંબંધ તલવાર અને મ્યાન જેવો છે. બંને મૌન રહીને પણ એકમેકને ન્યાલ કરે છે. ડોસીને મોતિયો છે તેથી ડોસો વાંચે અને ડોસી સાંભળે. આમ બંને એકમેકમાં ઓતપ્રોત છે.

વૃદ્ધાવસ્થામાં પતિ-પત્ની બે જ હોય. દીકરી પરણીને સાસરે ચાલી ગઈ હોય અને દીકરો પરદેશ હોય. રહી જાય પાછળ બે જ જણ ડોસો અને ડોસી. ડોસી ડોસાની ભરપૂર સારસંભાળ રાખે. પ્રેમ એટલે સાથે વૃદ્ધ થવું એ આને કહેવાય. અને આવા સરસ દાંપત્ય ભારતમાં જ જોવા મળે. જોકે અહીં પણ પશ્ચિમની અસર વર્તાવા લાગી છે. કવિ સુરેશ દલાલનું કાવ્ય અહીં એટલે ટાંક્યું કે આજે એક એવી ડોસીની વાત કરવી છે જે પોતાના બીમાર પતિની સારવાર તન-મન-ધનથી કરી રહી છે.

દામિનીબહેન આમ તો એક લેખિકા. પતિ-પત્ની એક દીકરી અને એક દીકરા સાથેનો ભર્યોપૂર્યો સંસાર. દીકરી પરણીને સાસરે ગઈ અને દામિનીબહેનના સદ્‌નસીબે દીકરો-વહુ અહીં જ એમની સાથે જ રહ્યાં. પતિ સૂર્યકાંતભાઈનું સ્વાસ્થ્ય બહુ જ સારું. દામિનીબહેનનું સ્વાસ્થ્ય પણ સારું જ કહી શકાય. સૂર્યકાંતભાઈએ તો જિંદગીમાં એક ગોળી ખાવાની જરૂર પડી નથી. ડાયાબિટીસ, બ્લડપ્રેશર જેવી કોઈ બીમારીનું નામોનિશાન નહીં. પૂર્ણપણે સ્વસ્થ. ફિટ એન્ડ ફાઇન કહેવાય. નિવૃત્તિ બાદ પણ ઘરનાં ઘણાં કામો કરી દે. દામિનીબહેન પણ ઘરનાં કામમાં પુત્રવધૂને મદદ કરે. સાથે પોતાનું લેખનકાર્ય કરે. સાહિત્યના કાર્યક્રમોમાં હાજરી આપે. દામિનીબહેનની ઉંમર અત્યારે એંસી વર્ષ અને સૂર્યકાંતભાઈ હશે ૮૫-૮૬ વર્ષના. દામિનીબહેનના લખવાના શોખમાં સૂર્યકાંતભાઈ ક્યારેય આડા આવ્યા નથી. ઊલટું દામિનીબહેન સારી રીતે લખી શકે તે માટે મદદરૂપ પણ થાય. દામિનીબહેનનાં ચાર પુસ્તક પણ પ્રકાશિત થયાં છે.


AI

સરવાળે એ બન્નેનું દામ્પત્ય જીવન સુખી. જોકે દામિનીબહેનનો લગ્ન પછીનો શરૂઆતનો સમય ઘણો સંઘર્ષમય હતો. દામિનીબહેન પોતાની કોઠાસૂઝને લીધે - જિંદગીનો એ જંગ જીતી ગયાં, પણ દર વખતે લખું છું તેમ આ વખતે પણ લખીશ કે 'સુખ ક્યાં કોઈનું લાંબું ટકે છે. સુખનું તો આયુષ્ય જ ટૂંકું.' દામિનીબહેન-સૂર્યકાંતભાઈના સુખની ઈર્ષ્યા આવી હોય તેમ કાળે કરવટ બદલી અને સૂર્યકાંતભાઈની તબિયત અચાનક લથડી. દવા-સારવાર કરાવી પણ ફરક પડ્યો નહીં. એમાં બે ત્રણવાર બાથરૂમમાં પડી ગયા પછી તો ડાયપર પહેરાવવાનું શરૂ કર્યું. કૅરટેકર રાખ્યો, પણ એ માણસના કાંઈ ઠેકાણાં નહીં. તેથી તેને હટાવીને દામિનીબહેન અને દીકરો-વહુ જ સૂર્યકાંતભાઈની સંભાળ લેવા લાગ્યાં, પણ એ સમય જતાં સાવ બેડરીડન થઈ ગયા. હવે સૂર્યકાંતભાઈને સાચવવા કઈ રીતે? એક સ્નેહીએ બેલાપુરમાં આવેલા કૅર સેન્ટરમાં તેમને રાખવાની ભલામણ કરી. બીમાર પતિને એકલા કૅર સેન્ટરમાં કેમ મુકાય? અને પોતે રોજ મુંબઈથી બેલાપુર જઈ શકે નહીં. અંતે સોલ્યુશન એ મળ્યું કે કૅર સેન્ટરથી બે જ મિનિટના અંતરે એક જ કૉમ્પલેક્સમાં આવેલા બિલ્ડિંગમાં સૂર્યકાંતભાઈને મળવા દામિનીબહેન જાય - પાસે બેસે છે - વાતો કરે છે. કૅર સેન્ટરમાં સૂર્યકાન્તભાઈની સંભાળ સ્ટાફ રાખે છે. આમ છેલ્લા દસ મહિના સતત પતિની સેવા-ચાકરી કરીને ૮૦ વર્ષનાં દામિનીબહેન બહુ થાકી ગયાં છે, પણ કોઈ સંજોગોમાં પતિને એકલા મૂકવા તૈયાર નથી. આ છે ભારતીય દામ્પત્ય. લગ્નજીવનનાં ૬૦ વર્ષ પછી પણ એક ડોસી એના ડોસાનો ખ્યાલ રાખે છે! ■

મુંબઈ સમાચાર YouTube ગુજરાતી




રોજિંદા કામકાજની વ્યસ્તતા વચ્ચે મેળવો હળવી પળો અને રસપ્રદ વાતોનો ખજાનો. મુંબઈ સમાચારની ઓફિશિયલ ગુજરાતી યુટ્યૂબ ચેનલ પર સવારે ૧૧ વાગ્યે.

https://youtu.be/MMImyVy2MVQ

આજે જ સબસ્ક્રાઇબ કરો અને જોડાયેલા રહો!

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# મુંબઈ સમાચાર લાડકી

## સુપરસ્ટાર ન બની શકી એ કારણે મેં બોલિવૂડ નથી છોડ્યું...

નામઃ કિમી કાટકર
સમયઃ ૨૦૨૬
સ્થળઃ ગોવા
ઉંમરઃ ૬૧ વર્ષ
(ભાગઃ ૧)

આજે કોઈ મને જુએ તો માની ન શકે કે હું બિકીની પહેરતી, રેમ્પવૉક કરતી, એક ગ્લૅમરસ અભિનેત્રી રહી ચૂકી છું. નવી પેઢીના જેન ઝી કે જેન આલ્ફાને તો મારું નામ પણ ખબર નહીં હોય. આવી કોઈ અભિનેત્રી 'હતી' એની પણ એમને માહિતી નહીં હોય. કદાચ, અમિતાભ બચ્ચન સાથેનું મારું ગીત 'જુમ્મા ચુમ્મા દે દે' એમણે સાંભળ્યું હોય તો એમાં સ્પેનિશ ડ્રેસ પહેરેલી-નાચતી માંજરી છોકરી યાદ હોય એમને! પણ એ સિવાય મારી કોઈ ફિલ્મો કે કોઈ ગીતો એવાં યાદગાર કે અમર નથી રહ્યાં. ધારી સફળતા ન મળી કે સુપરસ્ટાર ન બની શકી એ કારણે બોલિવૂડ નથી છોડ્યું મેં. બોલિવૂડ છોડવાનું કારણ તો મારા પતિ, શાંતનુ શિયોરે! એમણે લગ્ન પહેલાં જ મને પૂછ્યું હતું, ફિલ્મો છોડી શકીશ? મેં તરત જ કહેલું, કમાવું ન પડે તો મને ફિલ્મોમાં કોઈ રસ નથી. ને સાચું કહું તો, શાંતનુએ મને કોઈ દિવસ તકલીફ પડવા દીધી નથી. એ એક ફોટોગ્રાફર છે. સામાજિક કાર્યમાં પણ ખૂબ જ રસ ધરાવે છે. એમને તામજામ અને પ્રસિદ્ધિથી દૂર રહેવાનું પસંદ છે. એમણે અનેક મોટા સ્ટાર્સના ફોટો શૂટ કર્યા છે, પરંતુ એમનો પોતાનો ફોટો તમને ભાગ્યે જ ક્યાંય જોવા મળે!

ગોવામાં મારા નાનકડા બંગલામાં ગાર્ડનિંગ કરતી વખતે ક્યારેક મારી કોઈ જૂની ફિલ્મનું ગીત સંભળાય તો મને લાગે છે કે હું જાણે પાછલા જનમની કોઈ વાત યાદ કરી રહી છું. બોલિવૂડ છોડ્યાને ૩૪ વર્ષ થઈ ગયાં... મારાં લગ્નને પણ ૩૪ વર્ષ થયાં... એક સુખી, શાંત અને સ્નેહથી સભર ૩૪ વર્ષ! મને મારાં લગ્ન પછી બોલિવુડ છોડી દેવાનો કોઈ અફસોસ નથી! બહુ મિત્રો અને પ્રોડ્યુસર્સે મને કહ્યું હતું, પાંચ વર્ષમાં પાછા આવવાની ઇચ્છા થશે. બોલિવૂડની ગ્લૅમર કોઈ ભૂલી શકતું નથી... ને એ લોકો સાવ ખોટા તો નથી જ, કારણ કે જોરશોરથી બોલિવૂડ છોડવાની જાહેરાત કર્યા પછી પણ અનેક અભિનેત્રીને બોલિવૂડમાં પાછી ફરવા તરફડતી જોઈ છે મેં! પ્રીમિયર, પાર્ટીઝ, પોસ્ટર્સ અને ફૅન્સની ચકાચૌંધ થઈ જતી આંખો, એમ સહેલાઈથી ભુલાતી નથી.



કિમી કાટકર

શાંતનુની પહેલી પત્ની માલવિકા તિવારી ખૂબ જાણીતી મોડલ હતી, એ પોતાની કરિયર ન છોડી શકી માટે જ શાંતનુ અને માલવિકા વચ્ચે મતભેદ થયા જે અંતે છૂટાછેડામાં પરિણમ્યા. માલવિકા અને શાંતનુનાં લગ્ન થયાં ત્યારે માલવિકા એની કારકિર્દીના ટૉપ પર હતી. ટિપ્સ એન્ડ ટોઝ (નેઇલ પૉલિશ) કેડબરી, નિવિયા અને મૅન્ગો ડ્રિન્ક ફ્રૂટી જેવી જાહેરાતોથી માલવિકાની આંતરરાષ્ટ્રીય ઓળખ હતી. એ બંને જણાં નિવિયા ક્રીમની ઍડના શૂટિંગમાં મળ્યાં. પ્રેમ થયો, લગ્ન થયાં... પરંતુ માલવિકાને આગળ કામ કરવું હતું. એણે 'જેમ્સ બોન્ડ' ફિલ્મમાં એક નાનકડો રોલ કર્યો, દૂરદર્શન જ્યારે પોતાના સુવર્ણકાળમાં હતું ત્યારે કશિશ નામની સિરિયલમાં એ સુપરહિટ રહ્યાં. ઐતિહાસિક સિરિયલ 'ચાણક્ય' અને બીજી અનેક સિરિયલોમાં પણ એમણે કામ કર્યું. શાહરુખ ખાનની ફિલ્મ ચમત્કાર, સૌદાગર અને બેચેન જેવી ફિલ્મોમાં એમણે સપોર્ટિંગ ઍક્ટ્રેસનો રોલ કર્યો. એ પોતાનું કામ છોડવા તૈયાર નહોતી જ્યારે શાંતનુ એક ઘરેલુ અને પ્રેમાળ પત્ની ઇચ્છતા હતા... લગ્નનાં બે જ વર્ષમાં એમણે છૂટાછેડા લીધા.

શાંતનુનું નામ જાહેરાતની દુનિયામાં ખૂબ આદરથી લેવાતું અને આજે પણ લેવાય છે. ૧૯૮૦ અને ૯૦ના દાયકામાં ગાર્ડન વરેલી સાડીની જાહેરાતો ફૅશનની દુનિયામાં બેન્ચમાર્ક બની ગઈ. સુપર મોડલ મધુ સપ્રે અને ઐશ્વર્યા રાય સાથે કરેલા કલાત્મક અને ગ્લૅમરસ ફોટોશૂટ માટે શાંતનુને સતત ત્રણ વર્ષ એવૉર્ડ મળતો રહ્યો. એ સિવાય ઑન્લી વિમલ (શૂટિંગ અને શર્ટિંગ) માટે એમણે રવિ શાસ્ત્રી, એલેન બોર્ડર અને વિવ રિચાર્ડ સાથે શૂટ કર્યું જેનાથી ટેક્સટાઇલની દુનિયામાં વિમલને બ્રાન્ડ તરીકે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ઓળખ મળી. એ સિવાય સિન્થૉલ અને બીજી અનેક બ્રાન્ડ્સને નવી ઓળખ આપવામાં શાંતનુની ક્રિએટિવિટી મોખરે રહી છે. પોતે જ ફૅશન અને ગ્લૅમરની દુનિયામાં કામ કરતા હોવાને કારણે એ જાણતા હતા કે એ દુનિયા સાથે જોડાયેલાં કેટલાંક દૂષણો કયાં છે... એ ઉપરાંત ગ્લૅમર અને બોલિવૂડની દુનિયામાં સમય ઉપર કોઈનો કંટ્રોલ હોતો નથી. પતિ-પત્ની બંને જો એ જ દુનિયામાં કામ કરતાં હોય તો દિવસો સુધી એકબીજાથી જુદાં રહેવું પડે, અન્ય સાથીકલાકારો કે મોડલ સાથે નિકટતા ઊભી થાય, અફવાઓ ઊડે અને મીડિયાને કારણ વગર ખોરાક મળે... આ બધી નેગેટિવિટીથી દૂર રહેવાનો સરળ રસ્તો એ હતો કે બેમાંથી એક વ્યક્તિ ગ્લૅમરની દુનિયા છોડી દે. માલવિકા છોડી શકી નહીં, જ્યારે મારા માટે ગ્લૅમરની દુનિયા ફક્ત કમાવાનો રસ્તો હતો. મને ક્યારેય ગ્લૅમરનું આકર્ષણ હતું જ નહીં. મારે માટે પરિવાર સૌથી અગત્યની બાબત હતી, જે મને મળી નહોતી!

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com

મારો ઉછેર મારી મમ્મીએ કર્યો. ટીના મિસ્કિવિટા, ૫૦ના દાયકામાં એના માતા-પિતા સાથે લડી-ઝઘડીને બોલિવૂડની દુનિયામાં કારકિર્દી બનાવવા માટે મુંબઈ આવી હતી. એણે 'સુજાતા', 'અનાડી', 'મિલાપ' જેવી ફિલ્મોમાં નાની નાની ભૂમિકાઓ ભજવી, પરંતુ ક્યારેય સ્ટાર બની શકી નહીં! મુખ્ય અભિનેત્રની પાછળ ડાન્સ કરનારી એક્સ્ટ્રા તરીકે એણે બોલિવૂડમાં ઘણાં વર્ષો વીતાવ્યાં.

એણે કદી મને કહ્યું નથી, પરંતુ એ વર્ષો દરમિયાન એને એક્સ્પ્લોઇટેશન, અપમાન કે આર્થિક અસલામતીનો સામનો કરવો પડ્યો હશે જેને કારણે એ મારી કારકિર્દી વિશે અત્યંત પ્રોટેક્ટિવ રહી. મારા પિતા બોલિવૂડમાં જુનિયર આર્ટિસ્ટ સપ્લાય કરતા હતા. મારી મા અને એમની વચ્ચે ક્યારે પ્રેમ થયો, લગ્ન થયાં કે નહીં એ વિશે કોઈ કશું જાણતું નથી, હું પણ નહીં! હું જ્યારે ત્રણ વર્ષની હતી ત્યારે મારી માએ પુણેના એક વકીલ 'કાટકર' સાથે લગ્ન કર્યાં, જેમણે મને ઑફિશિયલી એડોપ્ટ કરી, જેને કારણે મને એમની અટક મળી. એ લગ્ન મારી માએ તોડી નાખ્યાં, પરંતુ મારા પિતા-જેમણે મને એડોપ્ટ કરી હતી એમણે જીવનભર મારી કાળજી લીધી. (નોંધઃ ફિલ્મ ઇન્ડસ્ટ્રીના જૂના અહેવાલો અને IMDbની વિગતો મુજબ એવું માનવામાં આવે છે કે કિમી કાટકરના પિતા અને ૧૯૭૦ના દાયકાની પ્રખ્યાત અભિનેત્રી રીના રૉય (Reena Roy)ના પિતા 'સાદિક અલી' બંને સગા ભાઈઓ હતા. સાદિક અલી પણ તે જમાનામાં નાના-મોટા રોલ કરતા અભિનેતા અને પાર્ટ-ટાઇમ જૂનિયર આર્ટિસ્ટ સપ્લાયર હતા. જો આ કનેક્શન સાચું હોય, તો કિમી કાટકર અને રીના રૉય પિતરાઈ બહેનો (Cousins) થાય-એટલે કિમી કાટકરના બાયોલૉજિકલ પિતા મુસ્લિમ હતા?). જોકે મારી માએ લગ્ન તોડી નાખ્યાં પછી થોડો વખત માટે કાટકર વકીલે અમને પૈસા મોકલાવ્યા, કદાચ એમને એવી આશા હતી કે મારી મા પાછી પુણે આવીને ઘર સંભાળી લેશે, પરંતુ મારી માથી ફિલ્મ ઇન્ડસ્ટ્રી છૂટતી નહોતી. આટલાં વર્ષો સુધી નિષ્ફળતાના અનેક કડવા ઘૂંટડા પીધા પછી પણ એને મુંબઈ અને ફિલ્મ ઇન્ડસ્ટ્રીનો મોહ એટલો જ હતો જેટલો ૧૯૫૫માં પોતાનાં માતા-પિતાને છોડીને આવતી વખતે... મારી માએ કોઈ ફર્નાન્ડિઝ સાથે લગ્ન કર્યાં હતાં, જેને કારણે એની અટક ફર્નાન્ડિઝ લખતી હતી કે પછી એણે જાતે જ મિસ્કિવિટા જેવી અઘરી સરનેમમાંથી પોતાની અટક ફર્નાન્ડિઝ કરી નાખી એ વિશે પણ એણે મને કદી જણાવ્યું નથી... મારી માથી મુંબઈ અને ફિલ્મ ઇન્ડસ્ટ્રી ન છૂટ્યાં, એટલે મારો પરિવાર છૂટી ગયો! કાટકર વકીલે પૈસા મોકલવાના બંધ કર્યા, પછી મારી મા માટે મને ઉછેરવી એ બહુ મોટો સંઘર્ષ કે આર્થિક ચૅલેન્જ રહી હશે. એણે જાતજાતની નોકરીઓ, બિઝનેસના નાના મોટા અખતરા કર્યા, પરંતુ અમારી આર્થિક હાલત ખૂબ મુશ્કેલ રહી. જોકે ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખાણ ટકાવી રાખવા માટે મારી માએ સતત મહેનત કરી, જેનો ફાયદો પછીથી મને મળ્યો.

૧૬ વર્ષની ઉંમરે જ્યારે હું કૉલેજમાં હતી ત્યારે મને મોડલિંગનું પહેલું અસાઇનમેન્ટ મળ્યું. એક કૉસ્ચ્યુમ ડિઝાઇનરને પોતાના કેટલોગ માટે તસવીરોની જરૂર હતી. મારી મા એ કૉસ્ચ્યુમ ડિઝાઇનર સાથે પાર્ટ ટાઇમ કામ કરતી. એણે મારા ફોટા બતાવ્યા-કૉસ્ચ્યુમ ડિઝાઇનરે મને પસંદ કરી. મારા પહેલા ફોટા કેટલોગમાં છપાયા ત્યારે મારા કૉન્ટ્રાક્ટ ઉપર મારી માએ સહી કરેલી, કારણ કે હું પુખ્તવયની નહોતી.

૧૬ વર્ષની ઉંમરથી શરૂ કરીને ૩૦ વર્ષની ઉંમર સુધી હું મારા પરિવાર માટે કમાતી રહી. મુંબઈમાં પોતાનું ઘર, ગાડી અને મારી મા માટે એટલા પૈસાની બચત કરી જેમાંથી એ પોતાની વૃદ્ધાવસ્થાનું ગુજરાન ચલાવી શકે. મારે માટે ફિલ્મ ઇન્ડસ્ટ્રી કે મોડલિંગ એ શોખથી પસંદ કરેલો વ્યવસાય નહોતો. એક સમતોલ અને સુરક્ષિત, આર્થિક જીવન જીવવા માટે જે કરવું પડે તેના ભાગરૂપે મારે માટે આ એક નોકરી જ હતી. (ક્રમશઃ) ■

---

ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

## ટપાલ ટિકિટમાં અનોખી નારી

## સ્વતંત્રતા સેનાનીઃ કમલા નહેરુ

નામઃ કમલા નહેરુ
ઓળખઃસ્વતંત્રતા સેનાની
ટપાલ ટિકિટ બહાર પાડ્યાની તારીખ : ૧.૮.૧૯૭૪
ટિકિટનું મૂલ્ય : ૨૫ પૈસા

કમલા કાંઈ નવી નવાઈનું નામ નથી. સાવ સાધારણ નામ છે. શોધવા નીકળો તો કંઈકેટલીયે કમલા જડી આવે. પણ કમલા નામ સાથે નહેરુ અટક જોડાઈ જાય તો આ નામ આપોઆપ અસાધારણ બની જાય છે!

વાત છે કમલા નહેરુની. ભારતના પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુનાં પત્ની કમલાની. ભારતનાં એકમાત્ર મહિલા વડાં પ્રધાન ઇન્દિરા ગાંધીનાં માતા કમલાની. પરંતુ માત્ર પત્ની અને માતા તરીકેની ઓળખ આપવી એ કમલાને અન્યાય કર્યો કહેવાશે. કમલાની અધૂરી ઓળખ ગણાશે. કમલાનું પોતાનું આગવું વ્યક્તિત્વ હતું. આગવી ઓળખ હતી. એ ઓળખ સ્વતંત્રતા સેનાની તરીકેની છે!

કમલા નહેરુ મહાન દેશભક્ત હતાં. સાહસી અને નીડર. ભારતના આઝાદી આંદોલનમાં કમલા નહેરુએ સૈનિક તરીકેની કામગીરી કરેલી. અસહયોગ આંદોલન, નમક સત્યાગ્રહ અને અન્ય કાર્યક્રમોમાં સહભાગી થઈને, જેલવાસ ભોગવીને કમલાએ આઝાદીના યજ્ઞમાં આહુતિ આપેલી. ભારત સરકારે કમલા નહેરુના અમૂલ્ય યોગદાનને બિરદાવવા ૧ ઑગસ્ટ ૧૯૭૪ના રોજ ૨૫ પૈસાની ટપાલ ટિકિટ બહાર પાડી હતી.

આ કમલા નહેરુનો જન્મ દિલ્હીમાં રહેતા કાશ્મીરી કુટુંબમાં થયો. જન્મતારીખ ૧ ઑગસ્ટ ૧૮૯૯. પિતા જવાહરમલ કૌલ. માતા રાજપતિ કૌલ. એમનાં ચાર સંતાનોમાં કમલા જ્યેષ્ઠ. તત્કાલીન સમયમાં કન્યાઓના પગ સામાજિક રીતરિવાજો અને કુરૂઢિઓની બેડીથી બંધાયેલા. એટલે કમલાનું શિક્ષણ ઘેર જ થયું. હિંદી ભાષા શીખ્યાં, પણ અંગ્રેજી કાળા અક્ષર ભેંસ સમાન.




કમલા સુંદર, સુશીલ અને સંસ્કારી હતાં. કમલાની તેર વર્ષની વયે એમને એક કાશ્મીરી પંડિતના ઘેર ભોજનસમારંભમાં મોતીલાલ નહેરુએ જોયા. મોતીલાલ અલાહાબાદના નામાંકિત વકીલ હતા. વૈભવશાળી. લખલૂટ સંપત્તિની ઝાકમઝોળ ધરાવતા. મોતીલાલ પોતાના એકના એક દીકરા જવાહર માટે કન્યારત્નની શોધમાં હતા. કમલાને જોતાંવેંત એમની ખોજનો અંત આવ્યો. કમલાને જવાહરની જીવનસંગિની બનાવવાનો નિર્ણય કર્યો.

દિલ્હીથી અલાહાબાદ પાછા ફર્યા બાદ એમણે જવાહરને લખ્યુંઃ કમલાનો ચહેરામહોરો એટલો સુંદર છે કે બીજી કોઈ પણ કન્યા એની પાસે પાણી ભરે. વળી એ ખાસ્સી સમજદાર પણ છે. મોતીલાલ પોતાનો નિર્ણય પુત્ર પર ઠોકી બેસાડવામાં માનતા નહોતા. એમણે કમલાનું એક ચિત્ર પણ જવાહરને પાઠવ્યું. જવાહર ચિત્ર જોઈને પ્રસન્ન થયા. લગ્ન માટે સંમતિ આપી દીધી.

જવાહર વેરે પરણીને કમલા અલાહાબાદ આવ્યાં. એક નવી જ દુનિયામાં પ્રવેશ કર્યો. કમલા કોઈ ગરીબ પરિવારનાં નહોતાં, પણ ગર્ભશ્રીમંત નહેરુ પરિવાર સાથે પિયરની કોઈ તુલના નહોતી. અલાહાબાદના એક વિશાળ રસ્તાને કિનારે મોતીલાલ નહેરુનું આલીશાન મહાલય 'આનંદ ભવન' ગર્વભેર ઊભેલું. પિયરમાં પરંપરાગત વિચારોનું ચલણ હતું અને સાસરિયામાં આધુનિક જીવનશૈલીને પ્રાધાન્ય અપાતું. નહેરુ કુટુંબ અને કૌલ કુટુંબની રહેણીકરણીમાં જમીનઆસમાનનું અંતર હતું. ધરતી અને સૂર્ય વચ્ચે હોય એટલું. મોતીલાલ નહેરુ આ બાબત નહોતા સમજતા એવું નહોતું, પણ કમલાની કોઠાસૂઝ પર એમને ભરોસો હતો. કમલા પર એમણે વિશ્વાસ મૂક્યો. બહુ ઓછા ગાળામાં કમલાએ પરિવારજનોના દિલમાં સ્થાન બનાવી લીધું. જવાહરલાલ નહેરુના હૃદયમાં પણ.

દરમિયાન, ૧૯૧૯-'૨૦ના અરસામાં ભારતીય રાજકારણમાં મહાત્મા ગાંધીનો ઉદય થયો. એમના નેતૃત્વમાં આઝાદીની લડાઈએ નવો વળાંક લીધો. આ વળાંક પર જવાહરનું જીવનવહેણ પણ બદલાયું. કમલા-જવાહર આઝાદી આંદોલનમાં જોડાયાં. આ ગાળામાં સવિનય કાનૂનભંગની ચળવળ થઈ. કાનૂનભંગ કરવો અને પોતાના બચાવમાં કાંઈ પણ કહ્યા વિના સરકાર જે સજા કરે એનો સ્વીકાર કરવો એવું નક્કી કરાયેલું. આ કાર્યક્રમને પગલે મોતીલાલ, જવાહરલાલ તથા ઉત્તર પ્રદેશના અગ્રીમ હરોળના નેતાઓની ધરપકડ કરાયેલી. સર્વોચ્ચ નેતાઓ જેલમાં હોવાથી અલાહાબાદમાં આંદોલનનું સુકાન કમલાને સોંપાયું.

સુકાની તરીકે આંદોલનની જવાબદારી કમલાએ સુપેરે પાર પાડી. બળબળતી બપોરે એ મહિલાઓને ટુકડી સાથે વિલાયતી વસ્ત્રો વેચતી દુકાનો સામે જઈને પિકેટિંગ કરતાં. ઘરઘરના પુરુષવર્ગને સમજાવ્યો કે બહેનો પિકેટિંગ કરે એમાં કાંઈ ખોટું નથી. આ રીતે રાષ્ટ્રીય લડતમાં જોડાવા બહેનોને ઘરમાંથી બહાર કાઢી, પણ સારા કામમાં સો વિઘ્ન આવે એમ પિકેટિંગના કામમાં પણ અંતરાય ઊભા થતા. ક્યારેક કોઈ બહેન એક દિવસ પિકેટિંગમાં જોડાય તો બીજે દિવસે એ ઘરની બહાર ન નીકળે એ માટે પરિવારજનો મકાનના દ્વાર અંદરથી બંધ કરી દેતા. કુટુંબીજનો એવું વિચારતાં કે સારા ઘરની સ્ત્રીઓ દુકાને જઈને ઊભી રહે તો લોકોમાં હાંસીપાત્ર બનશે, પણ બહેનોને કમલામાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. તેઓ પરિવારજનોને સમજાવીને પિકેટિંગ માટે પહોંચી જ જતી. ધીરે ધીરે સહુને સમજાવા માંડ્યું કે પિકેટિંગ તો આઝાદીના રાષ્ટ્રીય યજ્ઞમાં અર્ઘ્યમાત્ર છે. એથી બહેનો પિકેટિંગ કરે એ સામેનો વિરોધ દૂર થઈ ગયો.

પિકેટિંગ કરતી બહેનો દુકાનની બહાર કતારમાં ઊભી રહી જતી. સૌથી આગળ કમલા. જે કોઈ વિલાયતી વસ્ત્રો ખરીદવા આવે તેને ખરીદી ન કરવા સમજાવતાં. ગ્રાહક પાછા ફરી જતા. ક્યારેક તો પિકેટિંગ કરતી બહેનો પહોંચે કે તરત દુકાનદારો જ દુકાન બંધ કરી દેતા. બહેનો પિકેટિંગનો જોમ-જુસ્સો જળવાઈ રહે એ માટે દેશભક્તિના નારા લગાવતાં. ગીત પણ ગાતાંઃ પિકેટિંગનો પ્રયાસ અને પ્રયોગ સફળ થયા પછી કમલાએ આઝાદી આંદોલનમાં ઘણી મહત્ત્વની જવાબદારીઓ નિભાવી. નમક સત્યાગ્રહમાં ભાગ લીધો. એક વાર જવાહરલાલ નહેરુ અંગ્રેજો વિરુદ્ધ ભાષણ કરી રહેલા ત્યારે જ પોલીસે એમની ધરપકડ કરી. એ વખતે કમલા આગળ આવ્યાં અને ખુદ અધૂરું ભાષણ પૂરું કર્યું. સ્વરાજ કાજે કમલાએ જેલવાસ પણ ભોગવ્યો. દેશ ખાતર ફના થઈ જવાની એમની તૈયારી હતી. જોકે સ્વાસ્થ્યે સાથ ન આપ્યો. સ્વિટ્ઝર્લેન્ડમાં ૨૮ ફેબ્રુઆરી ૧૯૩૬ના ક્ષયની બીમારીથી માત્ર સાડત્રીસ વર્ષની ઉંમરે એમનું નિધન થયું.

નાની વયે મૃત્યુ પામેલાં, પણ દેશ માટે મોટું કામ કરનાર કમલા ભારતનાં એકમાત્ર એવાં મહિલા હતાં જેના પતિ જવાહરલાલ નહેરુ પણ વડા પ્રધાન બન્યા અને પુત્રી ઇન્દિરા ગાંધી પણ! ■

---

## જિંદગી કી યહી રીત હે... હાર કે બાદ હી જીત હે...

ઉડાન
મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી અંતાણી
feedback.ladki@bombaysamachar.com



મેદાનમાં લાઉડસ્પીકર પરથી અવાજ ગુંજ્યો, 'બસ્સો મીટરની દોડમાં ભાગ લેનારી છોકરીઓ સ્ટાર્ટિંગ લાઇન પર આવી જાય.' એકાએક આખું વાતાવરણ બદલાઈ ગયું. થોડી ક્ષણ પહેલાં સુધી આવી રહેલો મજાક-મસ્તીનો અવાજ ધીમો પડી ગયો. પ્રેક્ષકો પોતાની બેઠકો પર ટટ્ટાર બેસી ગયા. સૌની નજર હવે સ્ટાર્ટિંગ લાઇન તરફ હતી. બધી છોકરી પોતાની જગ્યા લેવા લાગી, પણ મિહિકા ત્યાં જ ઊભી રહી ગઈ. એના મનમાં અચાનક ખાલીપો અનુભવાયો. એ ભય હતો... હારવાનો ભય.

'આજે હું હારી ગઈ તો?' વિચાર આવતાં જ એના પગ નબળા પડી ગયા. મિહિકા શાળાની શ્રેષ્ઠ દોડવીર હતી. છેલ્લાં બે વર્ષથી એ સતત મેડલ જીતી રહેલી. શિક્ષકોને એની પાસેથી મોટી આશા હતી. મિત્રો એને પહેલેથી વિજેતા માની લેતા. એનાં માતા-પિતાને પણ એની દરેક જીત પર ગર્વ થતો, પણ આજે... એના મનમાં પહેલી વાર જીત કરતાં હારનો વિચાર વધારે મોટો બની ગયો હતો. એવું નહોતું કે એ ભૂતકાળમાં હારી નહોતી. હારવું કંઈ અસામાન્ય નહોતું. એ જાણતી હતી કે દરેક રેસ જીતી શકાય નહીં. છતાં આજે જો એ હારી જાય તો? એના ગળામાં જાણે કંઈક અટવાઈ ગયું. સ્પોર્ટ્સ ટીચરે દૂરથી એની તરફ જોયું. મિહિકાએ ઊંડો શ્વાસ લીધો અને પોતાની લેનમાં જઈને ઊભી રહી. બીજી છોકરીઓ છેલ્લી ઘડીએ પોતાના શૂઝની દોરી તપાસતી હતી, હેરબૅન્ડ સરખાં કરતી હતી અને એકબીજાના આત્મવિશ્વાસને આંકવાનો ક્યાસ કાઢવા જોયાં કરતી ત્યારે મિહિકા નીચી મૂંડીએ નિરાશ ઊભી હતી.

એણે આંખો બંધ કરી. જાતને ટપારી. 'કશું વિચારવું નથી.' 'માત્ર દોડવાનું છે.' 'On your marks...' બધી છોકરીઓ સ્ટાર્ટિંગ પોઝિશનમાં આવી ગઈ. મિહિકાના ધબકારા એટલા ઝડપથી વધી ગયા કે જાણે આખું મેદાન એના હૃદયના ધબકારા સાંભળી રહ્યું હોય. પછી પિસ્તોલનો અવાજ થયો. 'બેંગ!' મિહિકા વીજળીની જેમ દોડી. એના પગ લાંબાં ડગલાં ભરતા હતા. હાથ અને પગ વચ્ચે અદ્ભુત તાલમેલ હતો. પ્રથમ બેન્ડ સુધી પહોંચતાં એ ચોથી ક્રમે હતી. એણે ઓવરટેક કર્યું. હવે એ ત્રીજા ક્રમે હતી. બીજી છોકરીએ પોતાની ગતિ વધારી, પરંતુ શરૂઆતમાં વધારે ઝડપ લગાવી દેવાના કારણે થોડા સમય પછી એ થાકી ગઈ. મિહિકાએ તક ઝડપી. એ પણ પાછળ રહી નહીં. થોડા જ પળોમાં એ બીજા ક્રમે આવી ગઈ. હવે માત્ર એક છોકરી આગળ હતી. એ સૌથી મજબૂત દોડવીર હતી. બંન્ને વચ્ચે હજુ ઘણું અંતર હતું. મિહિકાના પગ ભારે થવા લાગ્યા. શ્વાસ ધમણની જેમ ચાલતો હતો, પણ મનમાં માત્ર બે શબ્દો ગુંજી રહ્યા હતા, 'તું કરી શકે છે...' એણે દાંત ભીંસ્યા. પોતાની બધી શક્તિ એકઠી કરી. અંતર ધીમે ધીમે ઓછું થવા લાગ્યું. અને પછી... મિહિકા અચાનક આગળ નીકળી ગઈ. હવે એ પ્રથમ ક્રમે હતી. એના ચહેરા પર આનંદ છવાઈ ગયો. માત્ર થોડા મીટર બાકી હતા અને ત્યારે જ એનો પગ અચાનક લપસ્યો. સંતુલન બગડ્યું. પ્રેક્ષકોના મોંએથી એકસાથે ચીસ નીકળી. મિહિકા જમીન પર પછડાઈ. બાકીની દોડવીરો આગળ નીકળી ગઈ. મેદાનમાં એક ક્ષણ માટે અજીબ શાંતિ છવાઈ ગઈ. મિહિકા જમીન પર પડી હતી. એની આંખોમાં આંસુ ધસી આવેલાં. એને લાગ્યું કે બસ હવે બધું ખતમ. પગ જાણે લંગડાય ગયા હોય એવો એને ભાસ થયોને એ જ ક્ષણે નાની બહેન ઈશાની મનમાં ઝબકી ઊઠી. બાળપણમાં થયેલા પોલિયોના કારણે ઈશાનીના એક પગમાં કાયમી અસર રહી ગયેલી. ચાલતી વખતે એ થોડું લંગડાતી. ઈશાનીને લોકોની દયા બિલકુલ ગમતી નહોતી. મિહિકા જ્યારે પણ મેડલ જીતીને ઘરે આવતી ત્યારે કહેતી, 'આ મેડલ તારા માટે છે. હું દોડું છું, કારણ કે તું દોડી શકતી નથી.' ઈશાની હંમેશાં હસીને કહેતી, 'મારે તારા મેડલ નથી જોઈતાં.' બસ, તું આમ જ જીતતી રહેજે. હારીશ નહી...' પણ આજે મિહિકા જમીન પર પડી હતી અને ઈશાનીના ચહેરા પર વેદના છવાઈ ગયેલી.

એ જોઈ મિહિકા ધીમે ધીમે ઊભી થઈ. ઘૂંટણ પર ઈજા હતી. શરીર દુખતું હતું. જીતવાની તક હાથમાંથી સરકી ગઈ હતી, પણ એણે દોડવાનું બંધ ના કર્યું. એક ડગલું... પછી બીજું... એ ધીમે ધીમે ફિનિશિંગ લાઇન તરફ આગળ વધવા લાગી. પ્રેક્ષકો તાળીઓ પાડવા લાગ્યા. આખું મેદાન જાણે એની સાથે દોડી રહ્યું હોય એમ

'મિહિકા!'

'તું કરી શકે છે!'

'ચાલ!' એના કાનમાં માત્ર એક જ અવાજ ગુંજતો હતો. 'મિહિકા... મિહિકા...' અને આખરે એ ફિનિશિંગ લાઇન પાર કરી. કદાચ સૌથી છેલ્લે. તેમ છતાં મેદાનમાં તાળીઓનો ગડગડાટ ગુંજી ઊઠ્યો. ઈશાનીની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. એને પહેલી વાર સમજાયું કે જીત માત્ર મેડલ મેળવવાનું નામ નથી. મિહિકાએ પોતાની બહેન માટે દોડવાનું શરૂ કર્યું હતું, પરંતુ આજે એ પોતાની જાત માટે દોડી હતી. ભલે એ દિવસે મેડલ કોઈ બીજાએ જીત્યો, પણ સંતોષ મિહિકાને ભાગે આવેલો.

એ દિવસે મિહિકા રેસ હારી, પણ જીવનનો અગત્યનો પાઠ શીખી ગયેલી. એક નવી સમજણ એનામાં પ્રવેશેલી કે જીવનની સૌથી મોટી જીત ત્યારે જ મળે છે, જ્યારે માણસ પડ્યા પછી ફરી ઊભો થતાં શીખી જાય. ■

# આવા ઉત્તમ વિચારો સહુને આવે...

લાફ્ટર આફ્ટર
પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com




'સાંભળો છો...'

'બોલો...'

'તે મારે એમ કહેવું છે કે હમણાં આખા ગુજરાતમાં સેલ ચાલે છે. જ્યાં જુઓ ત્યાં સેલનાં પાટિયાં લાગેલાં છે.'

'પણ તેનું છે શું?'

'એક હજારની સાડી હમણાં બસો રૂપિયામાં મળે છે અને નવરાત્રીનાં ચણિયાચોળી તો ફક્ત પાંચસો રૂપિયામાં બે જોડી. બહેનોની સાથે ભાઈઓનાં આભલાં ભરેલાં કફની-પાયજામા સાવ ફ્રી! બોલો...'

'એમાં મારે શું બોલવાનું છે? મારે તો ફક્ત મુંડાવાનું જ છે ને?'

'સાવ આવું ખોરા કોપરા જેવું વગર વિચાર્યે બોલવાનું બંધ કરો.'

'હા, તો એક કામ કરો. તમે બોલો. હું ચૂપ રહું ને સાંભળું. પણ હા, પહેલાં એક કામ કર. દરેક માળિયા, કબાટો તેમજ બૉક્સ પલંગોમાં સાડીનાં તેમજ ચણિયાચોળી, કુર્તી, ફ્રૉક, ગાઉન વગેરેનાં તમામ પોટલાં મારી બહેનો, મામી, કાકી, માસી, કામવાળા, રસોઈવાળા બહેનોને કૅટેગરી પ્રમાણે આપીને ઘરમાં સાડી મૂકવાની જગ્યા ઊભી કર. પછી જ આપણે સેલમાં લટાર મારવા જવું કે નહીં જવું તે નક્કી કરીશું.'

હાર માનવાનું કે નમતું જોખવાનું અમને અમારી બા, દાદી, નાની કે પછી પડોશણ સુધ્ધાંએ શીખવ્યું નહોતું. સમગ્ર નારીજાતિએ તો ડગલે પગલે માત્ર 'સસ્તું મળે તો અલ્યા ગાંઠે બાંધીને, ભાવિને ઊજળું કરીએ હો જી...' એવું જ શીખવ્યું છે. જેમ દીપ સે દીપ પ્રગટે એમ અમે સહુ બહેનોએ શૉપિંગ કળાની જ્યોતને જલતી રાખવાની નેમ લીધી હતી. અમારા આ સંસ્કાર કંઈ આજકાલના નથી. એની ધરોહર તો પરાપૂર્વથી ચાલતી આવી છે અને આ શૉપિંગ જ્યોતને આવનારાં હજારો વર્ષ સુધી જલતી રાખવાની છે. આમ એક પતિદેવનાં મહેણાં ટોણાંથી હારીને હાથ હેઠા મૂકવાનું અમને પાલવે એમ નથી.

અમે હાર માન્યા વિના શૉપિંગ કળાના વિકાસાર્થે ફરી ગહન ચિંતન કર્યું અને બોલવાનું શરૂ કર્યું. 'સાંભળો છો? હું તમારી વાત સાથે સંમત છું, પણ હું વિચારું છું કે... કે...'

'એક કામ કર. તું વધારે વિચારવાનું છોડ અને બોલ્યે રાખ. સમજવાનું અને વર્તવાનું કે પછી છેલ્લો ફેંસલો તો મારે જ કરવાનો છે.'

'હા, તો છેલ્લે હું શું કહેતી હતી...'

'આમ જુઓ તો ક્યારની તું કશું જ નથી કહેતી (માત્ર બકવાસ સિવાય).'

'ઓકે. તો નવેસરથી મારા વિચારો એક પછી એક રજૂ કરું છું. નંબર એક એ કે મારી તમામ જૂની સાડીઓનાં પોટલાં માળિયેથી ઉતારીને હું એમાંથી ચણિયાચોળી, ગાઉન કે લૉન્ગ કુર્તી દરજી પાસે સીવડાવું અને આપણી ચારે દીકરીઓને અને એની દીકરીઓને ભેટ આપીએ. ઘરનું ઘરમાં જ રહેશે. નવી સ્ટાઇલનું છોકરીઓને તેમજ મારી બહેનોને આપીએ. સાથે સાથે થોડા ડ્રેસ મારે માટે પણ કરાવી જ દઉં. એમ પણ દિવાળીમાં યુરોપની ટૂરમાં ફરવા જઈશું ત્યારે સાડી થોડી પહેરાશે? ત્યારે તો મૉડર્ન ગર્લ બનીને જ ફોટા પડાવવા પડશે. ખરુંને?

હવે વિચાર નંબર બીજો પણ અફલાતૂન છે. ભાગ્યે જ કોઈને આવો વિચાર આવતો હશે. તો સાંભળો :

'સાડીમાંથી ડ્રેસ કરાવતા જે ટુકડાઓ વધે એમાંથી બાળકોનાં ઝભલા, ટોપી તેમ જ મિક્સ મૅચ કરીને તમારી તેમજ જમાઈઓની નવરાત્રી માટે રંગબેરંગી કફની, કોટી તેમજ નીચેની ચોયણીઓ પણ બનાવીએ. આપણું આખું ફૅમિલી નવરાત્રીમાં વેસ્ટમાંથી બેસ્ટ બનાવેલ ટ્રેડિશનલ ડ્રેસ પહેરીને નીકળીશું. પહેલાં આ ડ્રેસિસમાં ફોટો શૂટ કરાવીશું અને ઍક્શન તેમજ વિવિધ પોઝમાં રીલ પણ બનાવીશું... તમે જોજો, આ રીલમાં લોકો ફક્ત ને ફક્ત આપણા જરા હટકે ટ્રેડિશનલ, ગામઠી તેમજ શહેરી ફ્યુઝનના ડ્રેસ જોઈને આપણે ત્યાં અસંખ્ય લોકોના ફોન આવવાના શરૂ થશે કે આવા ડ્રેસ ક્યાં મળે છે. અમને ગમે તેટલા મોંઘા હોય તો પણ નવરાત્રી પહેલાં પહોંચતા કરો. એ વખતે આપણે આ ડ્રેસીસ અનેક ગણા ભાવમાં વેચાણ કરીને અઢળક કમાશું.'

'પણ ગંભીર પ્રશ્ન એ છે ડાર્લિંગ, કે તારા બધાં કપડાંમાંથી ડ્રેસીસ કરાવી દેશે તો હમણાં પહેરશે શું?'

'ડાર્લિંગ, તમે સમજ્યા નહીં. હું ભણી નથી પણ ગણી છું ને વેપારીની દીકરી છું... તો ધ્યાનથી મારો ત્રીજો પ્લાન સાંભળો. હમણાં બધા છૂપાં પોટલાંઓ દરજીને ત્યાં ડ્રેસીસ બનાવવા જશે. પછી વેચાણ થશે ને આપણે દસ ગણું કમાશું. પણ આપણે તાત્કાલિક સેલમાં જઈને એકદમ પાણીના ભાવે મળતી એક પર ત્રણ ફ્રી વાળી સાડીઓ, સેલાઓ, કુર્તી, પંજાબી ડ્રેસ વગેરે લાવીને સ્ટૉક કરી દઈએ.'

'હા. તો ડાર્લિંગ, આ ડ્રેસ સીવનારને સિલાઈના કેટલા આપીશું?'

'એક ડ્રેસના જેવી સિલાઈ તેવા ભાવ... જેવાં ચણિયાચોળી એવી સિલાઈ. એટલે મારે તો ગધા ભી જાય ઔર રસ્સી ભી જાય... એટલે...'

'એટલે એમ કે હમણાં તારા ડ્રેસની સિલાઈનું મોટું બિલ ભરું અને બીજી બાજુ સેલમાંથી લાવેલી સાડીઓનાં બિલ પણ ભરું! તારે તો બેઉ હાથે લાડુ ખાવા છે. ત્રીજો લાડુ યુરોપ ફરવાનો... શું ઉત્તમ વિચારો છે તમારા! હવે મારા ઉત્તમ વિચારો સાંભળો. આ વર્ષે બધાં પોટલાં માળિયેથી ઉતારીને તું જે સાડી ન પહેરવાની હોય તે અનાથાશ્રમમાં આપણે આપી આવીશું. જે સાડીની હજી તે ટૅગ પણ કાઢી નથી, એ બધી સાડીઓ પહેરીને હું તારી સાથે રીલ બનાવીશ. મારા પૈસા બચશે અને તારી સાથે ફોટો સેશન ને રીલ બનાવવાની મજા આવશે. તારે યુરોપ જવું છે ને? તો મારો ફ્રેન્ડ ફોટોગ્રાફર છે, એ યુરોપના ફોટાઓનું રીલ અને આપણી રીલનું મિક્સ મૅચ કરી આપશે. બોલ, મારા વિચારો ઉત્તમ કે તારા વિચારો?'

ચારોં ખાને ચિત્ત થઈ ગઈ...! જોકે મેં મારો હાથ ઉપર જ રાખ્યો અને કહ્યું, 'તમને આવા ઉત્તમ વિચારો આવ્યા ક્યાંથી? મને ખબર છે કે તમે નહીં જ સ્વીકારશો, પણ સાચું કહું તો આટલા ઉત્તમ વિચારો મારી સાથે રહેતાં રહેતાં આવતા થયા. બાકી તો... જવા દો. પણ હા, સેલ તો દિવાળી પછી હોળીમાં પણ આવશે. ત્યારે ફરી આપણે 'સેલ... સેલ... રમી લેશું ખરુંને!' ■

પાર્ટનર

# પ્રેમ વિના 'સંબંધ' અધૂરો

## એક તરફી પ્રેમ સંબંધ વધારે સમય ચાલતો નથી

ફોકસ
ઝુબૈદા વલિયાણી
feedback.ladki@bombaysamachar.com



કોઈ પણ સંબંધમાં પ્રેમ માત્ર એક તરફી હોય તો તે ઝાઝો ટકતો નથી. અર્થાત્ પતિ-પત્ની બંને પાર્ટનર્સે એકબીજાનો 'પ્રેમ' મેળવવો અને આપવો ખૂબ જ જરૂરી છે. તેના માટે એક જ બાબત ધ્યાનમાં રાખો કે જેટલો 'પ્રેમ' તમે પાર્ટનરને આપશો તેટલો અને તેથી પણ વધારે 'પ્રેમ' તમને તમારા પાર્ટનર તરફથી મળશે.

- તમારો પાર્ટનર તમને ઘણો રિસ્પૉન્સ આપતો હોય, પરંતુ તમે તેના માટે સમય ફાળવી શકતા ન હો કે રિસ્પૉન્સનો સામો જવાબ ન આપી શકતા હો તો આવો સંબંધ લાંબો ટકાવવો મુશ્કેલ બને છે.

- પરસ્પરના 'પ્રેમ'ને જાળવી રાખવા માટે તમારે તમારા પાર્ટનર તરફથી જેટલું મળી રહ્યું હોય તેનાથી વધારે પાછું આપવાનો પ્રયત્ન કરવો. 'પ્રેમ' મેળવવા કરતાં આપવામાં વધુ 'આનંદ' આવતો હોય છે.

- દેશ-વિદેશમાં દાયકાઓથી વંચાતા 'મુંબઈ સમાચાર'માં આવતી વિવિધ પૂર્તિમાંની એક 'લાડકી પૂર્તિ'ના પ્રિય વાચકો!

- પતિ-પત્નીએ એકબીજાંને માત્ર વધારે સમય આપવાની જરૂર નથી.

- ઘણાં કપલ્સ એવાં હોય છે કે જેઓ કલાકોના કલાકો સાથે વિતાવે છે, પરંતુ ઘણીવાર તેમના પરસ્પરના પ્રેમની વાત કરીએ તો તે બિલકુલ નથી હોતો.

- એક વાતનું ધ્યાન રાખો કે દરેક સફળ સંબંધ થોડા ઘણા અંશે સમાધાન પર ટક્યો હોય છે, જેમાં બંને પાર્ટનર્સની સમજદારી અને સંબંધ પ્રત્યેનો આદર ખૂબ જ ઉપયોગી સાબિત થાય છે.

- એક તરફી 'પ્રેમસંબંધ' વધારે સમય નથી ચાલતો.

- થોડી ક્ષણોનો ક્વૉલિટી ટાઇમ કલાકો બરાબર છે.

- તેનાથી પાર્ટનર્સ પોતાને વધારે સુરક્ષિત અને કમ્ફર્ટ અનુભવે છે.

- કેટલો સમય સાથે રહ્યા એ નહીં, પણ સાથે રહીને સમયને કેવી રીતે વિતાવ્યો એ મહત્ત્વનું હોય છે.

- કોઈ પણ સંબંધને જાળવી રાખવા માટે સમયની સાથે સાથે વાતચીત પણ જરૂરી છે. તેના માટે જરૂરી નથી કે તમે બહુ વધારે સમય વાતચીત કરો. માત્ર થોડીક મિનિટોની વાતચીત કે ક્વૉલિટી ટાઇમ તમારા સંબંધોને મજબૂતી બક્ષવા પૂરતો છે.

- જે પણ સમય મળે તેમાં વાદ-વિવાદ કરવાનું ટાળો.

- આ સમયમાં પ્રેમ વધારે તેવી વાત કરો.

- જેમ કે લગ્ન પહેલાંનો સમય.

- તમારી યાદગાર ક્ષણો વગેરે...

- આટલું કરવાથી પાર્ટનર્સ વચ્ચેનો 'પ્રેમ સંબંધ' વધારે મજબૂત બને છે.

- પતિ-પત્નીના સંબંધમાં ગમે તેટલા ફેરફાર થાય.

- ગમે તેટલી મુશ્કેલીઓ આવે, પરંતુ પાર્ટનરે પોતાનો ચહેરો હંમેશાં હસતો રાખવો જોઈએ.

- એક હળવા સ્મિતથી તમે ગમે તેટલા ખરાબ સંબંધોને પણ સુધારી શકો છો.

- ચહેરા પરનું સ્મિત એ એક એવો સંકેત કે નિર્દેશ છે જે તમારી સારી અને પૉઝિટિવ લાગણીઓને રિફ્લેક્ટ કરે છે અને તમારા તણાવભર્યા સંબંધોને પણ સુધારે છે.

- તેથી પાર્ટનર્સ એકબીજાને ભલે સમય આપી ન શકે, વાતચીત ન કરી શકે, પરંતુ વચ્ચે વચ્ચે હળવું સ્મિત રેલાવું જોઈએ.

- ચહેરા પરનું હાસ્ય બંને પાર્ટનરને એકબીજાની નજીક લાવે છે.

- ઘણીવાર લોકો પોતાના પાર્ટનરથી એટલા માટે નારાજ રહે છે, કારણ કે તેઓ તેમનાં વખાણ નથી કરતાં.

- તમે તમારાં વખાણ સાંભળવા માટે પાર્ટનરની રાહ જોશો.

- યોગ્ય સમય લાગે કે તરત જ તમારી સારી બાબત, પછી તે તમારો દેખાવ હોય કે કાઈ કામ જણાવો અને તે અંગે પાર્ટનરનો મત જાણો.

- તેજ રીતે જો તમને તમારા પાર્ટનરની કોઈ વાત બહુ પસંદ આવે તો તેમને તે વાત જણાવવાનું ભૂલશો નહીં.

- આ રીતે તમારા સંબંધો વધારે મીઠાશ અને સુમેળભર્યા બનશે, જેની અસર તમારી જાતીય લાઇફ પર જોવા મળશે.

- વ્હાલા વાચકો!

- સ્ત્રી હોય કે પુરુષ! બંનેને 'પર્સનલ લાઇફ'ની સાથે સાથે પ્રેમની પણ જરૂર હોય છે.

- પરસ્પરનો સાથ-સહકાર, વિશ્વાસ, સંભાળ, મદદ.

- લાગણીઓ બંને વચ્ચે પ્રેમ વધારે છે, જે જાતીય લાઇફને વધારે રોમાંચક બનાવે છે.

* * *

### હસે તેનું ઘર વસે

*મોન્ટુઃ 'પપ્પા, લગ્ન કરતી વખતે હસ્તમેળાપ કરવાનો અર્થ શું?*

*પપ્પાઃ 'બેટા, એ તો ફક્ત ફૉર્માલિટી છે, જેમ બે બૉક્સર લડાઈની તૈયારી પહેલાં કરે છે તેમ.'* ■



'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| શેણ | પાડોશી |
| શેતી | છાણ |
| શેપૂટ | સગડી |
| શેજારી | પૂંછડી |
| શેગડી | ખેતી |

### શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | ૩ | | ■ | ૪ | | ૫ | |
| | ■ | ૬ | | ■ | ૭ | | ■ | | ■ |
| ■ | ■ | | ■ | ૮ | ■ | | ■ | ૯ | |
| ૧૦ | | ■ | ૧૧ | | | ■ | ૧૨ | ■ | ■ |
| | ■ | ૧૩ | ■ | | ■ | ૧૪ | | | ૧૫ |
| ૧૬ | | | | ■ | ૧૭ | ■ | | ■ | |
| ■ | ■ | | ■ | ૧૮ | | | ■ | ૧૯ | |
| ૨૦ | ૨૧ | ■ | ૨૨ | ■ | | ■ | ૨૩ | ■ | ■ |
| ■ | | ■ | ૨૪ | | ■ | ૨૫ | | ■ | ૨૬ |
| ૨૭ | | | | ■ | ૨૮ | | | | |

**આડી ચાવી**

૧. વંશપરંપરાથી ચાલતું (૫)
૪. સુરક્ષિતતા (૪)
૬. તંતુ, તાંતણો (૨)
૭. સુંદર સ્ત્રી (૨)
૯. ત્યાં (૨)
૧૦. હડપચી (૨)
૧૧. ચાંપતી ઉઘરાણી (૩)
૧૪. સરખામણી, સામસામો મેળાપ (૪)
૧૬. નવું ઉદય પામેલું (૪)
૧૮. જલદી, ઝડપથી (૩)
૧૯. બારે બુદ્ધિ અને સોળે --- (૨)
૨૦. શિખામણ, ઉપદેશ (૨)
૨૪. હિંમત (૨)
૨૫. ત્વચા, ચામડી (૨)
૨૭. નવો જમાનો (૪)
૨૮. સાવ ઢીલું (૫)

**ઊભી ચાવી**

૧. પહેલાનું, પ્રારંભનું (૨)
૨. રિંગણું (૩)
૩. માથું (૨)
૪. સાધુ સંન્યાસીનું મરણ (૩)
૫. મઠાધિકારી, મોટો સાધુ (૩)
૮. --- માં અધિક માસ (૩)
૧૦. અહેવાલ, વર્ણન (૩)
૧૨. રહેઠાણ, વસવાટ (૩)
૧૩. દેવાલય (૩)
૧૫. આંખ, ચક્ષુ (૩)
૧૭. તૃષા (૩)
૨૧. તૃપ્તી, સંતોષ (૩)
૨૨. સૌભાગ્ય (૩)
૨૩. દુનિયા, જગત (૩)
૨૫. વેર, ઈર્ષા, અદેખાઈ (૨)
૨૬. ભાગીદારી, સરાસરી (૨)

**ગયા વખતનો ઉકેલ**

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ આ | ગો | ૨ ત | રું | ■ | ■ | ૩ ત | ર | ૪ કી | ૫ બ |
| મ | ■ | ટ | ■ | ૬ સ | ર | લ | ■ | ૭ ર | જા |
| ૮ ર | સ્તો | ■ | ૯ પ્ર | જા | ■ | ૧૦ પ | ૧૧ ક્ષી | ■ | ણિ |
| ણાં | ■ | ■ | ■ | ૧૨ ગ | ઢ | ■ | ણ | ■ | યો |
| ૧૩ ત | ૧૪ પે | શ | ૧૫ રી | ■ | ■ | ૧૬ નિ | ■ | ૧૭ ખો | ■ |
| ■ | ટ | ■ | ઢું | ■ | ■ | ૧૮ ત | ક | લી | ૧૯ ફ |
| ૨૦ ત | ■ | ૨૧ રં | ■ | ૨૨ વ્યો | ૨૩ મ | ■ | ■ | ■ | લ |
| ફ | ■ | ૨૪ ભા | ૨૫ સ | ■ | ૨૬ હા | લ | ■ | ૨૭ સ | દા |
| ૨૮ ડું | ૨૯ ખ | ■ | ૩૦ ગ | હ | ન | ■ | ૩૧ નૂ | ■ | ય |
| ૩૨ ચી | ર | ફા | ડ | ■ | ■ | ૩૩ કા | ર | ત | ક |

### જાણવા જેવું

ધ્રુવ પ્રદેશમાં વસવાટ કરતા રીંછ મોટેભાગે નવેમ્બરથી જાન્યુઆરી દરમિયાન જોડિયા બચ્ચાને જન્મ આપે છે. આ બચ્ચા બે વર્ષના થાય ત્યાં સુધી માતાને વળગી રહી જીવવાની કેટલીક બાબતો શીખી લે છે. મા બરફમાં ઊંડો ખાડો કરી બચ્ચા માટે સલામત 'ગુફા' બનાવે છે. એપ્રિલમાં બચ્ચા બહાર નીકળી તાપમાનથી ટેવાઈ જવાની કોશિશ કરી શિકાર કરતા શીખે છે.

### ઓળખાણ પડી?

એશિયન ગેમ્સમાં મિક્સ્ડ માર્શલ આર્ટ્સમાં મેડલ સાથે પ્રથમ ભારતીય એથ્લીટની સિદ્ધિ મેળવનારી ખેલાડીની ઓળખાણ પડી?

અ) મીરાંબાઈ ચાનુ
બ) દીપ્તિ શર્મા
ક) સીમા કુમારી
ડ) સુચિકા તારિયાલ



### સુડોકુ-આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | | | | ૮ | | ૯ | | |
| | | ૪ | ૩ | ૧ | ૯ | | | |
| ૧ | | ૨ | | | ૬ | | ૭ | |
| ૯ | ૬ | ૮ | | ૩ | | | ૪ | |
| | | | | ૨ | | | | |
| | ૨ | | | ૭ | | ૬ | ૩ | ૫ |
| | ૧ | | ૮ | | | ૪ | | ૯ |
| | | | ૨ | ૬ | ૭ | ૧ | | |
| | | ૫ | | ૯ | | | | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

**સુડોકુ-ગઈકાલનો જવાબ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | ૫ | ૧ | ૪ | ૩ | ૨ | ૯ | ૭ | ૮ |
| ૪ | ૩ | ૨ | ૭ | ૯ | ૮ | ૫ | ૧ | ૬ |
| ૮ | ૭ | ૯ | ૧ | ૫ | ૬ | ૨ | ૪ | ૩ |
| ૨ | ૯ | ૭ | ૫ | ૮ | ૧ | ૬ | ૩ | ૪ |
| ૧ | ૬ | ૮ | ૯ | ૪ | ૩ | ૭ | ૫ | ૨ |
| ૫ | ૪ | ૩ | ૬ | ૨ | ૭ | ૮ | ૯ | ૧ |
| ૩ | ૧ | ૬ | ૮ | ૭ | ૯ | ૪ | ૨ | ૫ |
| ૭ | ૮ | ૪ | ૨ | ૧ | ૫ | ૩ | ૬ | ૯ |
| ૯ | ૨ | ૫ | ૩ | ૬ | ૪ | ૧ | ૮ | ૭ |

### ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| खाली | નીચે |
| वरती | ઉપર |
| मधली | વચ્ચે |
| उजवी | જમણી |
| डावी | ડાબી |

**ગુજરાત મોરી મોરી રેઃ** બહેન

**ઓળખાણ પડી?** કેરળ

**માઈન્ડ ગેમ :** હર્ષિતા જાખડ

**ચતુર આપો જવાબ માથું ખંજવાળો :** સાવજ

### ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. ભાઈના સસરાના એકમાત્ર જમાઈની દીકરીના મામા ભાઈને સંબંધમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) ભત્રીજો  બ) સાળો
ક) સાઢુભાઈ  ડ) પિતરાઈ

### ચતુર આપો જવાબ  માથું ખંજવાળો

આપેલા વાક્યમાં શરીર માટેનો પર્યાયવાચી શબ્દ શોધી કાઢો

સૂર્ય પૂર્વમાં ઊગે એ સનાતન સત્ય છે.

### નોંધી રાખો

*ગમ્મે તેટલો મોટો વેપારી તકલીફ વેચી નથી શકતો, શાંતિ ખરીદી નથી શકતો. ધનની કોઈ વિસાત નથી રહેતી.*

### માઈન્ડ ગેમ

બલૂનમાં કયા ગેસનો ઉપયોગ કરવામાં આવે છે? બાળકોના રમવાના ફુગ્ગા ઉપરાંત હવાઈ બલૂનમાં પણ વપરાય છે.

અ) હિલિયમ  બ) નાઈટ્રોજન  ક) આર્ગોન  ડ) ઓક્સિજન

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમા જીવણદાસ વેદ (૨) ડો. પ્રકાશ કટકિયા (૩) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૪) ભારતી બુચ (૫) ભરત કજરિયા (૬) મુલરાજ કપૂર (૭) ધીરેન્દ્ર મુલરાજ (૮) પ્રતિમા પમાણી (૯) ભામિની સંપટ (૧૦) શ્રદ્ધા આશર (૧૧) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૨) ખુશરૂ કાપડિયા (૧૩) લજિતા કોના (૧૪) મીનળ કાપડિયા (૧૫) મહેશ એન. સંઘવી (૧૬) જ્યોતિ ખાંડવાલા (૧૭) કમલ માતલિયા (૧૮) નિખિલ બંગાળી (૧૯) અમીશી બંગાળી (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) વિપીન શાહ (૨૪) શિલ્પા શ્રોફ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ભાવના કર્વે (૨૭) નિતીન જયંતીલાલ બજરિયા (૨૮) વિણા સંપટ (૨૯) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૦) જયવંત પદમશી ચિખલ (૩૧) ડાયના સંતોકે (૩૨) અલકા વાણી (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) હિનાબેન દલાલ (૩૫) ઈનાક્ષીબેન દલાલ (૩૬) રમેશભાઈ દલાલ (૩૭) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૩૮) સુભાષ મોમાયા (૩૯) નીતા દેસાઈ (૪૦) પુષ્પા પટેલ (૪૧) તાહેર ઔરંગાબાદવાલા (૪૨) શીરીન ઔરંગાબાદવાલા (૪૩) અબ્દુલ્લા એફ. મુનીમ (૪૪) મહેશ દોશી (૪૫) નયના ગિરીશ મિસ્ત્રી (૪૬) અતુલ સંપટ (૪૭) નેહુલ એમ. સંઘવી (૪૮) હેમાંગી કે. મારુ (૪૯) મધુલતા ચંદ્રશેખર માંકડ

# થાણેમાં શિવસેનાના નેતાની ગોળી મારી હત્યાઃ બે જણ પકડાયા

## ભૂતપૂર્વ મેયરના પતિ હુમલાનું કાવતરું ઘડનારાઓમાં સામેલઃ પરિવારનો આક્ષેપ

થાણેઃ થાણેમાં શિવસેના (યુબીટી)ના વિભાગ પ્રમુખ પ્રદીપ પુર્ણેકરની ગોળી મારીને હત્યા કરવાના કેસમાં પોલીસે એક જણની ધરપકડ કરી હતી, જ્યારે બીજાને તાબામાં લેવાયો હતો. પુર્ણેકરની હત્યા રાજકીય દુશ્મનાવટને કારણે કરાઇ હોઇ હુમલાનું કાવતરું ઘડનારાઓમાં ભૂતપૂર્વ મેયરના પતિ સામેલ હોવાનો આક્ષેપ મૃતકના પરિવારજનોએ કર્યો હતો. બીજી તરફ પોલીસે જણાવ્યું હતું કે આ હુમલા પાછળનો હેતુ હજી જાણી શકાયો નથી અને અધિકારીઓ રાજકીય તથા અંગત દુશ્મનાવટ સહિતના તમામ સંભવિત પાસાંની તપાસ કરી રહી છે.

થાણેમાં કાપુરબાવડી પોલીસ સ્ટેશનની હદમાં આવેલા ગણેશનગરમાં પક્ષના કાર્યાલયની બહાર મંગળવારે રાતના નવ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. પોલીસે આ પ્રકરણે પાંચ આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. ગુનામાં સામેલ તમામ આરોપીને ઓળખી કાઢવામાં આવ્યા હોઇ એક જણની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે બીજા શખસને તાબામાં લેવાયો હોઇ તેની પૂછપરછ ચાલી રહી છે. ગુનામાં સામેલ અન્ય ત્રણ આરોપીને પકડવા પોલીસની ૧૦ ટીમ તૈયાર કરીને વિવિધ સ્થળે પાઠવાઇ છે. પક્ષના કાર્યાલયની બહાર મંગળવારે રાતના પ્રદીપ યશવંત પૂર્ણેકર પર માસ્ક પહેરેલા અજાણ્યા શખસોએ ગોળીબાર કર્યો હતો અને બાદમાં તેઓ ફરાર થઇ ગયા હતા. ગોળીબારમાં ઘાયલ થયેલા પુર્ણેકરને તાત્કાલિક ખાનગી હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેનું મૃત્યુ થયું હતું, એમ પોલીસે જણાવ્યું હતું. આ ઘટના બાદ વિસ્તારમાં વાતાવરણ તંગ બન્યું હતું, જેને કારણે ત્યાં વધારાનો પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો હતો. ઘટનાના વિરોધમાં બુધવારે કાપુરબાવડી, આઝાદનગર, મનોરમાનગર અને માનપાડા વિસ્તારમાં બંધ પાળવામાં આવ્યો હતો.

પુર્ણેકરના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મુંબઈની જે.જે. હોસ્પિટલમાં મોકલવામાં આવ્યો હતો અને બુધવારે બપોરે એમ્બ્યુલન્સમાં મૃતદેહને થાણે લવાયો હતો. એમ્બ્યુલન્સને ત્યાર બાદ કાપુરબાવડી પોલીસ સ્ટેશને લઇ જવાનો પ્રયાસ કરાતાં પોલીસે તેને રોકી હતી. એમ્બ્યુલન્સને બાદમાં પોલીસ સ્ટેશનના પરિસરમાં લવાઇ હતી અને કાર્યકર્તાઓ તથા અન્યોએ આંદોલન કર્યું હતું, જે સાંજના છ વાગ્યા સુધી ચાલ્યું હતું. દરમિયાન પુર્ણેકર પર હુમલાનું કાવતરું ઘડનારાઓમાં ભૂતપૂર્વ મેયર મીનાક્ષી શિંદેના પતિ રાજેન્દ્ર શિંદે સામેલ હોવાનો આક્ષેપ કર્યો હતો. પ્રદીપ પુર્ણેકરના પુત્ર રામ પુર્ણેકરે રાજેન્દ્ર શિંદેના નામનો ઉલ્લેખ કર્યો હોઇ હત્યા અગાઉ આરોપીઓ સાથે મીટિંગ કરતી વખતે પોતે રાજેન્દ્રનો જોયો હોવાનો દાવો તેણે સોશિયલ મીડિયા પર કર્યો હતો.

### રાઉતે ફડણવીસ પર સાધ્યું નિશાન

થાણેઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે બુધવારે થાણેમાં પક્ષના એક પદાધિકારીની હત્યા મામલે મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ પર પ્રહાર કરતા તેને રાજ્યના ગૃહ વિભાગ માટે 'શરમજનક' ગણાવ્યું હતું. મંગળવારે રાત્રે લગભગ ૯ વાગ્યે કપુરબાવડી પોલીસ સ્ટેશનની હદમાં અજાણ્યા શખ્સોએ સ્થાનિક સેના (યુબીટી) નેતા પ્રદીપ પૂર્ણેકર પર ગોળી મારી હુમલો કર્યા બાદ તેમનું અવસાન થયું હતું, જેના પગલે વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો હતો.

રાઉતે દાવો કર્યો હતો કે ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વવાળી સેના (યુબીટી)ના શહેર 'વિભાગ પ્રમુખ' પૂર્ણેકરનો સ્થાનિક શિવસેના નેતા સાથે રાજકીય સંઘર્ષ ચાલતો હતો. રાઉતે કહ્યું કે, પૂર્ણેકર શહેરના મનોરમા નગર વિસ્તારમાં બિલ્ડર લોબી અને ડ્રગ નેટવર્ક સામે સતત અવાજ ઉઠાવતા હતા અને આ નેતાએ 'તેની કિંમત પોતાના જીવના ભોગે ચૂકવવી પડી.' રાજ્યસભાના સભ્યે આ હત્યાને મુખ્ય પ્રધાન ફડણવીસના નેતૃત્વ હેઠળના રાજ્યના ગૃહ વિભાગ માટે 'શરમજનક' ગણાવી હતી.

'થાણે ગુનેગારો અને ડ્રગ માફિયાઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન બની ગયું છે. થાણેના નાગરિકોનું ભવિષ્ય અંધકારમાં ધકેલાઈ ગયું છે, આ દેવેન્દ્ર ફડણવીસની નિષ્ફળતા છે. પ્રદીપ પૂર્ણેકરનું બલિદાન વ્યર્થ જવા દેવામાં આવશે નહીં!' એમ રાઉતે 'એક્સ' પરની એક પોસ્ટમાં જણાવ્યું હતું.

પોલીસના જણાવ્યા અનુસાર, આ હુમલા પાછળનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. તેમણે કહ્યું કે રાજકીય હરીફાઈ અને અંગત અદાવત સહિતના તમામ સંભવિત પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. સેના (યુબીટી) ના વરિષ્ઠ નેતાઓએ ગુનેગારોની તાત્કાલિક ધરપકડ અને આ ઘટનાની ઝડપી તપાસની માગ કરી છે. (પીટીઆઈ)

**એન્ટિલિયા બૉમ્બ કેસ**

# બૉમ્બે હાઈ કોર્ટે વાઝેના જામીન પર રોક લગાવી

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે ૨૦૨૧ના 'એન્ટિલિયા બોમ્બ' કેસમાં બરતરફ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેને મળેલી જામીન પર રોક લગાવી દીધી છે. એનઆઈએએ એ દલીલ કરી હતી કે વાઝેનો ઈરાદો આતંક ફેલાવવાનો હતો અને તે હત્યાના આરોપનો સામનો કરી રહ્યો હોવાથી, તેને રાહત આપવાનો વિશેષ અદાલતનો નિર્ણય 'સંપૂર્ણપણે ખોટો' છે. ૨૯ સપ્ટેમ્બર મંગળવારે, એનઆઈએની વિશેષ અદાલતે વાઝેને જામીન આપ્યાના થોડા જ સમય બાદ, એજન્સીએ હાઈ કોર્ટનો સંપર્ક કર્યો અને જસ્ટિસ સારંગ કોટવાલના નેતૃત્વવાળી બેન્ચ સમક્ષ અપીલ કરી હતી.

એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહે દલીલ કરી હતી કે વિશેષ અદાલતે બિનજરૂરી ટિપ્પણીઓ કરી હતી; જેમ કે, અદાલતે પૂછ્યું હતું કે શું નેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (એનઆઈએ) ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પરિવારનાં નિવેદનો નોંધવા માટે કોઈ 'મુહૂર્ત'ની રાહ જોઈ રહી હતી, અને એવી પણ ટિપ્પણી કરી હતી કે કથિત આતંકવાદી ખતરો હોવા છતાં પરિવાર જીવનનો આનંદ માણી રહ્યા હતા.

ન્યાયમૂર્તિ ગિરીશ કુલકર્ણી અને નીલા ગોખલેની ખંડપીઠે વિશેષ અદાલતના આદેશને પડકારતી એનઆઈએની અપીલની સુનાવણી ૭ ઓક્ટોબર પર મુલતવી રાખી અને વાઝેને નોટિસ જારી કરી હતી.

'અમે વિશેષ અદાલત દ્વારા ૨૯ સપ્ટેમ્બરના રોજ પસાર કરવામાં આવેલા આદેશ પર વચગાળાનો સ્ટે આપી રહ્યા છીએ. રાજ્યના સત્તાવાળાઓએ અમારા આદેશની જાણ સંબંધિત જેલ સત્તાવાળાઓને તાત્કાલિક કરવી,' તેમ અદાલતે જણાવ્યું હતું. એનઆઈએ વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ અનિલ સિંહની દલીલો સાંભળ્યા બાદ હાઈ કોર્ટે આ આદેશ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે વાઝેને જામીન આપવામાં વિશેષ અદાલતે ભૂલ કરી હતી. વાઝે હાલમાં થાણે સેન્ટ્રલ જેલમાં બંધ છે અને મંગળવારે વિશેષ અદાલતના આદેશ બાદ તેની જામીનની કાર્યવાહી હજુ પૂર્ણ થવાની બાકી હતી. કાનૂની પ્રક્રિયાઓ હજુ પૂર્ણ ન થઈ હોવાથી વાઝેને જેલમાંથી મુક્ત કરવામાં આવ્યો નથી.

### તત્કાલીન એમવીએ સરકારને બદનામ કરવાનો હેતુઃ કૉંગ્રેસ

મુંબઈઃ એન્ટિલિયા બોમ્બ કેસને રાજકીય હેતુ સિદ્ધ કરવા અને તત્કાલીન એમવીએ સરકારને બદનામ કરવા માટે જાણીજોઈને આતંકવાદ સાથે જોડવામાં આવ્યો હતો, એવો આક્ષેપ કૉંગ્રેસે આક્ષેપ કર્યો હતો. ખાસ અદાલતે બરતરફ કરાયેલા પોલીસ અધિકારી સચિન વાઝેને જામીન આપ્યાના એક દિવસ બાદ કૉંગ્રેસનું આ નિવેદન આવ્યું હતું.

કોર્ટે નોંધ્યું કે એનઆઇએ વાઝે વિરુદ્ધ યુએપીએ હેઠળ આતંકવાદનો કેસ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહી છે, અને ઉદ્યોગપતિ મુકેશ અંબાણીના પરિવારને તેમના કથિત કૃત્યથી ડરાવવામાં આવ્યો હતો તે સાબિત કરવા માટે રેકોર્ડ પર કોઈ પુરાવા નથી. ''આ કેસને રાજકીય હેતુ માટે આતંકવાદ સાથે જોડવામાં આવ્યો હતો. આ કાવતરું ફક્ત એમવીએ સરકારને બદનામ કરવાનો જ નહીં પરંતુ ચોક્કસ આરોપીઓને પ્રકાશમાં આવતા અટકાવવાનો પણ હતો,' એઆઇસીસી સચિવ સચિન સાવંતે આરોપ લગાવ્યો હતો.

સાવંતે આરોપ લગાવ્યો હતો કે એનઆઇએ કેસના મૂળ સુધી પહોંચવામાં નિષ્ફળ ગઈ છે અને દાવો કર્યો હતો કે કેટલાક લોકોને બચાવવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. 'રાજકીય હેતુઓ માટે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરુપયોગ થઈ રહ્યો છે,' તેમણે આરોપ લગાવ્યો હતો.

૨૫ ફેબ્રુઆરી ૨૦૨૧ ના રોજ મુકેશ અંબાણીના ઘર પાસે વિસ્ફોટકો ભરેલી એસયુવી મળી હતી, અને કારના માલિક મનસુખ હિરેનનો મૃતદેહ પાંચ માર્ચે થાણેની ખાડીમાંથી મળ્યો હતો. આ મામલે એનઆઇએ એ ૧૩ માર્ચ ૨૦૨૧ના રોજ સચિન વાઝેની ધરપકડ કરી હતી. ત્યારબાદ સીબીઆઇ અને ઇડીએ પણ વાઝે વિરુદ્ધ ભ્રષ્ટાચારનો કેસ નોંધ્યો હતો, જેમાં તેમને અગાઉથી જ જામીન મળી ચૂક્યા છે.

# બોરીવલીની રેસ્ટોરાંના ઢોસામાંથી નીકળ્યો મૃત ઉંદર

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ફૂડ સેફ્ટીને લઈ એફડીએ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી રહી છે, જ્યારે અનેક રેસ્ટોરાં અને દુકાનોના લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે ત્યારે બોરીવલીની જાણીતી રેસ્ટોરાંમાં ચોંકાવનારી ફરિયાદ મળી હતી. બોરીવલી વેસ્ટ સ્ટેશન નજીક એલ. ટી. રોડ પર ગોયલ શોપિંગ સેન્ટરની સામે આવેલી રાધાકૃષ્ણની હોટેલમાં પીરસવામાં આવેલા મૈસૂર મસાલા ઢોસામાં મૃત ઉંદર નીકળ્યો હોવાનો આક્ષેપ એક ગ્રાહકે કર્યો હતો. આ ઘટનાને પગલે બોરીવલી પોલીસને ફરિયાદ કરવામાં આવી હતી, ત્યાર પછી તપાસ માટે મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) સુધી પહોંચ્યો હતો.

ફરિયાદ મુજબ ફરિયાદી પોતાના બે ભાઈઓ અને પુત્ર સાથે સાઉથ ઇન્ડિયન ફૂડ જમવા માટે હોટેલ પહોંચ્યા હતા. તેમણે મૈસૂર મસાલા ઢોસાનો ઓર્ડર આપ્યો હતો. ઢોસાના થોડા કોળિયા ખાધા બાદ તેમને તેની અંદર એક મૃત ઉંદર જોવા મળ્યો હતો. આ દૃશ્ય જોઈને તેઓ એટલા ગભરાઈ ગયા કે તેમને તરત જ ઊલટી થઈ હતી ત્યાર બાદ ઘટનાની જાણ બોરીવલી પોલીસને કરવામાં આવી હતી.

ઘટના બાદ બોરીવલી પોલીસ સ્ટેશનના અધિકારીઓએ ફરિયાદને એફડીએ સુધી મોકલી હતી. બોરીવલી પોલીસના સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટરે ફરિયાદ એફડીએને મોકલવામાં આવી હોવાનું જણાવ્યું છે અને મામલે વધુ તપાસ ચાલી રહી છે. બીજી તરફ, મહારાષ્ટ્ર એફડીએ કમિશનર તુકારામ મુંઢેએ પણ રેસ્ટોરા સામે કાર્યવાહી કરવામાં આવશે, એમ જણાવ્યું હતું.

આ ફરિયાદ બાદ એફડીએએ રાધાકૃષ્ણ હોટેલનું ફૂડ લાઇસન્સ હાલ પૂરતું સસ્પેન્ડ કર્યું હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. આ કાર્યવાહી એવા સમયે થઈ છે જ્યારે મહારાષ્ટ્રમાં તહેવારોની સિઝનને ધ્યાનમાં રાખીને ખાદ્યપદાર્થો વેચતી દુકાનો, હોટેલ અને રેસ્ટોરા સ્વચ્છતા તથા ફૂડ સેફ્ટીની તપાસ માટે રાજ્યવ્યાપી ઝુંબેશ ચાલી રહી છે.

એફડીએની આ ઝુંબેશ દરમિયાન મુંબઈ સહિત રાજ્યના અનેક ખાદ્ય સંસ્થાનો સામે કાર્યવાહી થઈ છે.

# ૯૭ ટકા મૂર્તિઓનું કૃત્રિમ તળાવમાં વિસર્જન

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ નૈસર્ગિક જળાશયોમાં ગણેશમૂર્તિઓના વિસર્જનને કારણે થતા પર્યાવરણના નુકસાનને ઓછું કરવાની દૃષ્ટિએ મુંબઈ મહાનગરપાલિકા દ્વારા પર્યાવરણને અનુકૂળ વિસર્જન પર ભાર આપવામાં આવ્યો હતો. આ માટે મુંબઈમાં વિવિધ સ્થળે ૩૮૩ કૃત્રિમ તળાવની વ્યવસ્થા કરવામાં આવી હતી અને આનંદના સમાચાર એટલે મુંબઈના ગણેશભક્તો ૯૭ ટકાથી વધુ મૂર્તિઓનું આ કૃત્રિમ તળાવમાં વિસર્જન કરી પર્યાવરણ-મિત્ર બન્યા હતા.

બીએમસીના જણાવ્યા અનુસાર આ વર્ષે બૃહન્મુંબઈ ક્ષેત્રમાં ૧,૯૭,૩૮૨ ગણેશમૂર્તિનું વિસર્જન કરવામાં આવ્યું હતું, જેમાંથી છ ફૂટની ઊંચાઈ સુધીની ૧,૯૨,૨૩૭ પ્રતિમાનું વિસર્જન કૃત્રિમ તળાવમાં કરાયું હતું.

પર્યાવરણ અનુકૂળ ગણેશોત્સવની અપીલ મહાપાલિકા દ્વારા કરવામાં આવી હતી અને તે અંગે જનજાગૃતિનું કાર્ય પણ કરાયું હતું. આ પહેલને પ્રોત્સાહન આપવા માટે મહાપાલિકા પ્રશાસન દ્વારા ગણેશોત્સવ અગાઉથી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી હતી. મૂર્તિકારોને વિનામૂલ્ય ૯૪૦ મેટ્રિક ટનથી વધુ શાડૂ માટી પૂરી પાડવામાં આવી હતી તો ૨૫,૪૦૦ લિટર નૈસર્ગિક રંગ આપવામાં આવ્યા હતા. ગણેશ વિસર્જન માટે પાલિકા દ્વારા વિવિધ સ્થળે ૩૮૩ કૃત્રિમ તળાવની વ્યવસ્થા કરાઈ હતી. આ તળાવો સોસાયટી નજીકના ખાલી પ્લૉટ્સ, ઉદ્યાનો અને મેદાનમાં ગોઠવવામાં આવ્યાં હતાં. કૃત્રિમ તળાવોમાં વિસર્જિત કરાયેલી ૧,૯૨, ૨૩૭ મૂર્તિઓમાં ૧,૨૨,૩૯૧ પીઓપીની અને ૬૯,૮૪૬ શાડૂ માટીની મૂર્તિનો સમાવેશ થાય છે. પાલિકા અનુસાર છ ફૂટથી ઊંચી ૫,૩૮૨ ગણેશ પ્રતિમાનું ૬૭ નૈસર્ગિક જળાશયોમાં વિસર્જન કરાયું હતું, જેમાં ૫,૨૫૯ પીઓપીની અને ૧૨૩ શાડૂ માટીની મૂર્તિનો સમાવેશ થાય છે. ગણેશભક્તો પર્યાવરણ-મિત્રો બની રહ્યા હોવાથી વિસર્જન વખતે વિવિધ ચૌપાટીઓ પર લોકોની ભીડ ઓછી જણાઈ હતી, એવું બીએમસીનું કહેવું છે.

**આઈઆઈટી બૉમ્બેના સ્ટુડન્ટની આત્મહત્યા**

## ક્રાઈમ બ્રાન્ચે ૪૦ જણનાં નિવેદન નોંધ્યાં

મુંબઈઃ ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેક્નોલૉજી (આઈઆઈટી) બૉમ્બેના સ્ટુડન્ટ સાહિલ વાકોડેની કથિત આત્મહત્યા પ્રકરણની તપાસ કરનારી મુંબઈ ક્રાઈમ બ્રાન્ચે તેનાં માતા-પિતા અને સાથી વિદ્યાર્થીઓ સહિત ૪૦ જેટલા લોકોનાં નિવેદન નોંધ્યાં હતાં.મધ્ય-સત્રની પરીક્ષામાં ૧૮ સપ્ટેમ્બરે ચેટજીપીટી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા પકડાયાના ગણતરીના કલાકોમાં જ સાહિલ વાકોડેનો મૃતદેહ હોસ્ટેલમાંની રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. તેનાં માતા-પિતા દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં ભૂખ હડતાળ પર બેઠાં હતાં. ક્રાઈમ બ્રાન્ચે તેમનાં નિવેદન નોંધ્યાં હતાં.

માતા-પિતા ઉપરાંત વાકોડેના સાથી વિદ્યાર્થીઓ, આઈઆઈટી હોસ્ટેલ સ્ટાફ અને અન્યોનાં નિવેદન નોંધવામાં આવ્યાં છે. જોકે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો જેમની વિરુદ્ધ નોંધવામાં આવ્યો છે તે પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાનું નિવેદન હજુ નોંધવામાં આવ્યું નથી, એવું અધિકારીએ જણાવ્યું હતું.

તપાસ કરનારી ટીમે વાકોડેના બે મોબાઈલ ફોન, એક લૅપટોપ અને એક ટેબ્લેટ ડિકોડ અને અનલૉક કરવા કલિનાની ફોરેન્સિક સાયન્સ લૅબોરેટરીમાં મોકલ્યા છે. આમાંથી મહત્ત્વના પુરાવા મળવાની અપેક્ષા પોલીસને છે, જે બીટેકના બીજા વર્ષના વિદ્યાર્થી સાહિલને આત્મહત્યા તરફ દોરી જનારો ઘટનાક્રમ સ્થાપિત કરવામાં મદદરૂપ થઈ શકે છે.

આ મામલે પવઈ પોલીસે સાહિલના પિતાની ફરિયાદને આધારે પ્રોફેસર દુલ્લા વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. સાહિલના પિતાએ પોલીસ નિવેદનમાં આક્ષેપ કર્યો હતો કે છેલ્લી મીટિંગમાં પુત્રએ દાવો કર્યો હતો કે પ્રોફેસર દુલ્લા છેલ્લા ત્રણ મહિનાથી જાતિ પરથી અપમાનિત કરતા હતા. આઈઆઈટીના ડિરેક્ટર શિરીષ કેદારેને ઇશારે તે આવું કરતા હતા અને ખોટા કેસમાં ફસાવવાનો ડર બતાવતા હતા. (પીટીઆઈ)

## ભૂખહડતાળનો ત્રીજો દિવસ

### પ્રોફેસર દુલ્લા, ડિરેક્ટર કેદારેની ધરપકડની માગ પર સાહિલ વાકોડેનાં માતા-પિતા મક્કમ

મુંબઈઃ હોસ્ટેલની રૂમમાં આત્મહત્યા કરનારા આઇઆઇટી બોમ્બેના વિદ્યાર્થી સાહિલ વાકોડેનાં માતા-પિતા ઇન્સ્ટિટ્યૂટના પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લા અને ડિરેક્ટર શિરીષ કેદારેની ધરપકડ કરવાની તેમની માગણી પર મક્કમ રહ્યા છે. 'ન્યાય' માટેની તેમની ભૂખ હડતાળનો બુધવારે ત્રીજો દિવસ હતો. દક્ષિણ મુંબઈના આઝાદ મેદાનમાં ચાલી રહેલા આંદોલનમાં ઑલ ઇન્ડિયા સ્ટુડન્ટ્સ ફેડરેશન અને મુંબઈ યુવા કૉંગ્રેસના કેટલાક કાર્યકરો પણ તેમની સાથે જોડાયા હતા. તેમણે સાહિલ માટે ન્યાયની માગણી સાથે તેના ફોટા હાથમાં પકડી રાખ્યા હતા.સાહિલના પિતા રવીન્દ્ર વાકોડેએ મીડિયા સાથે વાત કરવાનો ઇનકાર કર્યો હતો, પણ તેમના વકીલે કહ્યું હતું કે તેમની માગણી અંગે સરકાર તરફથી હજી સુધી કોઇ પ્રતિસાદ મળ્યો નથી.ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઇઆઇટી) બોમ્બેમાં બીજા વર્ષની બીટૅકનો વિદ્યાર્થી સાહિલ ૧૮ સપ્ટેમ્બરે સાંજે હોસ્ટેલની રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળ્યો હતો. પરીક્ષામાં મોબાઇલનો ઉપયોગ કરતા પકડાયા બાદ તેણે અંતિમ પગલું ભર્યું હતું.સાહિલનાં માતા-પિતાએ દાવો કર્યો હતો કે ઇન્સ્ટિટ્યૂટમાં તેમના પુત્રની જાતિને લઇ સતામણી કરવામાં આવતી હતી. (પીટીઆઇ)

# વિપક્ષે સીઈસી સામેના વિરોધના મુદ્દે સંયુક્ત લડાઈ છેડવી જોઈએઃ ઉદ્ધવ ઠાકરે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ બુધવારે ઈન્ડી ગઠબંધનની બેઠકમાં એવો મુદ્દો માંડ્યો હતો કે અત્યારે દેશમાં ભાજપની સરકાર વિરોધી વાતાવરણ છે અને તમામ વિપક્ષે અત્યારે એક થઈને મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશકુમાર સામે મોરચો ખોલીને સંયુક્ત રીતે લડત આપવી જોઈએ.

નવી દિલ્હીમાં યોજાયેલી ઈન્ડી ગઠબંધનની બેઠકમાં વર્ચ્યુઅલ રીતે હાજરી આપતાં, ઠાકરેએ ભારપૂર્વક જણાવ્યું કે મતદાર યાદીઓના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પર વિપક્ષ તરફથી રાજકીય ગરમાગરમીનો સામનો કરી રહેલા કુમારે તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ અથવા તેમને બરતરફ કરવા જોઈએ. 'દેશના લોકોનો મૂડ (બીજેપી) સરકાર વિરુદ્ધ છે. પક્ષો ચૂંટણી પંચ સામે અલગથી વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. બધા વિપક્ષી પક્ષોએ સાથે મળીને વિરોધ પ્રદર્શન કરવા જોઈએ,' એમ શિવસેના (યુબીટી) ના એક નેતાએ ઠાકરેને ટાંકીને માહિતી આપી હતી.

ઈન્ડી ગઠબંધનના એક મુખ્ય પક્ષ કૉંગ્રેસે આ અઠવાડિયાની શરૂઆતમાં સીઈસી સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. કોકરોચ જનતા પાર્ટી (સીજેપી) બીજી ઓક્ટોબરે મધ્ય મુંબઈના દાદરમાં શિવાજી પાર્કમાં વિરોધ પ્રદર્શન કરવા માગતી હતી, પરંતુ પોલીસે આ આંદોલનને મંજૂરી આપવાનો ઇનકાર કર્યો હતો.

શિવસેના (યુબીટી) અને રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ચોથી ઓક્ટોબરે એસઆઈઆર મુદ્દે મુંબઈમાં સંયુક્ત વિરોધ પ્રદર્શન કરશે.

ઉદ્ધવ ઠાકરેએ કહ્યું કે જે રાજ્યોમાં છેલ્લા કેટલાંક વર્ષોમાં મતદાન થયું છે, ખાસ કરીને પશ્ચિમ બંગાળ (એપ્રિલ ૨૦૨૬), જ્યાં તૃણમૂલ કૉંગ્રેસને સત્તામાંથી બહાર કરવામાં આવી હતી, અને મહારાષ્ટ્ર (નવેમ્બર ૨૦૨૪), જ્યાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધને સત્તા જાળવી રાખી હતી, ત્યાં ફરીથી ચૂંટણી થવી જોઈએ. મહારાષ્ટ્રના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન બેઠકમાં એવી માગણી કરી હતી કે આ રાજ્યોમાં મતદાન મતપત્રો દ્વારા થવું જોઈએ.

# હાઈ કોર્ટે ડ્રગ્સ કેસમાં આરોપી મહિલાના આઠ મહિનાના વચગાળાના જામીન મંજૂર કર્યા

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે ડ્રગ્સ કેસમાં જેલમાં બંધ એક મહિલા આરોપીને માનવીય ધોરણે આઠ મહિનાના વચગાળાના જામીન મંજૂર કર્યા છે, જેથી તે તેની બીમાર બાળકીની સંભાળ રાખી શકે. આ બાળકીને વારંવાર તબીબી સારવાર અને દેખરેખની જરૂર છે. જસ્ટિસ મિલિંદ જાધવની સિંગલ બેન્ચે આદેશ પસાર કરતા કહ્યું કે શિશુને તેની માતાની સંભાળની જરૂર છે.

ગયા વર્ષે ડાયરેક્ટોરેટ ઓફ રેવન્યુ (ડીઆરઆઈ) દ્વારા મહિલાની ધરપકડ કરવામાં આવી ત્યારે તે ગર્ભવતી હતી. તેની સામે છ કિલો કોકેઈન લઈ જવાના કથિત આરોપસર નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સીસ (એનડીપીએસ) એક્ટ હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. ત્યારબાદ, પ્રસૂતિ માટે તેને ત્રણ મહિનાના વચગાળાના જામીન આપવામાં આવ્યા હતા. ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ તેણે સમય પહેલાં એક પુત્રીને જન્મ આપ્યો હતો.

તબીબી અહેવાલો મુજબ, બેન્ચે નોંધ્યું કે નવજાત બાળકને શ્વસન સંબંધિત તકલીફ અને બ્રોન્કોપ્યુમ્યુનિયા છે જેના માટે લાંબા સમય સુધી એનઆઈસીયુ સારવારની જરૂર હતી. શિશુને આવી સારવાર આપવામાં આવી હતી, પરંતુ ત્રણ મહિના પછી તે મહિલા બાળક સાથે જેલમાં હાજર થઈ ગઈ હતી અને ત્યારથી તે તેના બાળક સાથે જેલમાં જ રહી છે, એમ બેન્ચે જણાવ્યું હતું.

અદાલતે જણાવ્યું હતું કે શિશુનો ઉછેર જેલને બદલે ઘરના વાતાવરણમાં અને યોગ્ય હોસ્પિટલની દેખરેખ હેઠળ થાય તે વધુ યોગ્ય રહેશે.

અદાલતે મહિલાને આઠ મહિનાના જામીન મંજૂર કર્યા અને તેને મહિનામાં એકવાર સંબંધિત પોલીસ સ્ટેશનમાં હાજર રહેવાનો આદેશ આપ્યો હતો.




**પ્લેટફોર્મ પર પારણુંઃ** માટુંગા રેલવે સ્ટેશનના બોર્ડ પર બાંધવામાં આવેલા પારણામાં ઝૂલી રહેલા આ બાળક માટે તો પ્લેટફોર્મ પર જ પોતાનું ઘર છે. (અમય ખરાડે)

# લોનની વસૂલાત માટે ન જવાનો કેબિનેટ સમિતિનો બૅંકોને આદેશ

મુંબઈઃ મહારાષ્ટ્રના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ બૅંકોને સૂચના આપી છે કે તેઓ પ્રવર્તમાન દુષ્કાળની સ્થિતિને ધ્યાનમાં રાખીને લોનની વસૂલાત માટે ખેડૂતોના ઘરે ન જાય. એક સત્તાવાર નિવેદન અનુસાર, મંગળવારે બાવનકુળેના અધ્યક્ષપદ હેઠળની દુષ્કાળ રાહત અંગેની કેબિનેટ પેટા-સમિતિની બેઠક દરમિયાન આ આદેશ આપવામાં આવ્યો હતો.મહારાષ્ટ્ર સરકારે અપૂરતા વરસાદને પગલે રાજ્યના ૩૫૮ પૈકી ૨૬૫ તાલુકાઓમાં, એટલે કે રાજ્યના ૭૪ ટકા વિસ્તારમાં દુષ્કાળ જાહેર કર્યો છે અને પાક લોનની પુનઃરચના, જમીન મહેસૂલમાં રાહત તથા વીજળીના બિલમાં સબસિડી સહિતનાં રાહત પગલાંની જાહેરાત કરી છે. બાવનકુળેએ અધિકારીઓને સૂચના આપી હતી કે સંકટના સમયમાં પાક લોનની વસૂલાત માટે ખેડૂતોને હેરાન કરવામાં ન આવે. તેમણે મુખ્ય સચિવ રાજેશ અગ્રવાલને રિઝર્વ બૅંક ઓફ ઈન્ડિયા લોન વસૂલાત સ્થગિત કરવા અંગે કોઈ પરિપત્ર બહાર પાડી શકે છે કે કેમ એ જાણવા માટે પણ કહ્યું હતું. પ્રધાને કહ્યું કે જિલ્લા કલેક્ટરો અને પોલીસ અધિકારીઓને પણ સૂચના આપવામાં આવી છે કે તેઓ બૅંકો અને ક્રેડિટ સોસાયટીઓ પાક ધિરાણની વસૂલાત માટે ખેડૂતોનો સંપર્ક ન કરે તે સુનિશ્ચિત કરે. તેમણે ઉમેર્યું કે, સમગ્ર સરકારી તંત્ર - ખાસ કરીને તલાટીઓ, ગ્રામ સેવકો અને કૃષિ અધિકારીઓ પોતપોતાના કાર્યક્ષેત્રમાં હાજર રહે અને પરિસ્થિતિ પર નજર રાખે. બાવનકુળેએ અધિકારીઓને ખેડૂતોને તમામ શક્ય મદદ પૂરી પાડવાની ખાતરી કરવા સૂચના આપી હતી અને જણાવ્યું હતું કે પાકને થયેલા નુકસાનના આકલન અંગેના અહેવાલો પર ખેડૂતોની સહીઓ લેવામાં આવી હતી. (પીટીઆઈ)

# ઑક્ટોબરથી મુંબઈમાં ટ્રાફિક જામ ભૂલી જાઓ!: ૭૫ મિનિટનો પ્રવાસ પૂરો થશે માત્ર પચીસ મિનિટમાં

મુંબઈઃ મુંબઈના રસ્તાઓ પર દરરોજ કલાકો સુધી ટ્રાફિક જામમાં અટવાતા વાહનચાલકો અને રોજબરોજ પ્રવાસ કરનારા નાગરિકો માટે ઓક્ટોબર મહિનામાં સૌથી મોટા રાહતના સમાચાર સામે આવી રહ્યા છે. મળતી માહિતી પ્રમાણે ઓગસ્ટ, ૨૦૨૪થી સમારકામ અને પુનઃનિર્માણ માટે બંધ રાખવામાં આવેલા શહેરના ત્રણ અત્યંત મહત્વપૂર્ણ બ્રિજ ઓક્ટોબરમાં વાહનવ્યવહાર માટે ખુલ્લા મૂકવામાં આવશે. સંબંધિત વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર અહીં ત્રણ જે મહત્ત્વના બ્રિજની વાત કરીએ તો આ બ્રિજમાં સાયન રેલવે બ્રિજ, વિદ્યાવિહાર રેલવે ઓવરબ્રિજ (આરઓબી) અને ગોરેગાંવ ફ્લાયઓવરનો સમાવેશ થાય છે. આ બ્રિજ શરૂ થવાથી પૂર્વ અને પશ્ચિમ ઉપનગરો વચ્ચેનો મુસાફરી સમય સીધો ૭૫ મિનિટથી ઘટીને માત્ર ૨૫ મિનિટ થઈ જશે.

**સાયન રેલવે બ્રિજઃ** બ્રિટિશ કાળનો ૧૧૨ વર્ષ જૂનો સાયન રેલવે બ્રિજ સુરક્ષાના કારણોસર ઓગસ્ટ, ૨૦૨૪થી વાહનવ્યવહાર માટે સંપૂર્ણ બંધ કરી દેવામાં આવ્યો હતો. ટેકનિકલ કારણો અને રેલવે બ્લોકના કારણે આ બ્રિજની કામગીરી અટકી પડી હતી અને બે વખત સમયમર્યાદા વધારવી પડી હતી. હવે તમામ અડચણો દૂર કરી ૧૫મી ઓક્ટોબર સુધીમાં તેને ખુલ્લલો મૂકવાનું આયોજન છે, જેનાથી સાયન સર્કલ, ધારાવી, એલબીએસ માર્ગ અને પૂર્વ-પશ્ચિમ કનેક્ટિવિટીમાં થતી ભયંકર ટ્રાફિક સમસ્યા હળવી થશે.

**ગોરેગાંવ ફ્લાયઓવરઃ** દાદાસાહેબ ફાળકે ફિલ્મ સિટી કનેક્ટિવિટીઃ ગોરેગાંવમાં તૈયાર થયેલો ૧.૨૬ કિલોમીટર લાંબો આ ફ્લાયઓવર પશ્ચિમ એક્સપ્રેસ હાઇવેને સીધો દાદાસાહેબ ફાળકે ફિલ્મ સિટી (ચિત્રનગરી) પરિસર સાથે જોડશે. બ્રિજનું સિવિલ બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. ઓક્ટોબરના બીજા અઠવાડિયામાં આ પુલનું વજન વહન ક્ષમતા પરીક્ષણ (લોડ ટેસ્ટિંગ) કરવામાં આવશે અને ત્યારબાદ ૧૫મી ઓક્ટોબર સુધીમાં તેને વાહનો માટે ખોલી દેવાશે.

# રોહિતે ૧૨,૦૦૦ રન પૂરા કરવામાં સચિન, પૉન્ટિંગ, સંગકારાથી ઝડપીઃ ગિલ ફાસ્ટેસ્ટ કૅપ્ટન

ગુવાહાટીઃ ‘હિટમૅન’ રોહિત શર્માએ શાનદાર કારકિર્દીમાં બુધવારે વધુ એક મોટી સિદ્ધિ ઉમેરી હતી જેમાં તે વન-ડે ફૉર્મેટમાં ૧૨,૦૦૦ રન પૂરા કરનાર વિશ્વનો સાતમો અને ભારતનો ત્રીજો બૅટ્સમૅન બન્યો હતો. તેણે ૨૮૨મી ઇનિંગ્સમાં (૧૨,૯૭૩ બૉલમાં) આ સિદ્ધિ મેળવી છે અને એ રીતે તે સેકન્ડ ફાસ્ટેસ્ટ છે. વિરાટ કોહલીએ ૨૪૨ ઇનિંગ્સમાં (૧૨,૮૫૩ બૉલમાં) ૧૨,૦૦૦ રન પૂરા કર્યા હતા. તેણે ૩૫મી સેન્ચુરી પણ ફટકારી હતી. તે વિશ્વભરના ખેલાડીઓમાં સૌથી વધુ સદી ફટકારનારાઓમાં કોહલી (પંચાવન સદી) અને સચિન (૪૯ સદી) પછી ત્રીજા નંબરે છે. રિકી પૉન્ટિંગ (૩૦ સદી) ચોથા નંબરે છે.

### રોહિતની ૩૫મી સેન્ચુરી

રોહિત ૧૨,૦૦૦ રન પૂરા કરનાર તમામ સાત બૅટ્સમેનોમાં સચિન તેન્ડુલકર, રિકી પૉન્ટિંગ અને કુમાર સંગકારાથી ઝડપી છે, કારણકે આ ત્રણ બૅટિંગ લેજન્ડે ૧૨,૦૦૦ રન અનુક્રમે ૩૦૦, ૩૧૪ અને ૩૩૬ ઇનિંગ્સમાં પૂરા કર્યા હતા. વન-ડેમાં ૧૨,૦૦૦ રન પૂરા કરનારાઓમાં સચિન, કોહલી, પૉન્ટિંગ, સંગકારા, જયસૂર્યા, જયવર્દને અને રોહિતનો સમાવેશ છે.

### ગિલે રોહિતની સામે તેનો જ રેકૉર્ડ તોડ્યો

કૅપ્ટન શુભમન ગિલે ૬૨ બૉલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. તેણે સામા છેડા પર ઊભેલા રોહિત શર્માનો જ ભારતીય વિક્રમ તોડ્યો હતો. રોહિતે ૨૦૨૩ના વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાન સામે ૬૩ બૉલમાં સદી પૂરી કરી હતી.



ગુવાહાટીની અસહ્ય ગરમીમાં ૨૫૫ રનની યાદગાર ભાગીદારી દરમ્યાન રોહિત અને ગિલ.

# મહિલા હૉકીમાં ભારત ૪૪ વર્ષ પછીના પ્રથમ ગોલ્ડથી એક જ ડગલું દૂર

નાગોયાઃ જાપાનની એશિયન ગેમ્સમાં ભારતની મહિલા હૉકી ટીમે બુધવારે સેમિ ફાઇનલમાં સાઉથ કોરિયાને ૨-૦થી હરાવીને ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

શુક્રવારે ભારતનો મુકાબલો ડિફેન્ડિંગ ચૅમ્પિયન ચીન સામે થશે. ચીને જાપાન સામેની સેમિ ફાઇનલમાં ૦-૦ની બરાબરી બાદ શૂટઆઉટમાં ૪-૨થી વિજય મેળવ્યો હતો. ભારતને મહિલા હૉકીમાં ૪૪ વર્ષે ફરી ગોલ્ડ જીતવાની તક છે. આ પહેલાં ૧૯૮૨માં ભારતીય મહિલાઓ એશિયન ચૅમ્પિયન બની હતી.

બુધવારે ભારત વતી બે નિર્ણાયક ગોલ ઇશિકા ચૌધરીએ ૪૪મી મિનિટમાં અને કૅપ્ટન સલિમા ટેટેએ ૪૮મી મિનિટમાં કર્યો હતો. ■

# તીરંદાજીમાં ચિકિતાની જબરદસ્ત સફળતા પછી નિશાનબાજ નીરુ અને તીરંદાજ સાહિલ પણ બીજો ગોલ્ડ મેડલ જીત્યા

નાગોયાઃ જાપાનની એશિયન ગેમ્સમાં બુધવારે સવારે તેલંગણાની ૨૧ વર્ષીય તીરંદાજ ચિકિતા રાવ તનિપર્થીએ ઉપરાઉપરી બે ગોલ્ડ મેડલ પર કબજો કર્યો ત્યાર પછી મંગળવારની ગોલ્ડન ગર્લ નીરુ ઢાંડાએ શૂટિંગમાં બીજો ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. તેના ઉપરાંત તીરંદાજ સાહિલ જાધવે પણ ગોલ્ડ મેડલ પોતાના નામે કર્યો હતો. ટૂંકમાં, બુધવાર બપોર સુધીમાં ભારતે એક જ દિવસમાં ચાર ગોલ્ડ મેડલ જીતી લીધા હતા.

શૂટિંગમાં જાપાનમાં મનુ ભાકરનું કામ નીરુ ઢાંડા પાર પાડી રહી છે. ૨૦૨૪ની પૅરિસ ઑલિમ્પિક્સમાં બે બ્રૉન્ઝ મેડલ જીતનાર હરિયાણાની મનુ ભાકર આ વખતે એશિયન ગેમ્સમાં નિષ્ફળ રહી છે, પરંતુ હરિયાણાની જ નીરુ ઢાંડા બબ્બે સુવર્ણચંદ્રક જીતી છે. તેણે મિક્સ્ડ ટ્રૅપ ટીમ ઇવેન્ટમાં કીનાન ચેનાઈ સાથેની જોડીમાં ફાઇનલમાં ૩૪ના સ્કોર સાથે ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. કતારના મોહમ્મદ અલ-રુમાઇહી તથા રે બૅસિલ ૩૨ના સ્કોર સાથે સિલ્વર જીત્યા હતા. ૨૬ વર્ષીય નીરુનો આ બે દિવસમાં બીજો ગોલ્ડ હતો. મંગળવારે તે વિમેન્સ ટ્રૅપમાં ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીતી હતી.

મહારાષ્ટ્રના સાતારાનો પચીસ વર્ષીય સાહિલ જાધવ પણ બુધવારે ચમક્યો હતો. તેણે સવારે ચિકિતા તનિપર્થી સાથેની જોડીમાં મિક્સ્ડ ટીમ કમ્પાઉન્ડમાં ગોલ્ડ મેડલ જીતી લીધા બાદ હરિયાણાના કુશાલ દલાલ તેમ જ તમિળનાડુના ટી. જી. મણિરત્નમ સાથે મળીને દેશને મેન્સ ટીમ કમ્પાઉન્ડનો સુવર્ણચંદ્રક અપાવ્યો હતો. તેમણે ફાઇનલમાં ચીનના લિઆઓ-લિઉ-શીની ત્રિપુટીને અત્યંત રોમાંચક મુકાબલામાં ૨૩૮-૨૩૭ના તફાવતથી માત આપી હતી.

### ચિકિતા-સાહિલ ઑલિમ્પિક્સ માટે ક્વૉલિફાય થયા

એ પહેલાં, ચિકિતા તનિપર્થીએ કમાલ જ કરી હતી. તેણે બુધવારના એક જ દિવસમાં બે ગોલ્ડ મેળવ્યા હતા. તેણે પ્રીતિકા પ્રદીપ તથા જ્યોતિ સુરેખા વેન્નમ સાથે મળીને મહિલાઓના ટીમ કમ્પાઉન્ડ વર્ગમાં ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ચિકિતાએ પછીથી સાહિલ જાધવ સાથેની જોડીમાં ભારતને આર્ચરીમાં મિક્સ્ડ ટીમ કમ્પાઉન્ડનો સુવર્ણચંદ્રક પણ અપાવ્યો હતો. ચિકિતા-સાહિલે આ મેડલ મેળવવાની સાથે ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં એન્ટ્રી પણ મેળવી લીધી હતી. તીરંદાજીની કમ્પાઉન્ડ મિક્સ્ડ ટીમ ઇવેન્ટમાં બે વર્ષ પછીની ઑલિમ્પિક ગેમ્સમાં ક્વૉલિફાય થનાર ભારત પ્રથમ દેશ બન્યો છે.





ચિકિતા તનિપર્થી અને સાહિલ જાધવ.



કીનાન ચેનાઇ સાથે નીરુ ઢાંડા (પીટીઆઇ)

### બુધવારે આ ત્રણ બ્રૉન્ઝ પણ મળ્યા

બુધવારનો દિવસ ભારત માટે શુકનિયાળ નીવડ્યો, કારણકે ચાર ગોલ્ડ મેડલ ઉપરાંત ત્રણ બ્રૉન્ઝ મેડલ પણ ભારતની ઝોળીમાં આવ્યા હતા. મહિલા બૉક્સિંગના ૬૦ કિલો વર્ગમાં પ્રિયા ઘંઘાસે તથા પુરુષોની બૉક્સિંગમાં કપિલ પોખરિયા ૯૦ કિલો વર્ગમાં તેમ જ કુસ્તીમાં સુનીલ કુમારે મેન્સ ગ્રેકો-રોમન ૮૭ કિલો વર્ગમાં બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો. ■

# બૅટ્સમેનોનું આવી બન્યું સમજો...ક્રિકેટના ઘડવૈયા નવા કાયદા લાવી રહ્યા છે

નવી દિલ્હીઃ દિલ્હી ક્રિકેટ અસોસિયેશન દ્વારા બુધવારે અહીં આયોજિત ‘લૉઝ ઑફ ક્રિકેટ-૨૦૨૬ અમ્પાયર્સ વર્કશૉપ’ વખતે ક્રિકેટના ઘડવૈયા તરીકે જાણીતી મૅરિલબૉન ક્રિકેટ ક્લબ (એમસીસી)ના ચીફ ફ્રેઝર સ્ટુઅર્ટે ફીલ્ડિંગ કરતી ટીમને ફાયદો થઈ શકે એ રીતે કાયદામાં ફેરફાર કરવાનો સંકેત આપતા જણાવ્યું હતું કે ‘બૅટ અને બૉલ વચ્ચે સંતુલન જળવાય એ ક્રિકેટની રમત માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે.’

ખાસ કરીને ટી-૨૦ને કારણે ક્રિકેટની રમતનો ઝોક બૅટ્સમેનો તરફ વધી રહ્યો છે. આ સંજોગોમાં એમસીસીની યોજના પર પ્રકાશ પાડતાં સ્ટુઅર્ટે પીટીઆઇને કહ્યું હતું કે ‘એમસીસી સતતપણે બૅટિંગ-બોલિંગ વચ્ચેની સમતુલા જાળવવા પ્રયત્નશીલ રહે છે. ક્રિકેટની રમતમાં સંતુલન જળવાય એ ખૂબ આવશ્યક છે. ૨૦૧૭ની સાલમાં અમે બૅટનું કદ ઘટાડ્યું હતું કે જેથી બૉલ વિરુદ્ધ બૅટની તાકાત (બૉલ પર બૅટનું વર્ચસ્વ) મર્યાદામાં રહે.’

સ્ટુઅર્ટે કહ્યું, ‘૨૦૧૭ની સાલના ફેરફારથી બૅટ-બૉલ વચ્ચે થોડી સમતુલા લાવવામાં મદદ જરૂર મળી છે, પરંતુ હજી પણ બૅટનું પ્રભુત્વ વધુપડતું જણાય છે. બૅટ્સમેનો જો વધુને વધુ મજબૂત બનતા જાય તો એ અમે રોકી ન શકીએ. તેઓ જિમનેશ્યમમાં વર્કઆઉટ કરીને રમવા આવતા હોય છે અને અગાઉના વર્ષોની તુલનામાં અલગ જ પ્રકારની આક્રમક બૅટિંગ કરતા હોય છે.’

પહેલી ઑક્ટોબરથી (ગુરુવારથી) એકથી વધુ દિવસની મૅચો માટે નિયમોમાં ફેરફાર આવી રહ્યા છે કે જેનાથી બોલિંગ કરનારી ટીમને વધુ ફાયદો થાય. એમસીસીએ કાયદામાં નાના-મોટા કુલ ૭૩ ફેરફાર કર્યા છે. એક નવો ફેરફાર એ કરાયો છે જેમાં મલ્ટિ-ડે મૅચ (ખાસ કરીને ટેસ્ટ મૅચ)માં જો કોઈ દિવસની અંતિમ ઓવરમાં વિકેટ પડે તો નવા બૅટ્સમૅને મેદાન પર ઊતરવું જ પડશે. ■

# સિલેક્ટરો સાથેની ગંભીરની મીટિંગમાં આગરકર ગેરહાજર, હવે પ્રજ્ઞાન ઓઝા બની રહ્યો છે નવો ચીફ સિલેક્ટર

ગુવાહાટી/નવી દિલ્હીઃ ભૂતપૂર્વ ભારતીય ફાસ્ટ બોલર અજિત આગરકરની ચીફ સિલેક્ટર તરીકેની મુદત ચોથી ઑક્ટોબર સુધીની છે, પરંતુ એ પહેલાં જ તેના સ્થાને ભૂતપૂર્વ ભારતીય સ્પિનર પ્રજ્ઞાન ઓઝાને એ મોટી જવાબદારી સોંપવામાં આવી રહી હોવાનું મનાય છે.

ભારતના વન-ડે ખેલાડીઓ હાલમાં ઘરઆંગણે વેસ્ટ ઈન્ડિઝ સામે ત્રણ મૅચની સીરિઝ રમી રહ્યા છે જેમાં પ્રથમ મૅચ જીતીને ભારત ૧-૦થી આગળ હતું અને બીજી મૅચ ગઈ કાલે રમાઈ.

મંગળવારે ગુવાહાટીમાં હેડ-કોચ ગૌતમ ગંભીરે સિલેક્શન કમિટી સાથે મીટિંગ રાખી હતી, પણ એમાં ચીફ સિલેક્ટર અજિત આગરકર હાજર નહોતો. ગંભીરે ન્યૂ ઝીલૅન્ડ ખાતેના આગામી પ્રવાસ માટે ટીમ નક્કી કરવા વિશે જે ચાર સિલેક્ટર સાથે લાંબી ચર્ચા કરી એમાં શિવ સુંદર દાસ, અજય રાત્રા, આર. પી. સિંહ અને ૨૪ ટેસ્ટ રમી ચૂકેલા પ્રજ્ઞાન ઓઝાનો સમાવેશ હતો.

આ ચાર સિલેક્ટરોમાંથી પ્રજ્ઞાન ઓઝાને હવે કાર્યકારી ધોરણે ચીફ સિલેક્ટર તરીકેનો હોદ્દો સંભાળી લેવા કહેવામાં આવ્યું હોવાનું આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું હતું. એવું પણ માનવામાં આવે છે કે ઑક્ટોબરના પહેલા અઠવાડિયાથી ચીફ સિલેક્ટર તરીકેનો હોદ્દો સત્તાવાર રીતે પ્રજ્ઞાન ઓઝાને જ સોંપી દેવામાં આવશે. આગરકરે થોડા દિવસ પહેલાં જ બીસીસીઆઇને જણાવી દીધું હતું કે તેઓ હવે મુદત લંબાવવા માટે અરજી કરવા નથી માગતો.

આ મહત્ત્વના હોદ્દાના એક દાવેદાર તરીકે અમદાવાદનો ભૂતપૂર્વ વિકેટકીપર-બૅટ્સમૅન પાર્થિવ પટેલ પણ હતો. જોકે પ્રજ્ઞાન ઓઝા પર કળશ ઢોળવામાં આવી રહ્યો હોવાનું કહેવાય છે.

ન્યૂ ઝીલૅન્ડની લાંબી ટૂરમાં ભારતીય ખેલાડીઓ આગામી ૨૨મી ઑક્ટોબરથી ૨૭મી નવેમ્બર દરમ્યાન પાંચ ટી-૨૦, પાંચ વન-ડે તેમ જ બે ટેસ્ટ મૅચ રમશે. ■

# કોહલી ફરી નંબર-ટૂ, પંચાવનમી સેન્ચુરી અને ૧૫,૦૦૦ રનની સિદ્ધિનું મળ્યું બમ્પર ઇનામ

ગુવાહાટીઃ વિરાટ કોહલી રવિવારે તિરુવનન્તપુરમમાં વેસ્ટ ઇન્ડિઝ સામે સિરીઝની પ્રથમ મૅચમાં વન-ડે કારકિર્દીની પંચાવનમી સદી ફટકારવા ઉપરાંત આ ફૉર્મેટમાં ૧૫,૦૦૦ રન પૂરા કરનાર સચિન પછી વિશ્વનો બીજો ખેલાડી બન્યો એનું તેને આઇસીસી રૅન્કિંગમાં બમ્પર ઇનામ મળ્યું છે. એક સમયનો વર્લ્ડ નંબર-વન વિરાટ નંબર-ટૂ પર આવી ગયો છે.

પાંચમી નવેમ્બરે જિંદગીના ૩૮ વર્ષ પૂરા કરનાર વિરાટ કોહલી રવિવારે કૅરિબિયનો સામે ૧૩૯ રનની મૅચ-વિનિંગ અણનમ ઇનિંગ્સ રમ્યો હતો. તેના રેટિંગ પૉઇન્ટ વધીને ૭૯૬ થઈ ગયા છે. તે જુલાઈ, ૨૦૨૨ બાદ પહેલી વખત આટલા પૉઇન્ટ પર પાછો આવ્યો છે.

વિરાટે રવિવારની શાનદાર સેન્ચુરી સાથે રૅન્કિંગમાં ઊંચી છલાંગ લગાવી છે. તેણે ન્યૂ ઝીલૅન્ડના ડેરિલ મિચલને પાછળ રાખી દીધો છે. તે હવે નંબર-વન પર ઘણા દિવસથી જમાવટ કરનાર શુભમન ગિલથી બહુ દૂર નથી. ગિલના ૮૧૬ પૉઇન્ટ છે. રવિવારે વેસ્ટ ઇન્ડિઝ વિરુદ્ધ ગિલે (૧૧૦ રન) પણ શાનદાર સદી ફટકારી હતી.

ચાઇનામૅન સ્પિનર કુલદીપ યાદવે વેસ્ટ ઇન્ડિઝ સામેની રવિવારની મૅચમાં ચાર વિકેટ લીધી હતી જે બદલ એ દિવસે તેને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર તો મળ્યો જ હતો. હવે આઇસીસીના રૅન્કિંગમાં પણ તેને રૅન્કિંગમાં સુધારાના રૂપમાં ઇનામ મળ્યું છે. તે નવમા સ્થાનેથી પાંચમા નંબર પર આવી ગયો છે. ■

## દેશ વિદેશ

# સાત મહિનાબાદ શાંતિની આશાઃ ઈરાનને મળ્યો અમેરિકાનો જવાબ

દુબઇઃ ઇરાને બુધવારે કહ્યું કે તેને યુદ્ધ સમાપ્ત કરવાના તેના પ્રસ્તાવ પર અમેરિકા તરફથી સત્તાવાર જવાબ મળ્યો છે. જોકે, ઇરાને હજુ સુધી જણાવ્યું નથી કે અમેરિકાએ તેના પ્રસ્તાવને સ્વીકાર્યો છે કે નકારી કાઢ્યો છે. ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ કેબિનેટ બેઠકમાં પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન સમક્ષ અમેરિકાની સરકારનો જવાબ રજૂ કર્યો હતો. સરકારના પ્રવક્તા ફતેમેહ મોહજેરાનીએ સરકારી ન્યૂઝ એજન્સી આઈઆરએનએને આ જાણકારી આપી હતી.

ઇરાની અધિકારીઓએ બુધવારે સંકેત આપ્યો હતો કે તેમને સાત મહિનાથી ચાલી રહેલા યુદ્ધને સમાપ્ત કરવા માટે તેહરાન દ્વારા રજૂ કરાયેલા તાજેતરના પ્રસ્તાવ અંગે અમેરિકાનો સત્તાવાર જવાબ મળ્યો છે નોંધનીય છે કે થોડા દિવસો પહેલા જ અમેરિકાના પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે આ પ્રસ્તાવને જાહેરમાં નકારી કાઢ્યો હતો.

સરકારી પ્રવક્તા ફતેમેહે જણાવ્યું હતું કે, ઇરાનના વિદેશ પ્રધાન અબ્બાસ અરાઘચીએ કેબિનેટની બેઠકમાં રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશ્કિયન સમક્ષ અમેરિકાનો આ જવાબ રજૂ કર્યો હતો.

પેઝેશ્કિયાને કહ્યું હતું કે, અમે આ કરારને સફળ બનાવવા માટે તમામ પ્રયાસો કરીશું અને ઈરાની લોકોના અધિકારો માટે મક્કમતાથી ઊભા રહીશું. હવે આ કરાર ‘વિન-વિન’ વ્યૂહરચના પર આધારિત હોવો જોઈએ.

કેબિનેટની આ બેઠક અરાઘચીના ઇરાન પરત ફર્યા બાદ યોજાઈ હતી. તેઓ ગયા અઠવાડિયે સંયુક્ત રાષ્ટ્ર મહાસભા માટે ન્યૂયોર્ક ગયા હતા. ત્યાં રોકાણ દરમિયાન અધિકારીઓએ અમેરિકાના અધિકારીઓ સાથે વાટાઘાટો કરી હતી અને વિશ્વના નેતાઓની વાર્ષિક બેઠક દરમિયાન કતાર તથા પાકિસ્તાની મધ્યસ્થીઓ સાથે પણ મુલાકાત કરી હતી. (એજન્સી) ■

# મોબાઈલ રિટેલર્સ શુક્રવારે યુપીઆઇ પેમેન્ટ નહીં સ્વીકારે

કોલકાતાઃ ઓલ ઇન્ડિયા મોબાઈલ રિટેલર્સ એસોસિએશન (આઇમરા) એ ૨,૦૦૦ રૂપિયાથી વધુના યુપીઆઈ વ્યવહારો પર પ્રસ્તાવિત ૦.૪ ટકા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) સામે બીજી ઓક્ટોબરે દેશવ્યાપી ‘નો યુપીઆઈ ડે’ વિરોધ પ્રદર્શનની હાકલ કરી છે. એસોસિએશનનું કહેવું છે કે આ ચાર્જ નાના વેપારીઓ પર વધારાનો બોજ નાખશે. એસોસિએશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે વિરોધના ભાગરૂપે, દેશભરના વેપારીઓ પ્રસ્તાવિત ચાર્જ સામે પોતાનો વિરોધ પ્રતીકાત્મક રીતે નોંધાવવા માટે યુપીઆઈ ક્યૂઆર કોડ, સાઉન્ડ બોક્સ અને પેમેન્ટ સ્કેનરને કાળા કપડાથી ઢાંકી દેશે. આઈમરાએ કહ્યું કે પ્રસ્તાવિત એમડીઆર સૂક્ષ્મ, નાના અને મધ્યમ ઉદ્યોગો, દુકાનદારો અને સ્વતંત્ર રિટેલર્સના ‘‘પહેલેથી જ ઓછા‘‘ નફાના માર્જિનને અસર કરશે, જેઓ રોજિંદા વ્યવહારો માટે ડિજિટલ પેમેન્ટ પર નિર્ભર છે. ‘‘એક રાષ્ટ્ર, એક વેપારી સમુદાય, એક અવાજ,‘‘ એવો દાવો કરતા એસોસિએશને નીતિ નિર્માતાઓ, નાણાકીય સંસ્થાઓ અને નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા (એનપીસીઆઈ)ને પ્રસ્તાવિત ૦.૪ ટકા એમડીઆર પર પુનર્વિચાર કરવા અને તેને પાછો ખેંચવા વિનંતી કરી છે. (એજન્સી) ■

# સોમાલી દળોએ હાઈજેક કરેલું ટેન્કર પાછું મેળવ્યુંઃ મૃતકોમાં એક ભારતીય

દુબઇઃ સોમાલિયામાં ચાંચિયાઓ દ્વારા હાઇજેક કરાયેલા ફ્યુઅલ ટેન્કર પર એક ભારતીય નાવિક સાથે પાંચ ક્રૂ સભ્યનાં મોત થયા છે અને અન્ય એક ઘાયલ થયો છે.સોમાલિયાના સુરક્ષા દળોએ જહાજ પર ફરીથી નિયંત્રણ મેળવી લીધું છે ત્યારે સત્તાવાળાઓએ આ માહિતી આપી હતી.

કેન્યામાં ભારતીય હાઈ કમિશને બુધવારે સોશ્યલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે તેઓ એમટી ઓનર પરના ભારતીય ક્રૂ સભ્યના ‘દુઃખદ મૃત્યુથી ખૂબ જ વ્યથિત છે, જેમણે ‘પન્ટલેન્ડ મેરીટાઇમ પોલીસ ફોર્સ દ્વારા હાથ ધરવામાં આવેલા ચાંચિયા-વિરોધી ઓપરેશન દરમિયાન ચાંચિયાઓના હાથે જીવ ગુમાવ્યો હોવાનું જાણવા મળ્યું છે.’

પન્ટલેન્ડ એ સોમાલિયાનું અર્ધ-સ્વાયત્ત રાજ્ય છે.સોમાલિયા માટે રાજદ્વારી પ્રતિનિધિત્વ સંભાળતા આ મિશને જણાવ્યું હતું કે તેઓ મૃતક ભારતીય નાગરિકના પરિવારના સંપર્કમાં છે અને તેમના પાર્થિવ શરીરને સ્વદેશ પરત લાવવાની વ્યવસ્થા સહિત તમામ શક્ય સહાય પૂરી પાડી રહ્યા છે.

‘‘જહાજ પરના અન્ય તમામ ભારતીય નાવિકો સુરક્ષિત હોવાના અહેવાલ છે, જેમાં ’એમટી સિબુ૧’ અને ‘એમટી યુરેકા’ પરના નાવિકોનો પણ સમાવેશ થાય છે, જેમને પણ તાજેતરમાં બચાવી લેવામાં આવ્યા છે,’’ તેમ તેમાં જણાવાયું છે. ■

# યુક્રેન પર રશિયાના મિસાઈલ, ડ્રૉન હુમલાઓ હજી ચાલુ જ છે

કીવઃ યુક્રેનની વાયુસેનાએ મંગળવારે જણાવ્યું હતું કે રશિયાએ કીવ પર બેલેસ્ટિક મિસાઇલો અને ડઝનબંધ જેટ-સંચાલિત ડ્રોન છોડ્યા હતા. મોસ્કો તેની રાજધાની અને અન્ય શહેરો પર દિવસ-રાત બોમ્બમારો કરીને યુક્રેનને દબાણ હેઠળ ઝુકાવવાનો પ્રયાસ કરી રહ્યું છે.

રશિયન હુમલામાં નવા જેટ-સંચાલિત ડ્રોનનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે એટલી ઝડપથી અને એટલી ઊંચાઈએ ઉડે છે કે યુક્રેનની જમીન-આધારિત હવાઈ સંરક્ષણ પ્રણાલીઓ તેને તોડી પાડવામાં અસમર્થ રહે છે. યુક્રેન ઝડપી ’ઇન્ટરસેપ્ટર ડ્રોન’ વિકસાવીને આ ગતિ સાથે તાલ મિલાવવાનો પ્રયાસ કરી રહ્યું છે. આ એ વાતનું તાજેતરનું ઉદાહરણ છે કે કેવી રીતે યુદ્ધે લશ્કરી ક્ષેત્રે નવીનતાને વેગ આપ્યો છે, પરંતુ નવા શસ્ત્રો બનાવવા અને તેને તહેનાત કરવામાં મહિનાઓનો સમય લાગે છે. રશિયાની બેલિસ્ટિક મિસાઇલો પણ યુક્રેનમાં સફળ થઈ ગઈ છે કારણ કે યુક્રેન પાસે અમેરિકા નિર્મિત પેટ્રિઅટ એર ડિફેન્સ ઇન્ટરસેપ્ટર મિસાઇલોની ખૂબ જ અછત છે, જે મોસ્કોના બેલિસ્ટિક હુમલાઓને રોકવાનો એકમાત્ર વિશ્વસનીય માર્ગ છે. પેટ્રિઅટનો ભંડાર ઓછો છે, જે મુખ્યત્વે ઇરાન યુદ્ધને કારણે છે, અને રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સ્કીની વિનંતી છતાં યુક્રેનને આ વર્ષે તેમાંથી ખૂબ જ ઓછી સંખ્યામાં જ મળ્યા છે. યુક્રેને કહ્યું કે તેના હવાઈ સંરક્ષણે રાત્રે બે બેલિસ્ટિક મિસાઇલ તોડી પાડી હતી, જે સૂચવે છે કે કીવને તાજેતરમાં કેટલાક વધુ પેટ્રિઅટ મળ્યા છે. (એજન્સી) ■

# રેડ બુલ ‘એનર્જી ડ્રિંક’ શબ્દને વાપરી શકશેઃ એફએસએસએઆઈનો આદેશ રદ

નવી દિલ્હીઃ દિલ્હી હાઈ કોર્ટે મંગળવારે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા (એફએસએસએઆઇ)નો એ આદેશ રદ કર્યો જેમાં રેડ બુલને તેના ઉત્પાદન પર ‘એનર્જી ડ્રિંક’ શબ્દોનો ઉપયોગ બંધ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો.

ન્યાયાધીશ અમિત મહાજને આ આદેશ પસાર કરતી વખતે નોંધ્યું હતું કે એફએસએસએઆઇએ કંપનીને જવાબ દાખલ કરવાની કે કોઈ સ્પષ્ટતા કરવાની તક આપ્યા વિના જ આ આદેશ પસાર કર્યો હતો. કોર્ટે આદેશ લખાવતી વખતે કહ્યું, ‘‘અરજી મંજૂર કરવામાં આવે છે. (એફએસએસએઆઈનો) વિવાદિત આદેશ રદ કરવામાં આવે છે. પ્રતિવાદી અરજદારની સુનાવણી કર્યા બાદ નવો આદેશ પસાર કરવા માટે સ્વતંત્ર છે.’’

કોર્ટે એમ પણ નોંધ્યું હતું કે આ કેસમાં કુદરતી ન્યાયના સિદ્ધાંતોનું ઉલ્લંઘન થયું છે. (એજન્સી) ■

# ટીએમસી મામલે ચાર મહિનામાં નિર્ણય લેવાનો ચૂંટણી પંચને સુપ્રીમનો આદેશ

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે સોમવારે ચૂંટણી પંચને ઓલ ઇન્ડિયા તૃણમૂલ કોંગ્રેસ(ટીએમસી)ના બે હરીફ જૂથો વચ્ચે પાર્ટીના નામ અને ‘ફૂલ અને ઘાસ’ ચૂંટણી પ્રતીક મુદ્દે ચાલી રહેલા વિવાદનો ચાર મહિનાની અંદર નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ જોયમાલ્યા બાગચી અને વી. મોહનાની ખંડપીઠે હરીફ જૂથોને કહ્યું કે તેઓ ચૂંટણી પંચની સમક્ષ ચાલી રહેલી કાર્યવાહીમાં ચાર અઠવાડિયાની અંદર તેમની દલીલો પૂર્ણ કરે. ખંડપીઠે ચૂંટણી પંચને પાર્ટીઓની દલીલો પૂર્ણ થયાના ત્રણ મહિનાની અંદર આ કેસમાં નિર્ણય લેવાનો નિર્દેશ આપ્યો હતો.

સુપ્રીમ કોર્ટે આ આદેશ પશ્ચિમ બંગાળના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન મમતા બેનર્જી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી અંગે સુનાવણી કરતી વખતે આપ્યો હતો. જેમાં ટીએમસીનું નામ અને પાર્ટીના ચૂંટણી પ્રતીકને ફ્રીઝ કરવાના ચૂંટણી પંચના નિર્ણયને પડકારવામાં આવ્યો હતો. (એજન્સી) ■

# ઈરાકમાંથી પોતાનું સૈન્ય પાછું ખેંચી લીધું અમેરિકાએ

બગદાદઃ અમેરિકી લશ્કરે બુધવારે જાહેરાત કરી હતી કે તેણે ઇરાકમાંથી પોતાના તમામ સૈનિકો પાછા ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ કરી લીધી છે, અને આ સાથે જ ‘ઇસ્લામિક સ્ટેટ’ જૂથ સામે લડવાના ૧૨ વર્ષના અભિયાનનો અંત આવ્યો છે.

બગદાદ અને વોશિંગ્ટન વચ્ચેના કરાર હેઠળ ઉત્તર ઇરાકમાં હાજર રહેલા છેલ્લા હવાઈ મથક પરથી અમેરિકી સૈનિકો રવાના થયા હતા.

અમેરિકા અને ઇરાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષ - જેની અસર ક્યારેક ઇરાક સુધી પણ પહોંચી છે - તેવા માહોલમાં લેવાયેલા આ પગલાને બગદાદે દેશની વધતી જતી તાકાત અને સાર્વભૌમત્વના સંકેત તરીકે ગણાવ્યું હતું.

સૈનિકોની આ વાપસીને ઇરાન-સમર્થિત જૂથોએ આવકારી હતી, પરંતુ અન્ય કેટલાક ઈરાકીઓ, ખાસ કરીને કુર્દિશ વિસ્તારના લોકોમાં ચિંતા પણ ઊભી થઈ હતી.

પેન્ટાગોનના પ્રવક્તા સીન પાર્નેલે એક નિવેદનમાં જણાવ્યું હતું કે ઉત્તર ઈરાકના અર્ધ-સ્વાયત્ત કુર્દિશ વિસ્તારમાં આવેલા ઇર્બિલના એર બેઝ પરથી અમેરિકી સૈનિકો અને સાધનોની ‘‘વ્યવસ્થિત વિદાય‘‘ પૂર્ણ થઈ ગઈ છે. (એજન્સી) ■

# શૅરબજારમાં અંતિમ તબક્કાની વેચવાલી વચ્ચે સેન્સેક્સ ૫૦૦ પોઈન્ટનો સુધારો ગુમાવીને ૭૨,૫૦૦ની નીચે ગબડ્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ક્રૂડ ઓઈલના મજબૂત ભાવ, ગ્લોબલ બોન્ડ યીલ્ડમાં વધારો અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે ખરડાયેલા સેન્ટિમેન્ટ વચ્ચે શેરબજારના મુખ્ય બેન્ચમાર્ક સેન્સેક્સ અને નિફ્ટી બુધવારે સતત ત્રીજા દિવસે ઘટાડા સાથે બંધ થયા હતા.

દિવસ દરમિયાન મેળવેલો તમામ નફો ગુમાવીને, બીએસઈ સેન્સેક્સ અંતિમ સમયમાં થયેલા વેચવાલીના દબાણને કારણે ૪૮.૭૮ પોઈન્ટ અથવા ૦.૦૭ ટકા ઘટીને ૭૨,૪૮૦.૨૯ પર બંધ થયો હતો. દિવસ દરમિયાન તેમાં ૫૩૩.૧૬ પોઈન્ટ અથવા ૦.૭૩ ટકાનો ઉછાળો આવ્યો હતો અને તે ૭૩,૦૬૨.૨૩ની સપાટીએ પહોંચ્યો હતો. જ્યારે એનએસઈ નિફ્ટી ૯૫.૭૫ પોઈન્ટ અથવા ૦.૪૨ ટકા ઘટીને ૨૨,૬૨૦.૪૫ની સપાટીએ બંધ થયો હતો.

ઇટર્નલ, સન ફાર્મા, ટાઇટન, અદાણી પોર્ટ, ટાટા સ્ટીલ અને એચડીએફસી બેન્કના શેર ટોપ લુઝર રહ્યા હતા. જ્યારે સેન્સેક્સના સૌથી વધુ વધનારા શેરોમાં કોટક મહિન્દ્રા બેન્ક, આઇસીઆઇસીઆઇ બેન્ક, ઇન્ટરગ્લોબ એવિયેશન અને એક્સિસ બેન્કનો સમાવેશ હતો. પશ્ચિમ એશિયામાં યુદ્ધની અનિશ્ચિત પરિસ્થિતિ વચ્ચે ક્રૂડ ઓઇલના ભાવમાં સતત ઉછાળા સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી સતત ચાલુ રહેવાથી શેરબજારને વહેલી કળ વળે એવું જણાતું નથી. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડના ભાવ બેરલદીઠ ૦.૫૪ ટકાના વધારા સાથે ૧૦૩.૧૦ ડોલર બોલાયા હતા. વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ પાછલા સત્રમાં મંગળવારે રૂ. ૯૯૮૦.૨૨ કરોડની વેચવાલી નોંધાવી હતી.

જિઓજિત ઇન્વેસ્ટમેન્ટના રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું કે, ઊંચા સ્તરે પ્રોફિટ બુકિંગ અને ત્યારબાદ તેલના ભાવમાં ઉછાળાને કારણે રાહત રેલી તેની ગતિ ગુમાવી બેઠી છે. ગ્લોબલ બોન્ડ યીલ્ડમાં વધારો એક મુખ્ય ઓવરહેંગ બની રહ્યો છે, જે સતત જોખમ લેવાનો અવકાશ મર્યાદિત કરે છે. પ્રવર્તમાન મેક્રો સ્તરની અનિશ્ચિતતા વચ્ચે રોકાણકારો પ્રમાણમાં આકર્ષક મૂલ્યાંકન અને સલામતીના ઊંચા માર્જિન તરફ આકર્ષાયા હોવાથી, ખાસ કરીને બેંકિંગ અને આઇટી ક્ષેત્રોમાં લાર્જ-કેપ શેરોએ વેગ પકડ્યો છે. એકંદર બજારનો અંડરટોન સાવચેતીનો છે; રોકાણકારો ક્રૂડ ઓઇલના ભાવ, બોન્ડ યીલ્ડ, ફુગાવાની અપેક્ષાઓ અને વૈશ્વિક નાણાકીય નીતિ માટે સંભવિત અસરોના માર્ગ પર નજર રાખવાનું ચાલુ રાખે છે. પરિણામે, બજારના સહભાગીઓ પસંદગીયુક્ત રહેવાની શક્યતા છે, જ્યાં સુધી મેક્રોઇકોનોમિક આઉટલુક પર વધુ સ્પષ્ટતા ન થાય ત્યાં સુધી સ્થિતિસ્થાપક કમાણી પ્રોફાઇલવાળા મૂળભૂત રીતે મજબૂત વ્યવસાયોની તરફેણ કરે છે.




સેન્સેક્સ સમાવિષ્ટ સ્ક્રિપ્સમાં કોટક બેન્ક ૨.૮૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૨.૩૧ ટકા, ઈન્ડિગો ૨.૦૫ ટકા, એક્સિસ બેન્ક ૧.૪૧ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૧૮ ટકા, ટેક મહિન્દ્ર ૦.૮૨ ટકા, હિંદુસ્તાન યુનિલિવર ૦.૭૯ ટકા, બીઈએલ ૦.૭૪ ટકા, ટીસીએસ ૦.૬૯ ટકા, મારુતિ ૦.૪૨ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૩૩ ટકા, રિલાયન્સ ૦.૩૦ ટકા અને લાર્સન ૦.૧૧ ટકા વધ્યા હતા, જ્યારે મુખ્યત્વે ઈટર્નલ ૨.૩૧ ટકા, સન ફાર્મા ૨.૧૫ ટકા, ટાઈટન ૨.૦૧ ટકા, અદાણી પોર્ટ્સ ૧.૭૬ ટકા, તાતા સ્ટીલ ૧.૭૬ ટકા, એચડીએફસી બેન્ક ૧.૪૩ ટકા, બજાજ ફાઈનાન્સ ૧.૨૬ ટકા, ઈન્ફોસિસ ૧.૦૪ ટકા, ભારતી એરટેલ ૧.૦૧ ટકા ટ્રેન્ટ ૦.૭૯ ટકા અને બજાજ ફિનસર્વ ૦.૭૦ ટકા ઘટ્યા હતા.

બુધવારે એક્સચેન્જનું માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૭૧.૮૬ લાખ કરોડ રહ્યું હતું, જે અગાઉના કારોબારી દિવસે રૂ. ૪૭૨.૫૦ લાખ કરોડ હતું. આમ માર્કેટ કેપમાં રૂ. ૦.૬૪ લાખ કરોડનો ઘટાડો નોંધાયો હતો. નવા લિસ્ટિંગમાં બુધવારે એડ્રોઇટ ઇન્ડસ્ટ્રીઝના શેર તેના ઇશ્યૂ ભાવ સામે ૮૬.૫ ટકાના જોરદાર પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા હતા, જ્યારે સ્વસ્તિકા ઇન્ફ્રાના શેર આઠ ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થઇને ઉપલી સર્કિટને અથડાયા હતા. ઇલેવેટ કેમ્પસના શેર બે ટકા ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા.આર્મી ઇન્ફોટેકના શેર પણ બે ટકાના ડિસ્કાઉન્ટ સાથે લિસ્ટેડ થયા હતા.

સેકન્ડરી માર્કેટમાં ઢીલા વલણ છતાં પ્રાઇમરી માર્કેટમાં એકશન ચાલુ રહી છે. નિત્યાસ જેમ્સ એન્ડ જ્વેલરીનો રૂ. ૧૦૮.૩૫ કરોડનો, ટીએનએ સોલ્યુશન્સનો ૩૭.૮૬ કરોડનો અને એસજેપી અલ્ટ્રાસોનિકનો રૂ. ૨૩.૪૫ કરોડનો આઇપીઓ ૩૦ સપ્ટેમ્બરે ખુલ્યો છે. એસઆરઆઈટી ઇન્ડિયાનો આઇપીઓ ૩૦ સપ્ટેમ્બરે બંધ થયો છે.

મેઇન બોર્ડમાં વિસાલ નિર્મિતીનો આઇપીઓ આવી રહ્યો છે. રોયલ ચેઇન લિમિટેડ, આઇનોક્સ ક્લિન એનર્જી, એવરબ્રાન્ડસ ઇન્ડિયા લિમિટેડ, જેબી એકોટેક્સ, ક્લાસટેક એન્જિનિયિરિંગ અને અનમોલ ઇન્ડસ્ટ્રીઝે આઇપીઓ માટે સેબી પાસે ડીઆરએચપી ફાઇલ કરાવ્યા છે.

ભારતીય અર્થતંત્ર પર ક્રૂડ ઓઇલના ભાવની મોટી અસર પડે છે. ક્રૂડ ઓઇલના આંચકા સામે ઇથેનોલ ભારતની ઢાલ તરીકે કામ કરે છે, એમ રાજસ્થાનના રાજ્યપાલ હરિભાઉ બાગડેએ મકાઈથી લઈને હળદળના વેપારીઓને એકત્ર કરતી ભારત ઇથેનોલ ફોરમ ૨૦૨૬ના સંબોધનમાં કહ્યું હતું. ટેફલા દ્વારા આયોજિત મેઈઝ માર્કેટ સમિટ, બાયોરિસોર્સિસ અને સર્ક્યુલર ઇકોનોમી સમિટ અને ગ્લોબલ ટરમરિક કોન્ક્લેવ સાથે, ફોરમે કૃષિ, કોમોડિટી અને બાયોફ્યુઅલ ક્ષેત્રના અગ્રણીઓને એક છત્ર નીચે એકઠા કર્યા હતા.બાગડેએ કહ્યું કે ખાંડ મિલો ફક્ત ખાંડ પર ટકી શકતી નથી અને તેમણે ઇથેનોલ જેવા મૂલ્યવર્ધિત પેટા ઉત્પાદનો પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. માત્ર ખાંડનું ઉત્પાદન કરનારી સહકારી મિલોને ભારે નુકસાન થયું છે.

એશિયન બજારોમાં સાઉથ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ નીચા મથાળે ગબડ્યો હતો, જ્યારે સિંગાપોરનો એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ, જાપાનના નિક્કી ૨૨૫ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગસેંગ ઇન્ડેક્સ ઊંચી સપાટીએ પહોંચ્યો હતો.

યુરોપના બજારોમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જ્યારે અમેરિકન માર્કેટ સતત બીજા દિવસે મંગળવારે પણ નીચા મથાળે બંધ રહ્યા હતા. મંગળવારે સેન્સેક્સ ૨૪૨.૬૫ પોઇન્ટ અથવા તો ૦.૩૩ ટકાના ઘટાડા સાથે ૭૨,૫૨૯.૦૭ પોઇન્ટની અને નિફ્ટી ૬૪.૦૫ પોઇન્ટ અથવા તો ૦.૨૮ ટકાના ઘટાડા સાથે ૨૨,૭૧૬.૨૦ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

# ડૉલર સામે રૂપિયામાં બેતરફી વધઘટને અંતે ટકેલું વલણ

મુંબઈઃ ગઈકાલે મોડી સાંજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ અને ક્રૂડ તેલમાં વધ્યા મથાળેથી પીછેહઠ નોંધાતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૧૮ પૈસા મજબૂત થયા બાદ માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં લેવાલી નીકળી હતી અને અંતે ગઈકાલના જ બંધની ૯૫.૯૪ની સપાટીએ ટકેલા ધોરણે બંધ રહ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ જે એક કરતાં વધુ દાયકાની ઊંચી સપાટીએથી પાછી ફરી હોવાને કારણે પણ રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૫.૯૪ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૫.૮૭ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૫.૯૮ અને ઉપરમાં ૯૫.૭૬ સુધી મજબૂત થયા બાદ અંતે ગઈકાલના ભાવ ટૂ ભાવ ૯૫.૯૪ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો સત્ર દરમિયાન ૯૬ની મનોવૈજ્ઞાનિક સપાટી કુદાવીને અંતે સાધારણ ત્રણ પૈસાના સુધારા સાથે બંધ રહ્યો હતો. હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે અમેરિકા અને ઈરાન વચ્ચેની ડીલ અંગે અનિશ્ચિતતા, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયો દબાણ હેઠળ રહે તેવી શક્યતા વ્યક્ત કરતાં મિરે એસેટ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ ઉમેર્યું હતું કે હવે રોકાણકારોની નજર અમેરિકા-ઈરાનનાં અધિકારીઓની મધ્યસ્થીઓની વાટાઘાટોના અહેવાલ ઉપરાંત આજે જાહેર થનારા અમેરિકાના ફુગાવાના અને રોજગારીના ડેટા પર મંડાયેલી રહેશે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૪ ટકા ઘટીને ૧૦૧.૨૩ ડૉલર આસપાસ અને બ્રેન્ટ ક્રૂડ તેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૫૮ ટકા વધીને બેરલદીઠ ૧૦૩.૧૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક સ્તરે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૪૮.૭૮ પૉઈન્ટના અને ૯૫.૭૫ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

# સોનામાં ₹ ૨૨૧નો સુધારો, ચાંદી ₹ ૧૧૬૫ ગબડી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં વધ્યા મથાળેથી ઘટાડો નોંધાતા ફુગાવાલક્ષી દબાણનું જોખમ હળવું થતાં આજે લંડન ખાતે સોનાના ભાવમાં ઘટ્યા મથાળેથી સુધારો આવ્યો હતો, જ્યારે ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ જળવાઈ રહેતાં ભાવઘટાડો આગળ ધપ્યો હતો.જોકે, આજે મોડી સાંજે અમેરિકાનાં ફુગાવાના અને રોજગારીના ડેટાની જાહેરાત થવાની હોવાથી અમુક અંશે રોકાણકારોએ સાવચેતીનો અભિગમ પણ અપનાવ્યો હતો. આમ વૈશ્વિક બજારમાં બન્ને કિંમતી ધાતુઓમાં સામસામા રાહ રહ્યા હોવાથી સ્થાનિક ઝવેરી બજારમાં પણ ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૧૧૬૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૨૦થી ૨૨૧નો સુધારો આવ્યો હતો.



આજે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલે ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત વધુ ભાવઘટાડાના આશાવાદે ઔદ્યોગિક વપરાશકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૧૬૫ ઘટીને રૂ. ૨,૨૦,૪૩૫ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે વિશ્વ બજાર પાછળ હાજરમાં વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૨૦ વધીને રૂ. ૧,૪૭,૨૯૬ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૨૧ વધીને રૂ. ૧,૪૭,૮૮૮ના મથાળે રહ્યા હતા. જોકે, સોનામાં પણ રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની લેવાલી પાંખી રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૪૧૮૮ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ એક ટકો વધીને ૪૨૧૯.૯૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૬૦.૯૮ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતાને ધ્યાનમાં લેતા આ મહિનામાં અત્યાર સુધીમાં સોનાના ભાવમાં ચાર ટકા જેટલો ઘટાડો નોંધાયો છે. હાલમાં સોનાના ભાવની વધઘટ મુખ્યત્વે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવશે કે નહીં તેની અપેક્ષાઓ પર થઈ રહી હોવાનું નેમો મનીનાં વિશ્લેષક જેમી દત્તાએ જણાવતાં ઉમેર્યું હતું કે ગત સપ્તાહે અમેરિકાનાં મજબૂત આર્થિક ડેટા અને ફેડરલના અધિકારીઓ દ્વારા તંગ નાણાનીતિના નિર્દેશો આપવામાં આવતા સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા. જોકે, દગઈકાલે ફેડરલ રિઝર્વ બૅન્ક ઑફ ન્યૂ યોર્કનાં પ્રમુખ જહોન વિલિયમ્સે હળવી નાણાનીતિના સંકેત આપતાં સોનામાં રિબાઉન્ડ જોવા મળ્યું હતું. વિલિયમ્સ કાયમી ધોરણે ફેડરલની બેઠકમાં વ્યાજદરનાં નિર્ણયમાં મત આપતા હોય છે. તેમણે ગઈકાલે જણાવ્યું હતું કે લક્ષ્યાંકિત બે ટકા ફુગાવાની સપાટી હાંસલ કરવા માટે હજુ એક વખત વ્યાજદરમાં વધારો કરવાની જરૂર છે, પરંતુ વ્યાજદર વધારતા પહેલા આર્થિક ડેટાઓનો આધાર હોવો જરૂરી છે. વિલિયમ્સનાં નિવેદન પશ્ચાત્ આજે સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો ફેડરલ રિઝર્વ આગામી ઑક્ટોબર મહિનામાં વ્યાજદરમાં વધારો કરે તેવી ૪૫ ટકા અને ડિસેમ્બરમાં વધારો કરે તેવી ૮૯ ટકા શક્યતા વ્યક્ત કરી રહ્યા હતા. જોકે, આજે રોકાણકારોની નજર મોડી સાંજે જાહેર થનારા અમેરિકાનાં ઑગસ્ટ મહિનાના પર્સનલ કન્ઝમ્પશન એક્સપેન્ડિચરના ડેટા પર સ્થિર થઈ હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# ધાતુમાં સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર મિશ્ર વલણ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વૈશ્વિક બજારમાં ગઈકાલે ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી નરમાઈનું વલણ જોવા મળ્યું હોવાના નિર્દેશો સાથે આજે લંડન મેટલ એક્સચેન્જ ખાતે સત્રના આરંભે કોપર સહિતની ચોક્કસ ધાતુઓના ભાવમાં ઘટ્યા મથાળેથી ધીમો સુધારો જોવા મળ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર વિવિધ ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. જેમાં ખાસ કરીને ટીન, કોપર અને ઝિન્ક સ્લેબના ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૨૭નો સુધારો આવ્યો હતો, જ્યારે બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ અને નિકલમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ રહેતાં ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૧૫નો ઘટાડો આવ્યો હતો, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતા કામકાજે ટકેલું વલણ રહ્યું હતું. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી તેમ જ વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની લેવાલીને ટેકે જે ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૭ વધીને રૂ. ૫૩૨૦, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૪૬૯, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૧૩૦૫, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૧૩૯૧, કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૧૪૦૦ અને કોપર આર્મિચર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૧૩૮૨ અને રૂ. ૪૩૫ના મથાળે રહ્યા હતા.

વધુમાં આજે સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં નિકલના ભાવ કિલોદીઠ રૂ. ૧૫ ઘટીને રૂ. ૧૫૯૫, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૯૬૦, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને રૂ. ૩૫૦ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને રૂ. ૩૦૫ના મથાળે રહ્યા હતા, જ્યારે બ્રાસ શીટ કટિંગ્સ અને લીડ ઈન્ગોટ્સમાં છૂટાછવાયા કામકાજે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૯૯૫ અને રૂ. ૧૯૭ના મથાળે ટકેલા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં વધુ ₹ ૨૦નો ઘટાડો

## ઑક્ટોબરના પહેલા પખવાડિયા માટે ૧૪ લાખ ટન ખાંડ છૂટી કરાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર વેચવાલીના દબાણ સામે સ્થાનિક તેમ જ દેશાવરોની માગ મર્યાદિત રહેતાં ટેન્ડરોના ભાવમાં દબાણ જળવાઈ રહ્યાના અહેવાલો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો ઘટાડો આવ્યો હતો, જ્યારે ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બેનો સાધારણ ગુણવત્તાલક્ષી સુધારો આવ્યો હતો. તેમ જ આજે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. દરમિયાન આજે ખાદ્ય ચીજો અને જાહેર વિતરણ વિભાગ દ્વારા આગામી ઑક્ટોબર મહિનાના પહેલા પખવાડિયા માટે ૧૪ લાખ ટન ખાંડના ક્વૉટાની જાહેરાત કરવાની સાથે સપ્ટેમ્બર મહિનાના વણવેચાયેલા ક્વૉટાને એક્સ્ટેન્શન પણ આપવામાં નથી આવ્યું એમ એક યાદીમાં જણાવ્યું હતું. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની અને રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. તેમ જ મથકો પાછળ હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦ ઘટી આવ્યા હતા અને ઉપલા મથાળેથી રૂ. બેના સાધારણ ગુણવત્તાલક્ષી સુધારા સાથે વેપાર રૂ. ૪૪૮૦થી ૪૫૭૨માં થયા હતા. તેમ જ આજે મથકો પાછળ મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર પણ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. આઠના ઘટાડા સાથે રૂ. ૪૫૯૨થી ૪૮૨૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૩૦૦થી ૪૩૪૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૫૯૨થી ૪૮૨૨માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



## છૂટાછવાયા કામકાજે દેશી-આયાતી તેલમાં ટકેલું વલણ

# ઈન્ડોનેશિયાએ ઑક્ટોબર મહિનાના ક્રૂડ પામતેલ રેફરન્સ રેટ ટનદીઠ ૧૦૪૨.૧૫ ડૉલર નિર્ધારિત કર્યા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં ૧૨ રિંગિટનો ઘટાડો આવ્યો હતો, જ્યારે શિકાગો ખાતે સોયાતેલના વાયદામાં ગઈકાલે ૭૪ સેન્ટ વધી આવ્યા હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલ ઉપરાંત આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે વેપારો છૂટાછવાયા રહેતાં હાજરમાં દેશી અને આયાતી તેલના ભાવમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન આજે ઈન્ડોનેશિયાએ આગામી ઑક્ટોબર મહિના માટે ક્રૂડ પામતેલનાં રેફરન્સ રેટ ટનદીઠ ૧૦૪૨.૧૫ ડૉલર નિર્ધારિત કર્યા છે. આમ હવે ક્રૂડ પામતેલ પરનો નિકાસ વેરો જે અગાઉ ટનદીઠ ૧૪૭ ડૉલર હતો તે વધીને ૧૭૮ ડૉલરની સપાટીએ રહેશે.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૧૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૦૮ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૬૦, મહેશ ઑઈલ રિફાઈનરીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, રિલાયન્સ રિટેલના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૭૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૦, જી-વનના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૧ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૪૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, વેપારો છૂટાછવાયા રહ્યાના અહેવાલ હતા.

આજે રાજકોટ મથકે સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૭૦૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૭૦૦માં ટકેલા ધોરણે થયા હતા. તેમ જ આજે મધ્ય પ્રદેશનાં મથકો પર સોયાસીડની અંદાજે ૨.૫૦ લાખ ગૂણીની આવક સામે મંડીમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૫૨૦૦થી ૫૬૫૦માં અને પ્લાન્ટ ડિલિવરી શરતે રૂ. ૫૭૫૦થી ૫૮૫૦માં થયા હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૭૪૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે ઉકેલ્યો ૨૦૨૨નો ટ્રિપલ મર્ડરનો ભેદ, બાતમીદાર જ સિરિયલ કિલર નીકળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ક્રાઈમ બ્રાન્ચે એક ફિલ્મી સસ્પેન્સ ડ્રામા જેવા કિસ્સામાં વર્ષ ૨૦૨૨ના ટ્રિપલ મર્ડરનો ચોંકાવનારો ભેદ ઉકેલ્યો છે. સુરત જિલ્લાના કોસંબા ખાતે ૨૦૨૨માં શાંતાબેન વસાવાની હત્યા અંગે માધવદાસ સાધુ નામના શખ્સે પોતાની અણબનાવને કારણે અલગ રહેતી પત્ની ઉર્મિલા અને તેના કૌટુંબિક ભાઈને ફસાવવાના આશયથી પોલીસને બાતમી આપી હતી. જોકે, ક્રાઈમ બ્રાન્ચે કૌટુંબિક ભાઈની પૂછપરછ કરતાં તે નિર્દોષ જણાયો હતો. આથી પોલીસને બાતમીદાર પર શંકા ગઈ હતી. જેથી તેની સઘન પૂછપરછ કરાતાં ખુલાસો થયો હતો કે માધવદાસે જ પોતાની પત્ની ઉર્મિલા સાથે મળીને આ હત્યા કરી હતી અને પોલીસને ગેરમાર્ગે દોરવા માટે ખોટી બાતમી આપી હતી.

પોલીસ તપાસમાં સામે આવ્યું હતું કે પત્ની ઉર્મિલા આશરે ૮ મહિનાથી ઘરમાંથી દાગીના, રોકડ અને પુત્રને લઈને અલગ રહેવા જતી રહી હોવાથી માધવદાસ અદાવત રાખતો હતો. ૨૦૨૨માં શાંતાબેનની હત્યા કર્યા બાદ આરોપી દંપતીએ તેમના મૃતદેહને સિમેન્ટ ભરેલા બેરલમાં મૂકી દીધો હતો અને ત્યારબાદ બેરલમાંથી બહાર કાઢી જમીનમાં દાટી દીધો હતો. રીઢા ગુનેગારની જેમ આચરેલા આ ગુના બાદ પત્ની તથા તેના ભાઈને જેલભેગા કરવા માટે માધવદાસે પોતે જ પોલીસનો બાતમીદાર બનીને કાવતરું રચ્યું હતું, પણ ક્રાઈમ બ્રાન્ચની યુક્તિપૂર્વકની પૂછપરછમાં તેનો ભાંડપોડ થઈ ગયો હતો.

આરોપી દંપતીની વધુ પૂછપરછ દરમિયાન વર્ષ ૨૦૨૨માં આચરેલી અન્ય બે મહિલાઓની હત્યાનો ભેદ પણ ઉકેલાયો હતો. જેમાં ટી.બી.ની બીમારીથી પીડાતી ઉર્મિલાની બહેન ભગવતીબેન અને માધવદાસની લકવાગ્રસ્ત માતા મંજુલાબેનની પણ મોઢા પર ઓશીકું દબાવીને હત્યા કરવામાં આવી હોવાની કબૂલાત કરી હતી. આમ, એક ખોટી બાતમીના આધારે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચે વર્ષ ૨૦૨૨માં બનેલા ત્રણ-ત્રણ હત્યાના બનાવોનો પર્દાફાશ કરીને આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી દીધી હતી. ■

# વડોદરામાં ૫૫ કિલો ગાંજાના જથ્થા સાથે એક આરોપીની અટકાયત, બે આરોપી ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા જિલ્લાના પાદરા તાલુકાના આંટી ગામે પોલીસે બાતમીના આધારે દરોડો પાડીને ₹૨૭.૫૦ લાખની કિંમતનો ૫૫ કિલો ગાંજાનો મોટો જથ્થો ઝડપી પાડ્યો હતો. આ કેસમાં પોલીસે એક આરોપીને ગાંજાના જથ્થા સાથે જ ઇલ્યાસ ઉર્ફે શેરૂ અહેમદભાઈ મલેકની સ્થળ પરથી જ અટકાયત કરવામાં આવી હતી. જ્યારે અન્ય બે આરોપીઓ મુસ્તાક રહીમભાઈ મલેક (રહે. આંટી ગામ, ભદારી રોડ) અને બચુભાઈ ડોસુભાઈ પોલીસને જોઈને ફરાર થઈ જતા તેમને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, પાદરા પોલીસને બાતમી મળી હતી કે આંટી ગામના ભદારી વાળા રોડ પર આવેલા લાલકુવા વિસ્તારમાં એક ખેતરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિ ચાલી રહી છે. આ બાતમીના આધારે પોલીસે ત્વરિત કાર્યવાહી કરીને ખેતરમાં આવેલા ઘોડાના તબેલામાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન તબેલાની અંદર ખાડો ખોદીને છુપાવેલો ૫૫ કિલો ગાંજાનો જથ્થો મળી આવ્યો હતો. આ ગાંજાની અંદાજિત કિંમત ₹૨૭,૫૦,૦૦૦ હોવાનું માનવામાં આવી રહ્યું છે. પોલીસે ગાંજા ઉપરાંત એક મોબાઇલ ફોન, વજનકાંટો અને રોકડ રકમ પણ કબ્જે કરી હતી. ■

# ગાંધીનગર મનપાની ચૂંટણીમાં ભાજપે પાટીદારોને ટિકિટ નહીં આપી અન્યાય કર્યાની પત્રિકા વાઈરલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ ગયું છે. ચૂંટણી ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજકીય પક્ષો એકેય બેઠક બિનહરીફ કરાવી શક્યા નહોતા.

૧૧ વોર્ડની ૪૪ બેઠકો પર ભાજપ, કોંગ્રેસ અને આપ વચ્ચે રાજકીય જંગ જામશે. ભાજપ અને કોંગ્રેસના ૪૪-૪૪, આમ આદમી પાર્ટીના ૩૨, બહુજન સમાજ પાર્ટી તથા અપક્ષો મળીને અન્ય ૧૦ ઉમેદવારો ચૂંટણી લડશે. આ દરમિયાન ગાંધીનગર કોર્પોરેશનની ચૂંટણીમાં ભાજપે પાટીદારોને ટિકિટ નહીં આપી અન્યાય કર્યાની પત્રિકા વાયરલ થતાં ચકચાર મચી ગઈ છે.

ગાંધીનગરના વોર્ડ નંબર ૧૦માં ભારતીય જનતા પાર્ટી વિરુદ્ધ એક અનામી પત્રિકા સોશિયલ મીડિયા પર જોરદાર વાયરલ થતાં સ્થાનિક રાજકારણમાં મોટો ગરમાવો આવી ગયો છે. ચૂંટણી ટાણે સામે આવેલી આ પત્રિકામાં સ્થાનિક માણસા પાટીદાર સમાજ સાથે અન્યાય અને ઉપેક્ષા થઈ હોવાના ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે, જેના કારણે સંગઠન અને પક્ષના સમીકરણોમાં ખળભળાટ મચી ગયો છે.

સોશિયલ મીડિયામાં ફરતી થયેલી પત્રિકામાં જણાવાયું હતું કે, વોર્ડ નં. ૧૦માં માણસા પાટીદાર સમાજ સૌથી વધુ વસ્તી અને નિર્ણાયક મતબેંક ધરાવે છે. વર્ષોથી આ સમાજ નિષ્ઠાપૂર્વક ભાજપની પડખે ઊભો રહીને પક્ષને વિજય અપાવતો આવ્યો છે. આમ છતાં, આ વખતે ટિકિટ વિતરણમાં નિર્ણાયક પ્રભુત્વ ધરાવતા માણસા પાટીદાર સમાજના એક પણ દાવેદારને ટિકિટ આપવામાં આવી નથી. બીજી તરફ, માત્ર ૫૦૦ જેટલા મત ધરાવતા રાયસણ સમાજના એક ચોક્કસ જૂથમાંથી એકસાથે બે ઉમેદવારોને ટિકિટ ફાળવી દેવાતાં સમાજમાં પક્ષપાતી વલણ સામે ભારે રોષ ફાટી નીકળ્યો છે.

વાયરલ પત્રિકામાં જાગો સ્વાભિમાન જગાડો - હક અને અધિકારની લડાઈ શીર્ષક હેઠળ ખુલ્લો આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો છે. તેમાં જણાવવામાં આવ્યું છે કે માણસા પાટીદાર સમાજના 'રૂપિયો એકતાલીસ ગામ' અને 'પાયલી અડતાલીસ ગામ' સમાજ એક થઈને કુલ 'સવા રૂપિયો'ની એકતા સાથે પોતાની તાકાત બતાવશે. પક્ષે સમાજની વફાદારીને મજબૂરી સમજી લીધી હોવાથી હવે પોતાના સ્વાભિમાન અને હક માટે અવાજ ઉઠાવવો અનિવાર્ય બની ગયો હોવાનો સૂર પત્રિકામાં વ્યક્ત કરાયો છે.

પત્રિકાના અંતમાં વોર્ડ નં. ૧૦ના માણસા પાટીદાર સમાજ અને વિસ્તારના જાગૃત નાગરિકોને જો જગ્યા નહીં, તો હવે વોટ પણ નહીં નો નારો આપી એકજૂટ થવા અપીલ કરવામાં આવી છે. આગામી મતદાનના દિવસે ભાજપ વિરુદ્ધ મતદાન કરી સમાજની ઉપેક્ષાનું કેવું મોટું પરિણામ આવી શકે તેનો અહેસાસ કરાવવાની ખુલ્લી ચીમકી અપાઈ છે.

નોંધનીય છે કે આ પત્રિકામાં કોઈ ચોક્કસ વ્યક્તિનું નામ નથી, પરંતુ નિવેદક તરીકે સમસ્ત માણસા પાટીદાર સમાજ (રૂપિયો અને પાયલી) તથા જાગૃત નાગરિકો દર્શાવવામાં આવ્યા છે. ગાંધીનગર મનપાનું ૧૧ ઓક્ટોબરે મતદાન થશે અને ૧૩ ઓક્ટોબરે પરિણામ જાહેર થશે. ■

# ગુજરાત સરકાર ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર તથા રાગીની ખરીદી કરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતના ખેડૂતોને તેમના ઉત્પાદનના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ખરીફ માર્કેટીંગ રાજ્ય સરકાર દ્વારા લઘુતમ ટેકાના ભાવે ડાંગર, મકાઈ, બાજરી, જુવાર તથા રાગીની ખરીદી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., મારફતે કરવામાં આવશે. ડાંગર, બાજરી, જુવાર, મકાઈ તથા રાગીની ખરીદી ૧૬ નવેમ્બરથી ૧૫ જાન્યુઆરી સુધી ખરીદી માટે નિર્ધારિત સમય નક્કી કરવામાં આવ્યો છે.

સરકાર દ્વારા ખરીફ માર્કેટિંગ સિઝન ૨૦૨૬-૨૭ માટે જે પાકોના ટેકાના ભાવ નક્કી કરવામાં આવ્યા છે. તેમાં ડાંગર (કોમન): રૂ. ૨,૪૪૧/- પ્રતિ ક્વિન્ટલ, ડાંગર (ગ્રેડ-એ): રૂ. ૨,૪૬૧/- પ્રતિ ક્વિન્ટલ, મકાઈ: રૂ. ૨,૪૧૦/- પ્રતિ ક્વિન્ટલ, બાજરીઃ રૂ. ૨,૯૦૦/- પ્રતિ ક્વિન્ટલ (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ), જુવાર (હાઈબ્રીડ): રૂ. ૪,૦૨૩/- પ્રતિ ક્વિન્ટલ (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ), જુવાર (માલદંડી): રૂ. ૪,૦૭૩/- પ્રતિ ક્વિન્ટલ (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ), રાગીઃ રૂ. ૫,૨૦૫/- પ્રતિ ક્વિન્ટલ (ઉપરાંત વધારાનું બોનસ રૂ. ૩૦૦/- પ્રતિ ક્વિન્ટલ) નો સમાવેશ થાય છે.

ટેકાના ભાવે પાક વેચાણ કરવા માંગતા તમામ ખેડૂતો માટે ઓનલાઇન નોંધણી પ્રક્રિયા શરૂ થશે. લઘુત્તમ ટેકાના ભાવે પાક વેચાણ કરવા ઇચ્છતા ખેડૂતોએ ૨ થી ૩૧ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. ટેકાના ભાવે પાક વેચાણ કરવા માંગતા તમામ ખેડૂતો મિત્રોએ ઓનલાઇન નોંધણી કરાવવા નિગમ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

સમગ્ર રાજ્યમાં સ્થાનિક ગ્રામ્ય કક્ષાએ વીસીઈ મારફતે આ નોંધણી કરવામાં આવશે. ખેડૂત ખાતેદારોના બાયોમેટ્રિક ઓથેન્ટિકેશન દ્વારા આ પ્રક્રિયા પૂર્ણ થશે. ઓનલાઇન નોંધણી માટે જરૂરી પુરાવા જેવા કે, આધાર કાર્ડની નકલ, તાજેતરનો ગામ નમૂનો, ૭/૧૨, ૮/અ તેમજ પાકની વાવણી અંગેની એન્ટ્રી ૭/૧૨ કે ૮/અ ન થઈ હોય તો તલાટીના સહી-સિક્કા વાળો દાખલો, ખેડૂતના નામના બેંક ખાતાની વિગત, બેંક પાસબૂકની ઝેરોક્ષ નકલ અથવા કેન્સલ ચેકની નકલ સાથે લાવવાનો પણ અનુરોધ કરાયો છે. ■

# બીમાર પત્નીને મળવા માટે આસારામની હંગામી જામીન અરજી ગુજરાત હાઈ કોર્ટે ફગાવી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : નરોડાની શેલ્બી હોસ્પિટલના આઈસીયુમાં સારવાર હેઠળ રહેલી પોતાની ૮૩ વર્ષીય પત્ની લક્ષ્મીદેવીને મળવા માટે આસારામે પોલીસ જાપ્તા હેઠળ પોતાના ખર્ચે હંગામી જામીન માગ્યા હતા. બચાવ પક્ષ તરફથી પત્નીને મળવા સિવાય અન્ય કોઈ હેતુ ન હોવાની રજૂઆત કરવામાં આવી હતી. જોકે, ક્રાઇમ બ્રાન્ચના મહિલા સેલના એસીપી દ્વારા રજૂ કરાયેલા મેડિકલ રિપોર્ટને આધારે ગુજરાત હાઇકોર્ટે નોંધ્યું હતું કે, લક્ષ્મીદેવીની સ્વાસ્થ્ય સ્થિતિ હાલ સ્થિર છે, તબીબો અને સંબંધીઓ તેમની સાથે છે અને આગામી ૨ થી ૩ દિવસમાં તેમને ડિસ્ચાર્જ પણ કરી દેવામાં આવશે.

જેથી પત્નીની સ્થિતિ ચિંતાજનક ન હોવાનું સ્પષ્ટ થતાં અને આસારામના ભૂતકાળના વર્તનને ધ્યાનમાં રાખીને અદાલતે હંગામી જામીન આપવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો હતો. જોકે, અદાલતે એવી ટિપ્પણી કરી હતી કે, જો આસારામ પોતાની પત્ની સાથે વાત કરવા ઇચ્છતા હોય તો તેઓ જેલ સુપ્રિટેન્ડેન્ટ દ્વારા વીડિયો કોન્ફરન્સિંગ મારફતે વાતચીત કરી શકે તે માટે જરૂરી વ્યવસ્થા કરી આપવામાં આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે, ગાંધીનગરની સેશન્સ કોર્ટે વર્ષ ૨૦૨૩માં દુષ્કર્મના કેસ હેઠળ આસારામને આજીવન કેદની સજા ફટકારી હતી, જે અપીલ હાલ હાઇકોર્ટમાં પેન્ડિંગ છે અને તેઓ અત્યારે રાજસ્થાનની જોધપુર જેલમાં બંધ છે. અગાઉ રાજસ્થાન હાઇકોર્ટે ૩ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ૨૦ દિવસની પ્રથમ પેરોલ મંજૂર કરી હતી, પરંતુ ગુજરાત હાઇકોર્ટે ૮ સપ્ટેમ્બરે હંગામી જામીન આપવા ઇનકાર કર્યો હતો. સુપ્રીમ કોર્ટે પણ ૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ સ્વાસ્થ્ય બગડે તો સીધા સુપ્રીમ કોર્ટ સમક્ષ રજૂઆત કરવાની છૂટ આપેલી છે. ■

# સરદાર સરોવર નર્મદા ડેમ ૧૩૮.૬૮ મીટરની મહત્તમ સપાટીએ છલકાયો, ભૂપેન્દ્ર પટેલે જળ પૂજન કર્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : ગુજરાતમાં જળક્રાંતિ અને કૃષિક્રાંતિની જીવાદોરી સમાન નર્મદા યોજનાના સરદાર સરોવર ડેમની જળ સપાટી તેની મહત્તમ ૧૩૮.૬૮ મીટર એટલે કે, ૪૫૫ ફુટ પહોંચી છે. સીએમ ભૂપેન્દ્ર પટેલે લોકમાતા નર્મદાના પાવન જળની આરાધના બુધવારે બપોરે સરદાર સરોવર ડેમ સાઈટ એકતા નગર પહોંચીને જળ પૂજન અને વધામણાંથી કર્યા હતાં. સીએમ દ્વારા ૧૦,૪૫૩ ગામો, ૧૯૧ શહેરો તથા ૦૭ મહાનગર પાલિકાઓને એમ કુલ મળીને ગુજરાતની આશરે ૪ કરોડથી વધુ પ્રજાને પીવાનું પાણી પુરું પાડતા આ સરદાર સરોવર નર્મદા ડેમ પ્રોજેક્ટનું જળાશય પૂર્ણ સપાટીએ છલકાતાં જળ રાશિનું ઉમંગ અને ઉલ્લાસમય વાતાવરણમાં વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે પૂજન કરવામાં આવ્યું હતું.

૨૦૧૭માં ૧૭મી સપ્ટેમ્બરે સરદાર સરોવર ડેમનું રાષ્ટ્રાર્પણ થયું તે પછી આ ડેમ અત્યાર સુધીમાં કુલ ૦૭ વખત - વર્ષ ૨૦૧૯, ૨૦૨૦, ૨૦૨૨, ૨૦૨૩, ૨૦૨૪ અને ૨૦૨૫ તથા ૨૦૨૬માં તેની મહત્તમ સપાટીએ ભરાયો છે. નર્મદા ડેમની ૧૩૮.૬૮ મીટર (૪૫૫ ફુટ) સપાટીએ કુલ જળ સંગ્રહ ક્ષમતા ૯૪૬૦ મીલીયન ઘન મીટર છે.

નોંધનીય છે કે, ચાલુ ચોમાસામાં સુજલામ-સુફલામ અને સૌની યોજના દ્વારા ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છને પાણીનું વિતરણ કર્યું છે. સુજલામ સુફલામ યોજનામાં ચાલુ જળ વર્ષ દરમિયાન ૨૦૧ એમસીએમ (૭૧૧૮ એમસીએફટી) પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૧૦૨૮ તળાવો ભરવામાં આવ્યા છે. સૌની યોજનામાં ૨૮૮ એમસીએમ પાણી પૂરું પાડવામાં આવ્યું છે અને ૧૬૭ તળાવો, ૧૦૧૪ ચેકડેમ અને ૪૫ ડેમ ભરવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છની જરૂરિયાતો અનુસાર તળાવો, ચેકડેમ, બંધો વગેરે ભરવા માટે પાણી વિતરણ કરવામાં આવેલ છે. રાજ્યની અવિરત પ્રગતિના છડીદાર અને ગુજરાતના પાણીઆરા સમાન આ સરદાર સરોવર નર્મદા ડેમના પૂર્ણ સપાટીએ પહોંચેલા જળરાશિના પૂજન-અર્ચનથી જળ શક્તિની વદંના કરવાની પરંપરા મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સતત ત્રીજા વર્ષે પણ જળ પૂજન કરીને આગળ ધપાવી છે. ■

# મુંબઈમાં ખરાબ હવામાનના લીધે ચાર ફ્લાઈટ્સ વડોદરા ડાઈવર્ટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : મુંબઈ શહેર અને આસપાસના વિસ્તારોમાં વાતાવરણમાં અચાનક પલટો આવતાં અને ગીચ ધુમ્મસના કારણે વિમાન વ્યવહાર પર ગંભીર અસર પડી હતી. વિઝિબિલિટી ઓછી હોવાથી મુંબઈ એરપોર્ટ પર લેન્ડિંગ શક્ય ન બનતાં મુંબઈ જઈ રહેલી ચાર ફ્લાઇટ્સને તાત્કાલિક ધોરણે વડોદરા એરપોર્ટ તરફ વાળી દેવામાં આવી હતી. વડોદરા એર ટ્રાફિક કંટ્રોલર અને એરપોર્ટ ઓથોરિટી દ્વારા ત્વરિત નિર્ણય લઈને તમામ વિમાનોનું વડોદરા ખાતે સુરક્ષિત લેન્ડિંગ કરાવવામાં આવ્યું હતું. ડાયવર્ટ કરાયેલા વિમાનોમાં હૈદરાબાદ, વિજયવાડા અને ઈન્દોરથી આવતી એર ઈન્ડિયાની ત્રણ ફ્લાઈટ્સ તેમજ દિલ્હીથી આવતી ઈન્ડિગોની એક ફ્લાઈટનો સમાવેશ થાય છે. અચાનક શિડ્યુલ બદલાતાં મુસાફરોને ભારે હાલાકી ન પડે તે માટે વડોદરા એરપોર્ટ પ્રશાસન દ્વારા તમામ મુસાફરોને પાયાની સુવિધાઓ અને જરૂરી મદદ પૂરી પાડવામાં આવી હતી. દરમિયાન, મુંબઈમાં હવામાન સાનુકૂળ થતાં જ એરપોર્ટ ઓથોરિટી દ્વારા તમામ વિમાનોને મુંબઈ જવા માટે લીલી ઝંડી આપવામાં આવી હતી. વાતાવરણ ચોખ્ખું થતાં જ હૈદરાબાદથી આવેલી ફ્લાઈટે મોડી રાત્રે ૦૯:૩૦ વાગ્યાના સુમારે મુંબઈ માટે ટેક-ઓફ કરતાં કલાકોથી અટવાયેલા મુસાફરોએ રાહતનો શ્વાસ લીધો હતો. ■

# સાબરકાંઠા ડિ.બેંકના ચેરમેન સામે કાર્યવાહીનો કોર્ટનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકના ચેરમેન હંસાબેન પટેલ સામે હિંમતનગરની પાંચમી એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટે ફોજદારી કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપતાં સહકારી ક્ષેત્રમાં ભારે ખળભળાટ મચી ગયો હતો. કથિત રીતે ખોટા દસ્તાવેજો રજૂ કરીને બેંકની ચૂંટણી લડવાના આક્ષેપો સંદર્ભે કોર્ટે આઈપીસીની કલમ ૪૨૦, ૪૦૬, ૪૬૭, ૪૭૧ અને ૧૧૪ હેઠળ પ્રોસેસ ઈશ્યૂ કરવાનો હુકમ કર્યો છે. આ કેસમાં નાની ડેમાઈ સહકારી મંડળીના ચેરમેન અને સેક્રેટરી સામે પણ કાર્યવાહી કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

આક્ષેપ પ્રમાણે, સહકારી મંડળીના રેકોર્ડ અને દસ્તાવેજોમાં કથિત ગેરરીતિ આચરીને હંસાબેન પટેલે બેંકની ચૂંટણી લડી હતી અને ચેરમેન પદ મેળવ્યું હતું. પોલીસ તપાસ દરમિયાન કોર્ટ સમક્ષ રજૂ કરાયેલા દસ્તાવેજોના આધારે કોર્ટે આ કાર્યવાહી આગળ વધારવાનો નિર્ણય લીધો હતો. જોકે, કાનૂની દ્રષ્ટિએ કોર્ટ દ્વારા પ્રોસેસ ઈશ્યૂ થવું એ આરોપોની અંતિમ પુષ્ટિ કે સાબિતી નથી અને આગળની કાનૂની પ્રક્રિયા બાદ જ સત્ય સામે આવશે. અત્રે ઉલ્લેખનીય છે કે વર્ષ ૨૦૨૩માં હંસાબેન પટેલ બેંકના ઇતિહાસમાં પ્રથમ મહિલા ચેરમેન તરીકે બિનહરીફ ચૂંટાયા હતા. સાબરકાંઠા અને અરવલ્લી બંને જિલ્લાઓમાં આશરે ૧૩૧ શાખાઓ ધરાવતી આ મહત્વપૂર્ણ બેંકના ચેરમેન સામે ફોજદારી કેસની પ્રક્રિયા શરૂ થતાં બંને જિલ્લાના રાજકીય અને સહકારી વર્તુળોમાં ચર્ચા ઘેરી બની છે. હવે આગામી દિવસોમાં કોર્ટ સમક્ષ આરોપીઓની હાજરી અને પુરાવાઓની તપાસ બાદ જ મામલે ચોક્કસ વિગતે જાણવા મળશે. ■

# મહીસાગરના આ. બ્રાન્ચ મેનેજરે ૩૨ લોકોના ખોટા મરણના દાખલા બનાવી ૧૨.૭૬ લાખની ઉચાપત કરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે આવેલી આઈઆઈએફએલ સમસ્તા ફાઇનાન્સ કંપનીમાં આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર દ્વારા રૂપિયા ૧૨.૭૬ લાખની મસમોટી ઉચાપત કરવાનો ચોંકાવનારું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું. કંપનીમાં આસિસ્ટન્ટ બ્રાન્ચ મેનેજર તરીકે ફરજ બજાવતા પંકજ માલ નામના શખ્સે પોતાના પદનો દુરુપયોગ કરીને જીવિત વ્યક્તિઓના બોગસ દસ્તાવેજોના આધારે આ છેતરપિંડી આચરી હતી. આ ઘટના સામે આવ્યા બાદ ફાઇનાન્સ ક્ષેત્રે ભારે ખળભળાટ મચી ગયો હતો.

સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, આરોપી પંકજ માલે કંપનીના ૩૨ જેટલા જીવિત લોનધારકોના બોગસ ડેથ સર્ટિફિકેટ તૈયાર કર્યા હતા. આ બનાવટી મરણના દાખલા રજૂ કરીને તેણે ગેરકાયદેસર રીતે ૩૨ લોન એકાઉન્ટ ક્લોઝ કરી દીધા હતા અને વીમા કે ક્લેમના નામે કુલ ૧૨,૭૬,૬૧૯ રૂપિયાની રકમ મેળવીને પોતાની પાસે રાખી લીધી હતી. આ સમગ્ર કૌભાંડ ત્યારે પ્રકાશમાં આવ્યો જ્યારે કંપનીની વિજિલન્સ ટીમ દ્વારા આંતરિક તપાસ અને વેરિફિકેશન કરવામાં આવ્યું હતું.

કંપનીની વિજિલન્સ તપાસમાં શંકાસ્પદ વિગતો સામે આવતાં ગોધરા એરિયા મેનેજરને જાણ કરવામાં આવી હતી, જ્યાં ઊંડાણપૂર્વકની તપાસ બાદ આસિસ્ટન્ટ મેનેજરની જ સંડોવણી હોવાનો પર્દાફાશ થયો હતો. આ મામલે સંતરામપુર પોલીસ મથકે આરોપી પંકજ માલ વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસે સમગ્ર કેસમાં આગળની કાયદેસરની કાર્યવાહી અને તપાસ શરૂ કરી દીધી હતી. ■

# ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ના વિરોધમાં અમદાવાદના વકીલો ત્રણ ઓક્ટોબર સુધી કોર્ટ કામગીરીથી અળગા રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદમાં ગુજરાત ભાડા વિધેયક-૨૦૨૬ સામે વકીલોએ વિરોધમાં ઉતર્યા છે. આ વિધેયકમાં જરૂરી સુધારા કરવાની માંગ સાથે અમદાવાદ સિટી સિવિલ કોર્ટ બાર એસોસિએશન, સ્મોલ કોઝ કોર્ટ બાર એસોસિએશન અને અમદાવાદ ડિસ્ટ્રિક્ટ બાર એસોસિએશન દ્વારા ૩ ઓક્ટોબર, ૨૦૨૬ સુધી કોર્ટની તમામ ન્યાયિક કામગીરીથી અળગા રહેવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ૨૯ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી જનરલ મીટિંગમાં બાર કાઉન્સિલના સભ્યો, વિવિધ બાર એસોસિએશનના હોદ્દેદારો અને સિનિયર એડવોકેટ્સની ઉપસ્થિતિમાં આ સર્વાનુમતે વિરોધ નોંધાવવાનું નક્કી કરાયું હતું. વકીલોનો મુખ્ય વિરોધ વિધેયકમાં ન્યાયિક સત્તાઓ વહીવટી તંત્રને સોંપવા અંગેની જોગવાઈઓ સામે છે. વકીલોનું માનવું છે કે આ પ્રકારની જોગવાઈઓથી આમ નાગરિકો અને વકીલોના હિતો પર સીધી અસર પડશે. આથી વિધેયકમાં વાજબી સુધારા કરવા માટે આહવાન કરવામાં આવ્યું છે. આ આંદોલનને સફળ બનાવવા માટે આયોજકો દ્વારા વકીલોને નિર્ધારિત દિવસો દરમિયાન કોર્ટ કામકાજથી દૂર રહી શાંતિપૂર્ણ અને ગૌરવપૂર્ણ રીતે પોતાનો વિરોધ દર્શાવવા વિનંતી કરવામાં આવી હતી. આ લડતને સમગ્ર રાજ્યમાં વ્યાપક બનાવવા માટે અમદાવાદના વકીલોનું એક પ્રતિનિધિમંડળ ટૂંક સમયમાં ગાંધીનગર ખાતે રાજ્યપાલને રૂબરૂ મળીને રજૂઆત કરશે. આ સાથે જ ગુજરાતના તમામ જિલ્લા અને તાલુકા મથકોના આશરે ૨૮૦ બાર એસોસિએશનોને પણ આ વિરોધ અને સુધારાની માંગના સમર્થનમાં ઠરાવ પસાર કરી જોડાવા અપીલ કરવામાં આવી છે ■

# વડોદરામાં ગંદકી ફેલાવતા એકમો પાસેથી મનપાએ ૪૫ દિવસમાં રૂપિયા ૧.૧૨ કરોડનો દંડ વસૂલ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ અને સુઘડ બનાવવા માટે અસ્વચ્છતા ફેલાવતા એકમો સામે કડક ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. પાલિકા તંત્ર દ્વારા છેલ્લા ૪૫ દિવસ દરમિયાન કાયદાનો ભંગ કરનારાઓ પાસેથી રૂપિયા ૧.૧૨ કરોડનો દંડ વસૂલવામાં આવ્યો હતો. આ સાથે ગંદકી ફેલાવતા ૧૨૧ જેટલા એકમોને સીલ કરી દેવામાં આવ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મ્યુનિસિપલ કમિશનરે રિવ્યુ બેઠક દરમિયાન શહેરની સ્વચ્છતા વ્યવસ્થામાં કાયમી સુધારો લાવવા માટે વિશેષ એક્શન પ્લાન રજૂ કર્યો હતો અને સુધારો ન કરનારાઓ સામે વધુ કડક પગલાં લેવાની ચેતવણી આપી હતી. મનપાના નવા એક્શન પ્લાન અંતર્ગત, પાલિકા દ્વારા માર્કેટ અને કોમર્શિયલ વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાનને વધુ સઘન બનાવવામાં આવશે. આ સાથે જ શહેરના ફૂટપાથ પરના દબાણો દૂર કરીને વિક્રેતાઓ માટે સુનિશ્ચિત હોકિંગ ઝોન વિકસાવવાની યોજના તૈયાર કરાઈ છે, જેથી જાહેર માર્ગો ખુલ્લા રહે! પર્યાવરણ અને જાહેર આરોગ્યની સુરક્ષાને ધ્યાનમાં રાખીને વિશ્વામિત્રી નદીમાં ગંદા પાણીનો પ્રવાહ રોકવા તેમજ ચોમાસા પછી ડેન્ગ્યુના કેસો અટકાવવા માટે પાણીના સેમ્પલિંગ અને ફોગિંગની કામગીરી તેજ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યાં પ્રમાણે, નાગરિકોની સુવિધા માટે પાણી પુરવઠો, ડ્રેનેજ અને સ્ટ્રીટલાઇટ સંબંધિત ફરિયાદોનો તાત્કાલિક અને અસરકારક નિકાલ થાય તે માટે કમિશનરે અધિકારીઓને કડક આદેશો આપ્યા હતો. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે, કામગીરીમાં સુધારો ન લાવનારા કે લાપરવાહી દાખવનારા અધિકારીઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવશે, જેથી પ્રજાલક્ષી કામગીરીમાં પારદર્શિતા અને ઝડપ લાવી શકાશે. ■

# અમદાવાદ મનપાની ભરતી પરીક્ષાના ગુણાંકમાં વિસંગતતા બાદ મોટો નિર્ણય, ૨૫ ઓક્ટો.એ પરીક્ષા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ : અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એસ્ટેટ અને ટી.ડી.ઓ. વિભાગમાં વિવિધ જગ્યાઓ માટે લેવાયેલી ભરતી પરીક્ષાને લઈને મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. આસિસ્ટન્ટ એસ્ટેટ ઓફિસર, આસિસ્ટન્ટ ટી.ડી.ઓ. તેમજ સહાયક સબ ઈન્સ્પેક્ટરની જગ્યાઓ માટે અગાઉ યોજાયેલી લેખિત પરીક્ષામાં ગડબડ સામે આવ્યા બાદ તંત્ર દ્વારા આ પરીક્ષા રદ કરીને ફરીથી યોજવાનો મોટો નિર્ણય લેવામાં આવ્યો હતો.

વિગતે વાત કરવામાં આવે તો, એએમસી દ્વારા જાહેર કરવામાં આવેલા પત્ર અનુસાર, અગાઉ લેવાયેલી પરીક્ષાના પ્રશ્નપત્રના ગુણાંકમાં વિસંગતતા જણાઈ હતી. આ વિસંગતતાઓને ધ્યાનમાં રાખીને સંબંધિત સંસ્થા દ્વારા સમગ્ર ભરતી પ્રક્રિયાને પારદર્શક રાખવાના હેતુથી પુન પરીક્ષા યોજવાનો નિર્ણય લેવાયો હતો. આ નિર્ણયના કારણે અગાઉ પરીક્ષા આપી ચૂકેલા ઉમેદવારો માટે ફરીથી લેખિત પરીક્ષા આપવી અનિવાર્ય બની ગઈ છે.

સત્તાવાર વિગતો પ્રમાણે, અગાઉની પરીક્ષામાં હાજર રહ્યા હોય તેવા તમામ ઉમેદવારોની પુન પરીક્ષા આગામી ૨૫ ઓક્ટોબરના રોજ યોજવામાં આવશે. તંત્ર દ્વારા ઉમેદવારોને નવી પરીક્ષાની તારીખ અંગે જરૂરી નોંધ લેવા સૂચના આપવામાં આવી છે. પરીક્ષાના પરિણામમાં સામે આવેલી ભૂલો બાદ લેવાયેલા આ નિર્ણયથી ભરતી પ્રક્રિયાનો એક નવો તબક્કો શરૂ થયો છે, જે ઉમેદવારો માટે અત્યંત મહત્વનો પૂરવાર થશે. ■